'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું' સાહિત્ય'

પરમ પૂજ્ય બાપુ

★

લેખકો :
સોપાન : જી.રામચંદ્રન

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ ૨

★

એક રૂપિયો

પ્રત ૫૫૦૦

સંવત ૨૦૦૫

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ દ૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : અમદાવાદ

પ્રકાશકનું નિવેદન

આ શ્રેણીની લોકપ્રિયતા વધતી જાય છે એટલે એમાં નવાં ને નવાં પુસ્તકો ઉમેરવાનું વિચાર્યું છે. શ્રેણીના ધોરણે પહેલાં બે પુસ્તકો બમણાં મોટાં હોવાથી ક્રમાંક ૪ સુધી પહોંચ્યો છે. આ પુસ્તક ૫મું છે. આ પુસ્તક પૂજ્ય ગાંધીજીના જીવનનાં કેટલાંક તેજસ્વી પાસાંઓનું દર્શન કરાવે છે.

પહેલી યોજનામાં પ્રસિદ્ધ થયેલાં ૧૮ પુસ્તકો પ્રજાએ જે રીતે અપનાવી લીધાં છે, એ જોતાં જે ભાવના અને ઉદ્દેશથી આ શ્રેણી શરૂ કરવામાં આવી છે, તે ઘણેખરે અંશે સફળ થઈ છે. આમ નવી શ્રેણીના અમારા સાહસ પ્રત્યે વાચકબંધુઓનાં અનુમતિ અને સહકાર મળ્યાં છે, તેથી અમને ઘણો હર્ષ થાય છે.

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'ના શરૂ થયેલા આ બીજા હપ્તાનાં પુસ્તકોના સંપાદનનું કાર્ય પણ શ્રી. મોહનલાલ–સોપાનને સોંપાયું છે; અને આ બીજી યોજનામાં તેઓ પહેલી યોજના કરતાં વિશેષ ઉપયોગી જનહિતનાં પુસ્તકો આપવાની ઉમેદ રાખે છે.

આ પરમાર્થની યોજના પાછળ જે ખંત અને કાર્યદક્ષતા ભાઈ મોહનલાલ ખર્ચી રહ્યા છે, એ જોતાં આ બીજી યોજના વિશેષ સફળ થાય એમ દેખાય છે. લેખકબંધુઓનો પણ સારો સહકાર મળતો રહ્યા છે. આ રીતે આ સંસ્થા અને આ યોજના પ્રત્યે તેમનો આદર વધતો જતો જણાય છે, તેમાં સર્વેશ્વર પ્રભુની જ કૃપા સમજવી.

આ પુસ્તકના પૂંઠા ઉપરની તસવીર ભાઈશ્રી કનુ ગાંધીની છે, એ માટે એમનો આભાર માનીએ છીએ.

મુંબઈ
તા. ૨૫-૧૨-'૪૮

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

સંપાદકનું નિવેદન

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'ના પાંચમા પુસ્તક તરીકે 'પરમ પૂજ્ય બાપુ'ની પ્રસિદ્ધિ થાય છે, તે વાચકોને ગમશે એવી આશા રાખું છું. પૂજ્ય બાપુ સદેહે આપણી વચ્ચે આજે નથી, પરંતુ આપણા દેશમાં આજે જ્યાંજ્યાં પ્રકાશ છે, ત્યાંત્યાં એમનો આત્મા ઝળહળી રહ્યો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પૂ. બાપુના તપના પ્રભાવે આપણે સ્વાધીન થયા, પરંતુ જે સ્વાધીનતા આજે આપણે ભોગવીએ છીએ, તે પૂ. બાપુએ પસંદ કરેલા ગજથી માપીએ તો તે બહુ ઓછી ઊતરે એમ છે. પૂ. બાપુનું પૂર્ણ સ્વરાજ આપણે પ્રાપ્ત કર્યું નથી. એવું સ્વરાજ એટલે રામરાજ્ય. આ રામરાજ્યની પૂ. બાપુએ આપેલી કલ્પનાથી આપણે ઘણાઘણા દૂર ઊભા છીએ. રામરાજ્યની સ્થાપના આડે એક ગંભીર અંતરાય હતો પરદેશી રાજસત્તાનો, એ અંતરાય દૂર થયો પણ આઝાદીની ઉષા પ્રગટતાં જ આપણી અંદર પડેલાં અનિષ્ટ તત્ત્વો જાગી ઊઠ્યાં. આ તત્ત્વોનો સામનો કરી સ્વાધીનતા આપણે ટકાવી રાખી છે, આજે આપણે મુક્ત પ્રજા તરીકે દુનિયામાં સ્થાન પામી શક્યાએ છીએ, પણ એથી આગળ વધ્યા નથી. આપણો દેશ હજી યે કંગાળ છે, અજ્ઞાન છે, નિર્બળ છે ને રોગથી સપડાયેલો છે. આપણી ચારેબાજુ હિંસા અને દ્વેષનું વાતાવરણ છે. આ સ્થિતિમાં પૂ. બાપુના આદર્શો આપણે સતત યાદ રાખવા જોઈએ ને એ ધ્રુવતારક પ્રમાણે જ આપણા દેશની નૌકા ચલાવવી જોઈએ. આ દિશામાં 'પરમ પૂજ્ય બાપુ'માં અપાયેલી જીવનરેખા ને જીવનપ્રસંગો થોડાક પણ મદદરૂપ થશે તો તેની પ્રસિદ્ધિ સાર્થક ગણાશે.

મુંબઈ
૨૫-૧૨-'૪૮

સંપાદક

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતમાં પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે. ડિસેમ્બર ૧૯૪૮ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો પ્રગટ થયાં છે:

ધર્મ અને તત્ત્વજ્ઞાન

મનને-આવૃત્તિ ૨૭	૩૨	૦-૩	૦-૧
દગ્-દશ્ય વિવેક-સરળ અનુવાદ સાથે ...	૨૪	૦-૨	૦-૧
યક્ષ અને યુધિષ્ઠિર-યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ મૂળ શ્લોકો સાથે સરળ ભાષામાં	૬૪	૦-૩	૦-૧
દત્તાત્રેય-(અવધૂત) દત્તાત્રેયના ૨૪ ગુરુઓનું સંક્ષિપ્ત વર્ણન	૮૦	૦-૩	૦-૧
નીતિશતક-(શ્રીભર્તૃહરિ) સરળ અનુવાદ સાથે -	૮૦	૦-૩	૦-૧
વૈરાગ્યશતક- ,, ,, ,,	૯૬	૦-૪	૦-૧
શિવમહિમ્નઃ સ્તોત્રમ્-મૂળ શ્લોક, અન્વય, અર્થ અને ટિપ્પણ સહિત	૫૬	૦-૩	૦-૧
કણ્ઠાભરણમ્-મુખપાઠ કરવા યોગ્ય પ્રાર્થનામંત્રો-અર્થ સાથે	૬૪	૦-૩	૦-૧
તંત્રની સાધના-લે૦ આચાર્યશ્રી ક્ષિતિમોહન સેનઃ	૭૨	૦-૪	૦-૧
ગીતાસાર-કાકા કાલેલકરઃ ગીતાનું સંક્ષિપ્ત દોહન	૮૦	૦-૪	૦-૧
ગીતાપોથી-ભગવદ્ગીતાની બાળપોથી-કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે	૧૦૪	૦-૬	૦-૧
ગીતાસંકલનઃ-સં૦ શ્રી રમણ મહર્ષિ : બીજાં ત્રણ સંકલનો સાથે	૫૨	૦-૩	૦-૧
શ્રીમદ્ ભગવદ્ગીતા-(૧૨ ને ૧૫ અધ્યાય) શ્લોકો તથા અર્થ સાથે	૪૮	૦-૩	૦-૧
ઉત્તરગીતા-તત્ત્વબોધનો સરળ અનુવાદ-મૂળ શ્લોકો સાથે	૬૪	૦-૬	૦-૧
પ્રેમપન્થ-(૧) લે૦ મ. ગાંધીજીઃ	૬૪	૦-૩	૦-૧
પ્રેમપન્થ-(૨) લે૦ મ. ગાંધીજીઃ	૧૦૪	૦-૪	૦-૧

મણિરત્નમાળા–શંકરાચાર્ય : સરળ અર્થ, શ્લોકો સાથે	૬૬	૦–૧॥	૦–૧
જ્ઞાન અને કર્મ–લે૦ સ્વામી અદ્વૈતાનંદ: ...	૭૨	૦–૩	૦–૧
પરમ પુરુષાર્થ–લે૦ ,, ,, : માનવજીવનનો ઉદ્દેશ	૧૨૦	૦–૬	૦–૧
આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય–લે૦ પંડિત બહેચરદાસ દોશી ...	૪૮	૦–૩	૦–૧
નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે	૬૪	૦–૩	૦–૧
જ્ઞાનનાં ઝરણાં–(આવૃત્તિ ૩જી) લે૦ સ્વામી માધવતીર્થજી:	૬૪	૦–૩	૦–૧
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ–(૧) અનેક રસપ્રદ બોધક પ્રસંગો–ઉપદેશો	૯૬	૦–૬	૦–૧
શ્રીરામકૃષ્ણ ઉપદેશ–બોધદાયક ઉપદેશો ...	૮૮	૦–૫	૦–૧
વિચારસૂર્યોદય–સ્વામીશ્રી માધવતીર્થજી : ...	૬૦	૦–૩	૦–૧
ઉચ્ચ જીવન–ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ: (આ. ૬ઠ્ઠી)	૫૬	૦–૩	૦–૧
ધ્યાન અને જ્ઞાન–લે૦ સ્વામી માધવતીર્થજી : નવી આવૃત્તિ	૪૮	૦–૩	૦–૧
બંસીમાં ભગવાને શું ગાયું ?	૬૪	૦–૩	૦–૧

ચરિત્રો

રામાયણની રહસ્યકથા–રામાયણનાં પાત્રોનો ટૂંકો સાર	૧૬	૦–૧	૦–૧
ભક્ત જલારામ–મહાન પ્રભુભક્તના જીવનપ્રસંગો	૬૪	૦–૩	૦–૧
ચંદ્રહાસ–ભક્ત ચંદ્રહાસની કથા સારરૂપે ...	૬૪	૦–૩	૦–૧
સુદામાચરિત્ર–પ્રેમાનંદકૃત	૬૪	૦–૩	૦–૧
ભક્ત રોહિદાસ–ચરિત્ર	૪૮	૦–૩	૦–૧
શ્રીરામકૃષ્ણ પરમહંસ–(કિશોરો માટે) ...	૮૮	૦–૬	૦–૧
સ્વામી રામતીર્થ–કિશોરો માટે પ્રેરણાદાયી ટૂંકું ચરિત્ર	૭૨	૦–૪	૦–૧
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની રોચક કથા	૫૨	૦–૩	૦–૧
ભક્ત અંબરીષ–ચરિત્ર	૫૬	૦–૩	૦–૧
ભક્તરાજ હનુમાન–ટૂંકું જીવનચરિત્ર... ...	૭૬	૦–૬	૦–૧
શ્રીતૈલંગસ્વામી–વિશુદ્ધાનંદ તથા પોહારીબાબાનાં ચરિત્રો	૮૮	૦–૪	૦–૧
બાળકોના વિવેકાનંદ–લે૦ પ્રફુલ્લ ઠાકોર: ...	૬૪	૦–૪	૦–૧
બાબજી બાપા–આદર્શ સંત	૬૪	૦–૪	૦–૧
સંત કબીર–(સચિત્ર)સચોટ પ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર	૫૬	૦–૩	૦–૧
નાનભટ્ટ બાપા–એક આદર્શ વૈદ્ય (આવૃત્તિ બીજી)	૭૨	૦–૩	૦–૧

સંતવાણી

કબીરની સાખીઓ–	૮૦	૦–૪	૦–૧
છોટમની વાણી–મહાત્મા છોટમનાં ૬૬ પદોનો સંગ્રહ	૭૨	૦–૪	૦–૧
ભક્ત સૂરદાસનાં પદો–ટૂંકા જીવનચરિત્ર સાથે	૮૦	૦–૪	૦–૧
ધીરા ભગતનાં પદો–સં. શ્રી. ડુંગરશી ધરમશી સંપટ:	૮૦	૦–૪	૦–૧
ભોજા ભગતના ચાબખા–સં. ,, ,, ,,	૬૬	૦–૬	૦–૧

વાર્તાઓ–નાટકો

મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**-			
લે૦ સ્વ. કલાપી	૪૮	૦–૩	૦–૧
શ્રમણ નારદ ને પાંડુ ઝવેરી–અનુ: પદ્માવતી દેસાઈ:	૫૨	૦–૩	૦–૧
મહાલસા અને **અલર્ક**–ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ	૬૬	૦–૫	૦–૧
જેસલ ને તોરલ તથા **જાલંધર ને ગોપીચંદ**–સ્વ. કલાપી	૫૬	૦–૩	૦–૧
દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો– ...	૬૬	૦–૬	૦–૧
ધાવણની ધાર અને **બીજી વાતો**–લે૦ ચુનીલાલ મડિયા :			
માનવસ્વભાવ અને લાગણી પ્રગટ કરતી ૪ વાતો	૭૬	૦–૬	૦–૧
કાળમુખી અને **બીજી વાતો**–(સચિત્ર) લે૦ ચુનીલાલ મડિયા :			
કાઠિયાવાડી જીવનની રસિક પણ નિર્દોષ ૫ વાતો	૬૪	૦–૬	૦–૧
સમ્રાટ શ્રેણિક અને **દેવી નંદા**–જૈન સંસ્કૃતિની			
બે નાટિકાઓ	૬૪	૦–૩	૦–૧
કેરીની મોસમ અને **બીજી વાતો**–લેખક: શયદા: માનવ-			
હૃદયની સારી-નરસી લાગણીઓ વ્યક્ત કરતી ૭ વાતો	૭૬	૦–૫	૦–૧
અણોજો અને **નવું રેલવે સ્ટેશન**–શ્રી. ચુનીલાલ વ. શાહ:	૬૦	૦–૪	૦–૧
જીવનનો મર્મ–લેખક: સોપાન:	૮૪	૦–૬	૦–૧
નવજવાન ,, ...	૬૪	૦–૪	૦–૧
અહિંસાનું રહસ્ય ,, ...	૭૨	૦–૪	૦–૧
એ વૃદ્ધ પુરુષ ! ,, ...	૫૬	૦–૪	૦–૧
આશાને અજવાળે ,, ...	૫૬	૦–૪	૦–૧

બાળકોને ઉપયોગી

બાળકોના આચાર–બાળકોને સદ્વર્તન શીખવતા પાઠો	૪૦	૦–૨	૦–૧
બાળકોની રીતભાત– ,, ,, ,, ,,	૪૦	૦–૩	૦–૧

અ નુ ક્ર મ

જીવનકથાનાં પાનાં

નિવેદન

પરમ પૂજ્ય બાપુનું જીવનચરિત્ર લખનારમાં કેવી યોગ્યતા હોવી જોઈએ એ વિષે વર્ષો પહેલાં સ્વ. મહાદેવભાઈએ જે શબ્દો લખ્યા છે તે આજે વિશેષ સાચા છે. ગાંધીજીનું 'જીવનચરિત્ર' મને કોઈ લખવાનું કહે તો હું ના પાડું. કોઈ એકલો એવું ચરિત્ર લખવાને તૈયાર થાય તો હું એને ધૃષ્ટ નહિ તો પોતાની શક્તિ વિષે વધારેપડતો વિશ્વાસ રાખનાર માનું. ગાંધીજીનું જીવનચરિત્ર લખવાની વાત સૂર્યકિરણ ઝીલવાના મનોરથ સેવવા જેવી હું માનું છું. રૂપકની ભાષા જવા દઈને કહું તો ગાંધીજીના જીવનના એટલા બધા કાલવિભાગો છે, એની વિગતો એટલી બધી છે કે અનેક માણસો મળીને કદાચ થોડોઘણો ન્યાય તેને આપી શકે, એમનું જીવન, જેમાં પ્રતિપળે વિકાસ થતો જાય છે અને જેની પ્રતિપળ એકબીજાની સાથે અજબ ઈશ્વરપ્રણિધાનથી સંકળાયેલી છે, તે જીવનની પળોની નોંધ તો એઓ પોતે રાખી શકે કે ઈશ્વર રાખી શકે. એ અસંખ્ય પળોમાંની ખોબા જેટલી પળોની નોંધ પણ સત્યનો જે પરમ ઉપાસક હોય તે જ લઈ શકે. માટે જ જાણે આ મહાભારત કાર્યની અસાધારણ કઠિનાઈ જોઈને જ ગાંધીજીએ પોતાની આત્મકથા લખવાનું કામ માથે લીધું અને ૧૯૨૦ આગળ આવીને તે પણ બંધ કર્યું'.

એટલે અહીં જે થોડુંક લખવાની લાલચ થઈ છે તે પરમ પૂજ્ય બાપુની જીવનકથા નથી, પરંતુ એમણે લખેલી આત્મકથાનાં થોડાંક પાનાં છે અને ૧૯૨૦ થી ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦ મી સુધીના મોટામોટા સ્થૂલ બનાવોની માત્ર નોંધ છે. આ બનાવોની પાછળ રહેલું હૈયું આલેખવાની તો નથી શક્તિ ને નથી યોગ્યતા.

સોપાન

[૧]

‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ના પહેલા પાને પૂજ્ય બાપુ પોતાનાં માતાપિતા અને કુટુંબનો નીચે પ્રમાણે પરિચય આપે છે:

> ગાંધી કુટુંબ પ્રથમ તો ગાંધિયાણાનો વેપાર કરનારું હોય એમ જણાય છે. પણ મારા દાદાથી માંડીને ત્રણ પેઢી થયાં તો એ કારભારું કરતું આવેલું છે. ઉત્તમચંદ ગાંધી અથવા ઓતા ગાંધી ટેકીલા હશે એમ લાગે છે. તેમને રાજખટપટને લીધે પોરબંદર છોડવું પડેલું ને જૂનાગઢ રાજ્યમાં આશ્રય લીધેલો. તેમણે નવાસાહેબની સલામ ડાબે હાથે કરી. કોઈએ આ દેખાતા અવિનયનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો: ‘જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂક્યો છે.’
>
> ઓતા ગાંધીને એક પછી એક એમ બે ઘર થયેલાં. પહેલાથી તેમને ચાર દીકરા હતા અને બીજાથી બે. આ ભાઈઓ ઓરમાયા હતા એવો ખ્યાલ મને બચપણ યાદ કરતાં આવતો જ નથી. આમાંના પાંચમા કરમચંદ અથવા કબા ગાંધી અને છેલ્લા તુલસીદાસ ગાંધી. બંને ભાઈએ વારાફરતી પોરબંદરમાં કારભારું કર્યું. કબા ગાંધી તે મારા પિતાશ્રી. પોરબંદરનું કારભારું છોડ્યા પછી પોતે રાજસ્થાનિક કોર્ટમાં સભાસદ હતા. પછી રાજકોટમાં અને થોડો સમય વાંકાનેરમાં દીવાન હતા. મરણવેળાએ રાજકોટ દરબારના પેન્શનર હતા.

કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બેથી બે દીકરીઓ હતી; છેલ્લાં પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા. તેમાંનો છેલ્લો હું.

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિષે આસક્ત પણ હશે. તેમનો છેલ્લો વિવાહ ચાળીસમા વર્ષ પછી થયેલો. તેઓ લાંચથી દૂર ભાગતા. તેથી શુદ્ધ ન્યાય આપતા એવી અમારા કુટુંબમાં અને બહાર વાયકા હતી. રાજ્યને બહુ વફાદાર હતા. એક વેળા કોઈ પ્રાંતના સાહેબે રાજકોટના ઠાકોરસાહેબનું અપમાન કરેલું, તેની સામે તેઓ થયેલા. સાહેબ ગુસ્સે થયા, કબા ગાંધીને માફી માગવા ફરમાવ્યું. તેમણે માફી માગવાની ના પાડી, તેથી થોડા કલાકને સારુ હાજરીમાં પણ રહેલા. છતાં તે ન ડગ્યા તેથી અંતે સાહેબે તેમને છોડી દેવાનો હુકમ કર્યો.

પિતાશ્રીએ દ્રવ્ય એકઠું કરવાનો લોભ કદી નહોતો રાખ્યો. તેથી અમ ભાઈઓ સારુ જૂજ મિલકત મૂકી ગયેલા.

પિતાની કેળવણી કેવળ અનુભવની હતી. જેને આજે આપણે ગુજરાતી પાંચ ચોપડીનું જ્ઞાન ગણીએ તેટલી કેળવણી તે પામેલ હશે. ઇતિહાસભૂગોળનું જ્ઞાન તો મુદ્દલ ન મળે. આમ છતાં વ્યવહારુ જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજાર માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી. ધાર્મિક કેળવણી નહીં જેવી હતી, પણ મંદિરોમાં જવાથી કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે તેમને હતું. છેવટના વર્ષમાં એક વિદ્વાન બ્રાહ્મણ જેઓ કુટુંબના મિત્ર હતા તેમની સલાહથી તેમણે ગીતાપાઠ શરૂ કર્યો હતો અને રોજ થોડાઘણા શ્લોકોનો પોતાના પૂજાને સમયે ઊંચે સ્વરે પાઠ કરી જતા.

માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી.

છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તો પણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું, તેમાં માંદી પડેલી પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એકટાણાં કરવાં એ તો તેને સામાન્ય વાત હતી. એટલેથી સંતોષ ન વળતાં એક ચાતુર્માસમાં તેણે ધારણાંપારણાં કરેલાં. બેત્રણ સામાટા ઉપવાસ એ એને મન નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યાં પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરાં વાદળ સામું જોઈ રહીએ કે ક્યારે સૂર્ય દેખાય ને ક્યારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા દર્શન દોહ્યલાં થાય એ તો સહુ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્યને અમે જોઈએ: 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળીઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કંઈ નહીં, આજે નસીબમાં ખાવાનું નહીં હોય' કહી પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય.

માતા વ્યવહારકુશળ હતી. દરબારી બધી વાતો જાણે. રણવાસમાં તેની બુદ્ધિની આંકણી ઠીક મુકાતી. હું બાળક હોઈ કોઈ કોઈ વેળા મને મા દરબારગઢમાં સાથે લઈ જતી. 'બામા-સાહેબ'ની સાથે થતા સંવાદો મને કેટલાક હજી યાદ છે.

•

આ માતાપિતાને ત્યાં બાપુનો જન્મ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ એટલે સને ૧૮૬૯ના ઑક્ટોબરની બીજી તારીખે પોરબંદરમાં થયો. સાત વર્ષની ઉંમર સુધી બાપુ પોરબંદરમાં રહેલા. ત્યાં એમને શાળામાં મૂકવામાં આવેલા, પણ એ કંઈ અભ્યાસ ન કહેવાય. એ પછી પિતાશ્રીને રાજકોટ રહેવાનું થયું.

ત્યાં બાપુને ગામઠી શાળામાં દાખલ કરવામાં આવ્યા. બાપુને આ શાળાનાં સ્મરણો તાજાં રહેલાં.

નિયમ પ્રમાણે ગામઠી શાળામાંથી હાઇસ્કૂલમાં આવ્યા. અહીં બાપુની અંદર પડેલું સત્ય–આગ્રહનું બીજ પહેલવહેલું પ્રગટ થયું. તેઓ લખે છે:

> હાઇસ્કૂલના પહેલા જ વર્ષનો, પરીક્ષાવખતનો એક બનાવ નોંધવા યોગ્ય છે. કેળવણી ખાતાના ઇન્સ્પેકટર જાઇલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમણે પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા. તેમાં એક શબ્દ 'કેટલ' (Kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી. માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું? મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાના પાંચે શબ્દ ખરા પડ્યા ને એકલો હું ઠોઠ ઠર્યો. મારી મૂર્ખાઈ મને માસ્તરે પાછળથી સમજાવી; પણ મારા મન ઉપર તે સમજૂતીની કશી અસર ન થઈ. મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું.
>
> આમ છતાં માસ્તર તરફ હું મારો વિનય કદી ન ચૂક્યો. વડીલોના દોષ ન જોવાનો ગુણ મારામાં સહેજે હતો. આ માસ્તરના બીજા દોષો પણ મારી જાણમાં પાછળથી આવેલા. છતાં તેમની પ્રત્યેનું મારું માન તો કાયમ જ રહેલું. વડીલોની આજ્ઞાનું પાલન કરવું એટલું હું સમજ્યો હતો. તેઓ કહે તે કરવું, કરે તેના આપણે કાજી ન બનવું.
>
> આ જ સમયે બીજા બે બનાવો બન્યા તે મને હમેશાં યાદ રહ્યા છે. મને સામાન્ય રીતે નિશાળનાં પુસ્તકો ઉપરાંત કંઈ વાંચવાનો શોખ નહોતો. પાઠ કરવા જોઈએ, ઠપકો સહન

ન થાય, માસ્તરને છેતરાય નહીં, તેથી પાઠ વાંચતો. પણ મન આળસ કરે તેથી પાઠ ઘણીવાર કાચા રહે. ત્યાં બીજું વાંચવાનું સૂઝે શાનું? પણ પિતાશ્રીએ ખરીદેલું એક પુસ્તક મારી નજરે ચડ્યું. એ 'શ્રવણપિતૃભક્તિ નાટક.' આ વાંચવાનું મને મન થયું. તે હું અતિશય રસપૂર્વક વાંચી ગયો. એ જ દિવસોમાં કાચમાં ચિત્રો દેખાડનારા પણ ઘેર આવતા. તેમની પાસેથી શ્રવણ પોતાનાં માતપિતાને કાવડમાં બેસાડી યાત્રા કરવા લઈ જાય છે એ દૃશ્ય પણ મેં જોયું. બન્ને વસ્તુની મારા ઉપર ઊંડી છાપ પડી. મારે પણ શ્રવણ જેવા થવું એમ મનમાં થાય. શ્રવણના મૃત્યુસમયનો તેનાં માતપિતાનો વિલાપ હજુ યાદ છે. એ લલિત છંદ મેં તો વાજામાં યે ઉતાર્યો. વાજું શીખવાનો શોખ હતો ને એક વાજું પિતાશ્રીએ અપાવ્યું પણ હતું.

આ જ અરસામાં કોઈ નાટક કંપની આવેલ, તેનું નાટક જોવાની મને રજા મળી. હરિશ્ચંદ્રનું આખ્યાન હતું. એ નાટક જોતો હું થાકું જ નહિ. એ ફરીફરી જોવાનું મન થાય એમ વારંવાર જવા તો કોણ જ દે? પણ મારા મનમાં મેં એ નાટક સેંકડો વખત ભજવ્યું હશે. હરિશ્ચંદ્રનાં સ્વપ્નાં આવે. 'હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય?' એ ધૂન ચાલી. હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય. જેવી નાટકમાં લખેલી તેવી જ વિપદો હરિશ્ચંદ્રને પડી હશે એમ મેં તો માની લીધેલું. હરિશ્ચંદ્રનાં દુઃખ જોઈ, તેનું સ્મરણ કરી હું ખૂબ રોયો છું. આજે મારી બુદ્ધિ સમજે છે કે હરિશ્ચંદ્ર કોઈ ઐતિહાસિક વ્યક્તિ નહિ હોય. છતાં મારે મન હરિશ્ચંદ્ર અને શ્રવણ આજે પણ જીવતા છે. હું આજે એ નાટકો વાંચું તો આજે પણ મને આંસુ આવે એમ માનું છું.

[૨]

બાપુનાં લગ્ન બાળપણમાં થયાં. આત્મકથામાં તેઓ લખે છે :

આ પ્રકરણ મારે ન લખવું પડે એમ હું ઇચ્છું છું. પણ આ કથામાં મારે એવા કેટલાયે કડવા ઘૂંટડા પીવા પડશે. સત્યના પૂજારી હોવાનો દાવો કરીને મારાથી બીજું થાય તેમ નથી.

૧૩ વર્ષની ઉંમરે મારા વિવાહ થયા એની નોંધ લેતાં અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બારતેર વર્ષના બાળકો પડ્યાં છે. તેમને જોઉં છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે અને બાળકોને મારી સ્થિતિમાંથી બચ્યાને સારુ મુબારકબાદી આપવાની ઇચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.

લગ્ન ભારે ધામધૂમથી થયેલાં. બાપુને એમાં મઝા પડેલી. એ વખતે બાપુના સંસ્કારો આવા હતા :

વિવાહ થયા એ દિવસોમાં નિબંધોનાં નાનાં ચોપાનિયાં— પૈસાનાં કે પાઈનાં એ તો યાદ નથી—નીકળતાં. એમાં દંપતીપ્રેમ, કરકસર, બાળલગ્ન વગેરે વિષયો ચર્ચવામાં આવતા. આમાંના કોઈ નિબંધ મારા હાથમાં આવતા ને તે હું વાંચી જતો. એ તો ટેવ હતી જ કે વાંચવું તે પસંદ ન પડે તો ભૂલી જવું ને પસંદ પડે તો તેનો અમલ કરવો. એકપત્નીવ્રત પાળવું એ પતિનો ધર્મ છે એમ વાંચેલું, એ હૃદયમાં રમી રહ્યું. સત્યનો શોખ તો હતો જ. એટલે પત્નીને છેતરાય તો નહિ જ. એથી યે બીજી સ્ત્રી સાથે સંબંધ ન થાય એ પણ સમજાયું હતું. નાનકડી ઉંમરે એકપત્નીવ્રતનો ભંગ થવાનો સંભવ બહુ થોડો જ હોય.

પણ આ સદ્વિચારોનું એક માઠું પરિણામ આવ્યું. જો મારે એક પત્નીવ્રત પાળવું જોઈએ તો પત્નીએ એકપતિવ્રત પાળવું જોઈએ. આ વિચારથી હું અદેખો ધણી બન્યો. 'પાળવું જોઈએ'માંથી 'પળાવવું જોઈએ' એ વિચાર ઉપર આવ્યો; અને જો પળાવવું જોઈએ તો મારે ચોકી રાખવી જોઈએ. મને કાંઈ પત્નીની પવિત્રતા વિષે શંકા લાવવાનું કારણ નહોતું. પણ અદેખાઈ કારણ જોવા ક્યાં બેસે છે? મારી સ્ત્રી હમેશાં ક્યાં જાય છે એ મારે જાણવું જ જોઈએ, તેથી મારી રજા વિના ક્યાંયે જવાય જ નહિ. આ વસ્તુ અમારી વચ્ચે દુઃખદ ઝઘડાનું મૂળ થઈ પડી. રજા વિના ક્યાંયે ન જવાય, એ તો એક જાતની કેદ જ થઈ. પણ કસ્તૂરબાઈ એવી કેદ સહન કરે એમ હતી જ નહિ. ઇચ્છામાં આવે ત્યાં જરૂર મને પૂછ્યા વિના જાય. જેમ હું દાબ મૂકું તેમ તે વધારે છૂટ લે અને તેમ હું વધારે ચિડાઉં. આથી અમ બાળકો વચ્ચે અબોલા એ સામાન્ય વસ્તુ થઈ પડી. કસ્તૂરબાઈએ જે છૂટ લીધી તેને હું નિર્દોષ માનું છું. એક બાળા જેના મનમાં પાપ નથી એ દેવદર્શને જવા ઉપર કે કોઈને મળવા જવા ઉપર દાબ કેમ સહન કરે? જો હું તેના ઉપર દાબ મૂકું તો તે મારા ઉપર કાં ન મૂકે?—આ તો હવે સમજાય છે. ત્યારે તો મારે મારું ધણીપણું સિદ્ધ કરવું હતું.

પણ વાંચનાર એમ ન માને કે અમારા આ ઘરસંસારમાં ક્યાંયે મીઠાશ નહોતી. મારી વક્રતાનું મૂળ પ્રેમમાં હતું. મારે મારી પત્નીને આદર્શ સ્ત્રી બનાવવી હતી. એ સ્વચ્છ થાય, સ્વચ્છ રહે, હું શીખું તે શીખે, હું ભણું તે ભણે અને અમે બંને એકબીજામાં ઓતપ્રોત રહીએ, એ ભાવના હતી.

કસ્તૂરબાઈને એ ભાવના હતી એવું મને ભાન નથી. તે નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી

સાથે તો ઓછું બોલનારી હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ નહોતો. હું ભણું છું ને પોતે પણ ભણે તો સારું, એવી એની ઇચ્છા મેં કદી મારા બચપણમાં અનુભવી નથી. એથી હું માનું છું કે મારી ભાવના એકપક્ષી હતી. મારું વિષયસુખ એક સ્ત્રી ઉપર જ નિર્ભર હતું અને હું તે સુખનો પ્રતિઘોષ ઇચ્છતો હતો. જ્યાં પ્રેમ એક પક્ષ તરફથી પણ હોય ત્યાં સર્વાંશે દુઃખ તો ન જ હોય.

અભ્યાસ તો ચાલુ જ હતો. બાપુમાં જે અસામાન્ય શક્તિઓ જગતે જોઈ અને જેથી જગત આશ્ચર્યચકિત થયું એ શક્તિઓ, અવતારીઓની કથામાં આવે છે તેમ બાળપણથી જ એમનામાં હતી એવું નહિ કહી શકાય. હા, સત્યનો આગ્રહ હતો અને વિચારો ઊર્ધ્વગામી હતા. તેઓ લખે છે:

> મારું પોતાનું સ્મરણ એવું છે કે મને મારી હોંશિયારીને વિષે કંઈ માન નહોતું. ઇનામ કે શિષ્યવૃત્તિ મળે તો મને આશ્ચર્ય થતું. પણ મારા વર્તન વિષે મને બહુ ચીવટ હતી. વર્તનમાં ખોડ આવે તો મને રડવું જ આવે. શિક્ષકને ઠપકો આપવો પડે એવું મારે હાથે કંઈ પણ થાય; અથવા શિક્ષકને તેવું ભાસે એ મને અસહ્ય થઈ પડે. એક વખત માર ખાવો પડ્યો હતો એવું મને સ્મરણ છે. મારનું દુઃખ નહોતું; પણ હું દંડને પાત્ર ગણાયો એ મહાદુઃખ હતું.

બાપુને એક મિત્ર મળ્યો. એ મિત્રે ઊર્ધ્વગામી જીવનને નીચે ખેંચવાના પ્રયત્નો કર્યા. સહેજ સફળતા મળી પણ અંતે તો સત્યનો વિજય થયો અને બાપુ એ મૈત્રીમાંથી મુક્ત થયા. એ મિત્ર બળવાન હતો અને બાપુ–

> વળી હું બહુ બીકણ હતો. ચોરના, ભૂતના, સર્પાદિના ભયોથી ઘેરાયેલો રહેતો. આ ભય મને પીડતા પણ ખૂબ,

રાતના એકલા ક્યાંયે જવાની હિંમત ન મળે. અંધારામાં તો ક્યાંયે ન જાઉં. દીવા વિના સૂવું લગભગ અશક્ય. રખે અહીંથી ભૂત આવે,' ત્યાંથી ચોર, ત્રીજી જગ્યાએથી સર્પ! એટલે દીવો તો જોઈએ જ. પાસે સૂતેલી અને હવે કાંઈક જુવાનીમાં આવેલી સ્ત્રીની પાસે પણ આ મારી બીકની વાત હું કેમ કરી શકું? મારા કરતાં તે વધારે હિંમતવાન હતી એટલું હું સમજી ગયો હતો અને શરમાતો હતો. તેણે સર્પાદિનો ભય તો કદી જાણ્યો જ નહોતો. અંધારામાં એકલી ચાલી જાય. આ મારી નબળાઈઓની પેલા મિત્રને ખબર હતી. તે તો જીવતા સર્પોને પણ હાથે પકડે એમ મને કહે. ચોરથી ન જ ડરે, ભૂતને તો માને જ નહિ. આ બધું માંસાહારને પ્રતાપે છે એમ તેણે મને ઠસાવ્યું.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. બાપુ માંસાહાર માટે તૈયાર થયા, પણ ભાવના સ્વાદની નહોતી. ભાવના તો હતી—

પણ મારે તો સુધારો કરવો હતો. માંસાહારનો શોખ નહોતો. તેમાં સ્વાદ છે એવું ધારીને મારે માંસાહાર નહોતો આરંભવો. મારે તો બળવાન, હિંમતવાન થવું હતું. બીજાને તેવા થવા નોતરવા હતા, ને પછી અંગ્રેજોને હરાવી હિંદુસ્તાનને સ્વતંત્ર કરવું હતું. 'સ્વરાજ' શબ્દ તો ત્યારે નહોતો સાંભળ્યો. આ સુધારાની ધગશમાં હું ભાન ભૂલ્યો.

બાપુ 'દુ:ખદ પ્રસંગ' આલેખે છે:

નીમેલો દિવસ આવ્યો. મારી સ્થિતિનું સંપૂર્ણ વર્ણન કરવું મુશ્કેલ છે. એક તરફથી સુધારાનો ઉત્સાહ, જિંદગીમાં મહત્ત્વનો ફેરફાર કરવાની નવાઈ અને બીજી તરફ ચોરની જેમં સંતાઈને કાર્ય કરવાની શરમ. આમાં કઈ વસ્તુ પ્રધાન હતી એનું મને સ્મરણ નથી. અમે નદી તરફ એકાંત શોધવા ચાલ્યા. દૂર જઈ કોઈ ન દેખી શકે એવો ખૂણો શોધ્યો અને

ત્યાં મેં કદી નહિ જોયેલી વસ્તુ—માંસ જોયું! સાથે ભઠિયારાને ત્યાંની ડબલરોટી હતી. એમાંથી એકે વસ્તુ ભાવે નહિ. માંસ ચામડા જેવું લાગે. ખાવું અશક્ય થઈ પડ્યું. મને ઓકારી આવવા લાગી. ખાવું પડતું મેલવું પડ્યું.

મારી આ રાત્રિ બહુ વસમી ગઈ. ઊંઘ ન આવે. કેમ જાણે શરીરમાં બકરું જીવતું હોય ને રુદન કરતું હોય એમ સ્વપ્નમાં લાગે. હું ભડકી ઊઠું, પસ્તાવું ને વળી વિચારું કે મારે તો માંસાહાર કર્યે જ છૂટકો છે, હિંમત ન હારવી! મિત્ર પણ હારી જાય તેવા નહોતા. તેણે હવે માંસને જુદીજુદી રીતે રાંધવાનું ને શણગારવાનું તેમ જ ઢાંકવાનું કર્યું. નદીકિનારે લઈ જવાને બદલે કોઈ બબરચીની સાથે ગોઠવણ કરી. છૂપી રીતે એક દરબારી ઉતારામાં લઈ જવાનું યોજ્યું અને ત્યાં ખુરશી, મેજ વગેરે સામગ્રીઓનાં પ્રલોભન વચ્ચે મને મૂક્યો. આની અસર થઈ. રોટીનો તિરસ્કાર મોળો પડ્યો. બકરાની માયા છૂટી ને માંસનું તો ન કહેવાય પણ માંસવાળા પદાર્થો દાઢે વળગ્યા. આમ એક વર્ષ વીત્યું હશે અને તે દરમ્યાન પાંચછ-વાર માંસ ખાવા મળ્યું હશે, કેમકે હમેશાં દરબારી ઉતારા ન મળે, હમેશાં માંસનાં સ્વાદિષ્ટ ગણાતાં સરસ ભોજનો તૈયાર ન થઈ શકે. વળી એવાં ભોજનોના પૈસા પણ બેસે. મારી પાસે તો ફૂટી બદામ સરખી નહોતી, એટલે મારાથી કંઈ અપાય તેમ નહોતું. એ ખર્ચ તો પેલા મિત્રે જ શોધવાનું હતું. તેણે ક્યાંથી શોધ્યું હશે તેની મને આજ લગી ખબર નથી. તેનો ઇરાદો મને માંસ ખાતો કરી મૂકવાનો—મને વટલાવવાનો હતો, એટલે પૈસાનું ખર્ચ પોતે કરે. પણ તેની પાસે પણ કંઈ અખૂટ ખજાનો નહોતો. એટલે આવાં ખાણાં ક્વચિત જ થઈ શકે.

જ્યારે જ્યારે આવું ખાણું ખાવામાં આવે ત્યારે ત્યારે

ઘેર જમવાનું તો ન જ બને. માતા જ્યારે જમવા બોલાવે ત્યારે 'આજે ભૂખ નથી, પચ્યું નથી,' એવાં બહાનાં કાઢવાં પડે. આમ કહેતાં દરેક વેળા મને ભારે આઘાત પહોંચતો. આ જૂઠું તે ય માની સામે! વળી જો માતપિતા જાણે કે દીકરા માંસાહારી થયા છે તો તો તેમના પર વીજળી જ પડે. આ ખ્યાલો મારું હૃદય કોરી ખાતા હતા. તેથી મેં નિશ્ચય કર્યો. માંસ ખાવું આવસ્યક છે, તેનો પ્રચાર કરી હિંદુસ્તાનને સુધારશું; પણ માતપિતાને છેતરવાં અને જૂઠું બોલવું એ માંસ ન ખાવા કરતાં યે ખરાબ છે તેથી માતાપિતાના જીવતાં માંસ ન ખવાય. તેમના મૃત્યુ પછી સ્વતંત્ર થયે ખુલ્લી રીતે માંસ ખાવું. ને તે સમય ન આવે ત્યાં સુધી માંસાહારનો ત્યાગ કરવો. આ નિશ્ચય મેં મિત્રને જણાવી દીધો ને ત્યારથી માંસાહાર છૂટ્યો તે છૂટ્યો જ. માતાપિતાએ તો કદી જાણ્યું જ નહિ કે તેમના બે પુત્ર માંસાહાર કરી ચૂક્યા હતા.

માતાપિતાને ન છેતરવાના શુભ વિચારને લઈને મેં માંસાહાર છોડ્યો, પણ પેલી મિત્રતા કંઈ ન છોડી. હું સુધરવા નીકળેલો પોતે જ અભડાયો ને અભડાયાનું મને ભાન સરખું ન રહ્યું.

તે જ સંગને લઈને હું વ્યભિચારમાં પણ પડત. એક વેળા મને આ ભાઈ વેશ્યાવાડમાં લઈ ગયા. ત્યાં એક બાઈના મકાનમાં મને યોગ્ય સૂચનાઓ આપીને મોકલ્યો. મારે કંઈ તેને પૈસા વગેરે આપવાના નહોતા. હિસાબ થઈ ચૂક્યો હતો. મારે તો માત્ર ગોઠડી કરવાની હતી.

હું મકાનમાં પુરાયો તો ખરો. પણ જેને ઈશ્વર ઉગારવા ઈચ્છે તે પડવા ઈચ્છતો છતો પવિત્ર રહી શકે છે. આ કોટડીમાં હું તો આંધળો જ થઈ ગયો. મને બોલવાનું ભાન ન રહ્યું. શરમનો માર્યો સ્તબ્ધ થઈ એ બાઈની પાસે ખાટલા ઉપર

બેઠો, પણ બોલી જ ન શક્યો. બાઈએ ગુસ્સે થઈને મને બેચાર 'ચોપડી'ને દરવાજો જ બતાવ્યો.

તે વેળા તો મારી મરદાનગીને લાંછન લાગ્યું એમ મને થયું, ને ધરતી મારગ દે તો તેમાં પેસી જવા ઇચ્છયું. પણ આમ ઊગર્યાને સારુ મેં ઇશ્વરનો સદા ય પાડ માન્યો છે. આવા જ પ્રસંગ મારી જિંદગીમાં બીજા ચાર આવેલા છે. તેમાંના ઘણામાં, મારા પ્રયત્ન વિના, સંજોગોને લીધે હું બચ્યો છું એમ ગણાય. વિશુદ્ધ દૃષ્ટિએ તો એ પ્રસંગોમાં હું પડ્યો જ ગણાઉં. મેં વિષયની ઇચ્છા કરી એટલે હું તે કરી ચૂક્યો છતાં લૌકિક દૃષ્ટિએ, ઇચ્છા કર્યા છતાં પ્રત્યક્ષ કર્મથી જે બચે છે તેને આપણે બચ્યો ગણીએ છીએ; અને હું આ પ્રસંગોમાં એ જ રીતે, એટલે જ અંશે બચ્યો ગણાઉં. વળી કેટલાંક કાર્યો એવાં છે કે જે કરવાથી બચવું એ વ્યક્તિને અને તેના સહવાસમાં આવનારને બહુ લાભદાયી નીવડે છે; અને જ્યારે વિચારશુદ્ધિ થાય છે ત્યારે તે કાર્યમાંથી બચ્યાને સારુ તે ઇશ્વરનો અનુગ્રહ માને છે. જેમ ન પડવાનો પ્રયત્ન કરતો છતો મનુષ્ય પડે છે એવું આપણે અનુભવીએ છીએ, તેમ જ પડવા ઇચ્છતો છતો અનેક સંજોગોને કારણે મનુષ્ય બચી જાય છે એ પણ અનુભવસિદ્ધ વાત છે. આમાં પુરુષાર્થ ક્યાં છે, દૈવ ક્યાં છે અથવા કયા નિયમોને વશવર્તીને મનુષ્ય છેવટે પડે છે અથવા બચે છે, એ પ્રશ્નો ગૂઢ છે. તેનો ઉકેલ આજ લગી થયો નથી અને છેવટનો નિર્ણય થઈ શકશે કે નહિ એ કહેવું કઠિન છે.

પણ આપણે આગળ ચાલીએ.

પેલા મિત્રની મિત્રતા અનિષ્ટ છે એ વાતનું ભાન મને હજુ યે ન થયું. તેમ થાય તે પહેલાં મારે હજુ બીજા કડવા અનુભવો લેવાના જ હતા. એ તો જ્યારે તેનામાં ન ધારેલા

દોષોનું મને પ્રત્યક્ષ દર્શન થયું, ત્યારે જ હું કળી શક્યો. પણ હું બને ત્યાં લગી વખતના અનુક્રમ પ્રમાણે મારા અનુભવો લખી રહ્યો છું. તેથી બીજા હવે પછી આવશે.

એક વસ્તુ આ સમયની છે તે કહેવી પડશે. અમ દંપતી વચ્ચે કેટલોક અંતરાય પડતો અને કંકાસ થતો તેનું કારણ આ મિત્રતા પણ હતું. હું આગળ જણાવી ગયો કે હું પ્રેમી તેવો જ વહેમી પાત હતો. મારા વહેમમાં વૃદ્ધિ કરનાર આ મિત્રતા હતી, કેમ કે મિત્રની સચ્ચાઈ ઉપર મને અવિશ્વાસ જ નહોતો. આ મિત્રની વાતો માનીને મેં મારી ધર્મપત્નીને કેટલુંક દુઃખ દીધું છે. તે હિંસાને સારુ મેં કદી માફી નથી આપી. એવાં દુઃખો હિંદુ સ્ત્રી જ સાંખતી હશે. અને તેથી મેં હંમેશાં સ્ત્રીને સહનશીલતાની મૂર્તિરૂપે કલ્પી છે. નોકર ઉપર ખોટો વહેમ જાય ત્યારે નોકર નોકરી છોડે, પુત્ર ઉપર એવું વીતે તો બાપનું ઘર છોડે. મિત્ર મિત્ર વચ્ચે વહેમ દાખલ થાય એટલે મિત્રતા તૂટે, સ્ત્રી ધણી ઉપર વહેમ લાવે તો તે સમસમીને બેસી રહે, પણ જો પતિ પત્નીને વિષે વહેમ લાવે તો પત્નીના બિચારીના ભોગ જ મળ્યા. તે ક્યાં જાય? ઊંચ મનાતા વર્ણની હિંદુ સ્ત્રી અદાલતમાં જઈ બંધાયેલી ગાંઠને કપાવી પણ ન શકે એવો એકપક્ષી ન્યાય તેને સારુ રહેલો છે. એવો ન્યાય મેં આપ્યો તેનું દુઃખ કદી વીસરી શકું તેમ નથી. એ વહેમનો સર્વથા નાશ તો જ્યારે મને અહિંસાનું સૂક્ષ્મ જ્ઞાન થયું ત્યારે જ થયો, એટલે કે જ્યારે હું બ્રહ્મચર્યનો મહિમા સમજ્યો કે પત્ની પતિની દાસી નથી પણ તેની સહચારિણી છે, સહધર્મિણી છે, બન્ને એકબીજાનાં સુખદુઃખનાં સરખાં ભાગીદાર છે; અને જેટલી સ્વતંત્રતા સારું-નઠારું કરવાની પતિને છે તેટલી જ સ્ત્રીને છે. એ વહેમના કાળને જ્યારે સંભારું છું, ત્યારે મને મારી મૂર્ખતા ને વિષયાંધ નિર્દયતા ઉપર

ક્રોધ આવે છે ને મિત્રતાની મારી મૂર્છાને વિષે દયા ઊપજે છે.

[૩]

એમને ઊંચે ચડાવનારો અને સત્ય સાથે અહિંસાની ભાવના પ્રેરનારો એક પુણ્યપ્રસંગ એ સમયમાં જ બન્યો.

માંસાહારના કાળનાં તેમ જ તે પહેલાંના કાળનાં કેટલાંક દૂષણોનું વર્ણન હજુ કરવું રહે છે. તે વિવાહ પૂર્વનાં કે તે પછી તુરતના સમયનાં છે.

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો. અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કાંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે, એવું લાગેલું. મારા કાકાને બીડી પીવાની ટેવ હતી. ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતા જોઈ અમને પણ ફૂંકવાની ઇચ્છા થઈ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠાં કંઈ હરવખતે મળી ન શકે અને તેમાંથી બહુ ધુમાડા યે ન નીકળે એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડી ને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી ક્યાં એ સવાલ થઈ પડ્યો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહિ એ ખબર હતી. જેમ તેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમિયાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની ડાંખળી બીડીની જેમ સળગે છે ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા!

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઈ જ ન થાય એ

દુ:ખ થઈ પડ્યું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો!

પણ આપઘાત કઈ રીતે કરવો? ઝેર કોણ આપે? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઈએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઈ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો, કેદારજીને મંદિરે દીપમાળમાં ઘી ચડાવ્યું, દર્શન કર્યાં, ને એકાંત શોધી, પણ ઝેર ખાવાની હિંમત ન ચાલે. તુરત મૃત્યુ નહિ થાય તો? મરીને શો લાભ? પરાધીનતા કાં ન ભોગવી છૂટવું? છતાં બેચાર બી ખાધાં. બીજાં ખાવાની હિંમત જ ન ચાલી. બંને મોતથી ડર્યાં અને રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

હું સમજ્યો કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલ નથી. આથી જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે; અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું એક પરિણામ એ આવ્યું કે કે અમે બંને એંઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ ભૂલી જ ગયા. મોટપણે બીડી પીવાની ઇચ્છા જ મને કદી નથી થઈ અને એ ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરદસ્ત શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી. જે આગગાડીના ડબામાં ઘણી બીડી ફુંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઈ પડે છે ને તેના ધુમાડાથી હું ગૂંગળાઈ જાઉં છું.

બીડીઓનાં ઠૂંઠાં ચોરવાં ને તેને અંગે ચાકરના દોકડા ચોરવા એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી

થયો તેને હું વધારે ગંભીર ગણું છું. બીડીનો દોષ થયો ત્યારે ઉંમર બારતેર વર્ષની હશે; કદાચ તેથી યે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારાં માંસાહારી ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બન્ને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું, કરજ ફીટયું પણ મારે સારુ આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે, પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો, તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી, પણ પોતે દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જોઈએ. તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ તો હતું જ. તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં,

ચિઠ્ઠી ભિંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી. ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા.

હું પણ રડ્યો. પિતાનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણેઃ

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, કદાચ માથું ફૂટશે, એવું મેં ધાર્યું હતું, પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું: જે માણસ અધિકારી આગળ સ્વેચ્છાએ પોતાના દોષનો નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરે છે. હું જાણું છું કે મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

બાપુએ પોતાના જીવનની બહુ કડક પરીક્ષા કરી છે. એમણે જણાવ્યું છે કે નાનપણમાં પોતે સ્વસ્ત્રી પ્રત્યે વિષયાસક્ત હતા. પ્રભુએ એમની આંખ ઉઘાડનારો એક પ્રસંગ સરજ્યો. પિતા માંદા હતા. બાપુ પિતૃભક્ત હતા. પિતાની સારવારમાં એમને આનંદ આવતો અને જીવનની કૃતકૃત્યતા જણાતી. પિતાની માંદગી વધતી જતી હતી. અંતે–

> અવસાનની ઘોર રાત્રિ નજીક આવી. આ વખતે મારા કાકાશ્રી રાજકોટમાં હતા. મને કંઈક એવું સ્મરણ છે કે પિતાશ્રીની માંદગી વધતી જાય છે એવા સમાચાર મળવાથી જ તેઓ આવેલા. બન્ને ભાઈઓની વચ્ચે ગાઢ પ્રેમભાવ વર્તતો હતો. કાકાશ્રી આખો દિવસ પિતાશ્રીના બિછાનાની પાસે જ બેસી રહે અને અમને બધાને સૂવાની રજા આપી પોતે પિતાશ્રીના બિછાનાની પાસે સૂએ. કોઈને એવું તો હતું જ નહિ કે આ રાત્રિ આખરની નીવડશે. ભય તો સદાય રહ્યા કરતો હતો, રાતના સાડાદસ કે એગિયાર થયા હશે. હું પગચંપી કરી રહ્યો હતો. કાકાશ્રીએ મને કહ્યું: 'તું જા, હવે હું બેસીશ.' હું રાજી થયો ને સીધો શયનગૃહમાં ગયો. સ્ત્રી તો બિચારી ભરઊંઘમાં હતી. પણ હું શાનો સૂવા દઉં? મેં જગાડી. પાંચસાત મિનિટ થઈ હશે. તેટલામાં જે નોકરને વિષે હું લખી ગયો તેણે કમાડ ઠોક્યું. મને ફાળ પડી. હું ચમક્યો. 'ઊઠ, બાપુ બહુ બીમાર છે.' એમ નોકરે કહ્યું. બહુ બીમાર તો હતા જ એ હું જાણતો હતો, એટલે અહીં બહુ 'બીમાર'નો વિશેષ અર્થ હું સમજી ગયો. બિછાનામાંથી એકદમ કૂદી પડ્યો.
>
> શું છે કહે તો ખરો?

બાપુ ગુજરી ગયા! જવાબ મળ્યો.

હવે હું પશ્ચાતાપ કરું એ શું કામ આવે? હું બહુ શરમાયો, બહુ દુ:ખી થયો. પિતાશ્રીની ઓરડીમાં દોડી ગયો. હું સમજ્યો કે જો હું વિષયાંધ ન હોત, તો આ છેવટની ઘડીએ મારે નસીબે વિયોગ ન હોત અને હું પિતાજીની અંતની ઘડીએ પગચંપી કરતો હોત.

બાપુએ પોતાને માપવા માટે સત્યનું જે માપ રાખ્યું છે તે કયું છે તેનો ખ્યાલ આ ઉપરથી આવી શકે છે. આ વાંચનારે ભૂલવું ન જોઈએ કે બાપુને પોતાની આ સ્થિતિનું ભાન ૨૩ વર્ષની ઉંમરે થઈ ગયેલું અને ૧૮૯૯માં, જ્યારે તેઓ ત્રીસ વર્ષની ભરજુવાનીમાં હતા ત્યારે તો એમણે આજીવન પૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી. બાપુની જીવનસાધના સમજવા માટે આટલી હકીકત સૌએ સમજવી જ જોઈએ. ઉપરના પ્રસંગો તો બાપુના આત્મપરીક્ષણ અને પુરુષાર્થનાં પ્રતીકો છે.

બાપુના જીવનમાં ધર્મના સંસ્કારો છેક બાળપણથી પડેલા હતા. નિશાળમાં તો ધર્મશિક્ષણ જેવું આજેય ક્યાં છે! પણ માતા ધાર્મિકવૃત્તિનાં હતાં. વ્રત-ઉપવાસ કરતાં, સાધુસંતોનો પરિચય રહેતો, એટલે બાપુમાં એ સંસ્કારો સિંચાતા હતા. ઘરની જૂની નોકર રંભાએ તો બાપુને જીવનભરનો મંત્ર આપ્યો હતો. ભય છોડવા માટે રામનામ લેવાનું એણે બાપુને શીખવેલું. જીવનની અંતિમ ક્ષણે પણ બાપુના હોઠે એ જ નામ આવ્યું હતું ને!

૧૮૮૭ની સાલમાં બાપુ મેટ્રિક પાસ થયા. એ પછી ઘણી મથામણને અંતે વધુ અભ્યાસ માટે વિલાયત જવાનું ઠર્યું. સાઠ વર્ષ પહેલાંની આ વાત છે. એ જમાનામાં વિલાયત જવું સહેલું નહોતું. એ સાથે પૂર્વગ્રહો પણ બહુ મજબૂત હતા. વિલાયતમાં માંસ, મદિરા ને સ્ત્રીસંગનો ભય હતો. બાપુની માતાએ બાપુ પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે માંસ, મદિરા ને સ્ત્રીસંગથી દૂર રહેવું.

બાપુએ ભક્તિભાવે એ પ્રતિજ્ઞા લીધી અને અણિશુદ્ધ પાર પાડી. આ પ્રતિજ્ઞાએ બાપુને અનેક મુશ્કેલીઓમાં તો મૂક્યા, પણ અંદરનું સોનું એથી શુદ્ધ થતું ગયું. બાપુના જીવનમાં ડગલે ને પગલે આપણે વ્રતઉપવાસ જોતા હતા તેનું મૂળ અહીં પડેલું છે.

બાપુ વિલાયત ગયા એટલે નાદાન નાતવાળાઓએ એમને જ્ઞાતિ બહાર મૂક્યા. બાપુ માટે તો એ બનાવ પણ સત્યની શોધનો અને અહિંસાના આચરણનો બની ગયો. વિલાયતમાં બાપુને પણ અનુભવો થયા. માતાએ આપેલી પ્રતિજ્ઞાઓ સાચવીને તેઓ 'સભ્ય' બન્યા. સમાજમાં શોભે એવાં કપડાં પહેર્યાં અને નાચ પણ શીખ્યા! પણ આ બધું લાંબો સમય ન ચાલ્યું, કારણ કે આત્મનિરીક્ષણની વૃત્તિ પહેલેથી જ બળવાન હતી. એમને થઈ ગયું કે આ બધું બરાબર નથી એટલે સાદાઈ અને કરકસર શરૂ થયાં. ખોરાકના પ્રયોગો પણ આ વખતે જ એમણે આરંભ્યા. વિલાયતમાં અન્નાહારી રહેવું મુશ્કેલ હતું. ચારેબાજુનું વાતાવરણ પ્રતિજ્ઞાને નબળી પાડનારું હતું, પણ બાપુ તો અડગ જ રહ્યા. બાપુ અન્નાહારી મંડળીમાં જોડાયા અને તેની કાર્યવાહક સમિતિના સભ્ય બન્યા.

બાપુ વિલાયત ગયા હતા બૅરિસ્ટર થવા સારુ. એ માટે વાક્છટા અને ભાષણો આપવાની ટેવ જરૂરી ગણાયાં હતાં. બાપુને એ ફાવતું નહોતું. મનમાં તો વિચારોના ઓઘ ઊછળતા હતા. પણ જીભ ઉપર શબ્દો આવતા નહોતા. તેઓ આટલા બધા શરમાળ છે એવી એમને પોતાને ય પહેલાં ખબર નહોતી. એમના પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ રાખનાર ઘણાં હતાં, પણ સૌને એમનું શરમાળપણું ખૂંચતું. બાપુ કહે છે કે એ શરમાળપણું જ એમની ઢાલ બન્યું અને એમાંથી તોળીતોળીને, વિચારી-વિચારીને બોલવાની ટેવ પડી.

વિલાયતમાં બાપુ ધાર્મિક પરિચયો વધારતા હતા. ગીતા

પ્રત્યેનું પ્રબળ આકર્ષણ પણ ત્યાં જ પેદા થયું. બાપુ લખે છેઃ

વિલાયતમાં રહેતાં વર્ષેક થયું હશે તેવામાં બે થિયોસોફિસ્ટ મિત્રોની ઓળખાણ થઈ. બન્ને સગાભાઈ હતા ને અવિવાહિત હતા. તેઓએ મારી પાસે ગીતાજીની વાત કરી. તેઓ એડવિન આર્નલ્ડનો ગીતાજીનો અનુવાદ વાંચતા હતા. પણ મને તેઓએ તો તેમની સાથે સંસ્કૃતમાં વાંચવા નોતર્યો. હું શરમાયો કેમ કે મેં તો ગીતા સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં વાંચી જ નહોતી! મારે તેમને કહેવું પડ્યું કે મેં ગીતાજી વાંચેલ જ નથી, પણ તમારી સાથે હું તે વાંચવા તૈયાર છું. મારો સંસ્કૃતનો અભ્યાસ પણ નહિ જેવો જ છે. હું તે એટલે સુધી સમજી શકીશ કે તરજુમામાં અવળો અર્થ હશે તો સુધારી શકાશે. આમ આ ભાઈઓની સાથે મે ગીતા વાંચવાનો આરંભ કર્યો. બીજા અધ્યાયના છેલ્લા શ્લોકોમાંના—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥

क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥×

એ શ્લોકની મારા મન ઉપર ઊંડી અસર પડી. તેના ભણકારા મારા કાનમાં વાગ્યા જ કરે. ભગવદ્ગીતા અમૂલ્ય ગ્રંથ છે એમ મને તે વેળા ભાસ્યું તે માન્યતા ધીમેધીમે વધતી ગઈ અને આજે તત્ત્વજ્ઞાનને સારુ તેને હું સર્વોત્તમ ગ્રંથ ગણું છું. મારી નિરાશાના સમયે તે ગ્રંથે મને અમૂલ્ય સહાય કરી છે.

× વિષયોનું ચિંતવન કરનારનો પ્રથમ તેને વિષે સંગ ઊપજે છે, સંગથી કામના જન્મે છે, કામનાની પાછળ ક્રોધ આવે છે, ક્રોધમાંથી સંમોહ, સંમોહમાંથી સ્મૃતિભ્રમ અને સ્મૃતિભ્રમથી બુદ્ધિનાશ થાય છે, ને અંતે તે પુરુષનો પોતાનો નાશ થઈ જાય છે.

બાપુએ લીધેલી પ્રતિજ્ઞાની કસોટીના પ્રસંગો તો આવતા જતા હતા, પરંતુ તે માંસ અને મદિરા સુધી મર્યાદિત હતા. એક દિવસ ત્રીજી પ્રતિજ્ઞા તૂટવાની ઘડી આવી પહોંચી. બાપુના શબ્દોમાં જ એ પ્રસંગ જાણીએ.

ઘણું કરીને મારા વિલાયતના વસવાટના છેલ્લા વર્ષમાં, એટલે ૧૮૯૦ની સાલમાં, પોર્ટસ્મથમાં અન્નાહારીઓનું સંમેલન હતું. તેમાં મને અને એક હિંદી મિત્રને આમંત્રણ હતું. અમે બન્ને ત્યાં ગયા. અમને બન્નેને એક બાઈને ત્યાં ઉતારો આપવામાં આવ્યો હતો.

પોર્ટસ્મથ ખલાસીઓનું બંદર ગણાય છે. ત્યાં ઘણાં ઘરો દુરાચરણી સ્ત્રીઓનાં હોય છે. તે સ્ત્રીઓ વેશ્યા નહિ તેમ નિર્દોષ પણ નહિ. આવા જ એક ઘરમાં અમારો ઉતારો હતો. સ્વાગત મંડળે ઇરાદાપૂર્વક એવાં ઘર શોધેલાં એમ કહેવાનો આશય નથી; પણ પોર્ટસ્મથ જેવા બંદરમાં જ્યારે મુસાફરોને રાખવા સારુ ઉતારા શોધવામાં આવે ત્યારે કયાં ઘર સારાં અને કયાં નઠારાં એ કહેવું મુશ્કેલ જ થઈ પડે.

રાત પડી, અમે સભામાંથી ઘેર આવ્યા. જમીને પાનાં રમવા બેઠા. વિલાયતમાં સારાં ઘરોમાં પણ આમ મહેમાનોની સાથે ગૃહિણી પાનાં રમવા બેસે, પાનાં રમતાં નિર્દોષ વિનોદ સહુ કરે. અહીં બીભત્સ વિનોદ શરૂ થયો. મારા સાથી તેમાં નિપુણ હતા એ હું નહોતો જાણતો. મને આ વિનોદમાં રસ પડ્યો. હું પણ ભળ્યો. વાણીમાંથી ચેષ્ટામાં ઊતરી પડવાની તૈયારી હતી, પાનાં એક કોરે રહેવાની તૈયારીમાં હતાં. પણ મારા ભલા સાથીના મનમાં રામ વસ્યા. તે બોલ્યા : ‘ અલ્યા, તારામાં આ કળજુગ કેવો? તારું એ કામ નાહ. તું ભાગ અહીંથી.’

હું શરમાયો. ચેત્યો. હૃદયમાં આ મિત્રનો ઉપકાર માન્યો.

માતાની પાસે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. હું ભાગ્યો. મારી કોટડીમાં ધ્રૂજતોધ્રૂજતો પહોંચ્યો. છાતી ધડકતી હતી. કાતિલના હાથમાંથી બચીને કોઈ શિકાર છૂટે ને તેની જેવી સ્થિતિ હોય તેવી મારી હતી.

બાપુ કહે છે કે ઈશ્વરે જ મને ઉગાર્યો. એની કૃપા વિના હું બચી શકત નહીં. અહીં બાપુ બોલ્યા : 'નિર્બલ કે બલ રામ.'

[૫]

બેરિસ્ટર થઈને બાપુ ઘેર આવ્યા એ પછી નવી મૂંઝવણો શરૂ થઈ. બાપુ વિલાયત હતા ત્યારે જ માતાનું અવસાન થયેલું, પણ સ્નેહીજનોએ એ ખબર છુપાવી રાખેલી. બાપુ આવ્યા ત્યારે એમણે જાણ્યું. ભારે આઘાત થયો. તેઓ પોતે લખે છે : 'મારા દુઃખ ઉપર હું પડદો નાખવા ઇચ્છું છું. પિતાના મૃત્યુથી મને જે આઘાત પહોંચ્યો હતો તેના કરતાં આ મૃત્યુના ખબરથી મને બહુ વધારે પહોંચ્યો. મારી ઘણી ધારેલી મુરાદો બરબાદ ગઈ.'

બરાબર આ વખતે જ એમને શ્રીમદ્ રાજચંદ્ર સાથે પરિચય થયો. શ્રીમદ્ રાજચંદ્રજીની ઉંમર ત્યારે માત્ર ૨૫ વર્ષની હતી. પરંતુ એમનાં જ્ઞાન-ચારિત્રની સુવાસ અનેકને પહોંચી હતી. તેઓ શતાવધાની હતા. બાપુ પ્રથમ તો એ કુતૂહલથી એમને મળેલા, પણ એમણે પહેલી મુલાકાતે જ જોઈ લીધું કે 'હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે' એવો આ આત્મા છે. બાપુને ત્યારપછી શ્રીમદ્ રાજચંદ્રનો આધ્યાત્મિક સાથ ઠીકઠીક પ્રમાણમાં મળ્યો.

હિંદમાં આવ્યા પછી બાપુની પ્રવૃત્તિ ત્રણ દિશામાં ચાલતી હતી : એક ધર્મશોધન, બીજી ખોરાકના પ્રયોગો અને ત્રીજી પ્રવૃત્તિ વકીલાતમાં માર્ગ મેળવવાની. આમાંની બે પ્રવૃત્તિમાં

તેઓ સફળ થયા, પણ ત્રીજી ફાવી નહિ. દુન્યવી સફળતા માટે અસત્ય, લાગવગ, ખુશામત વગેરે જોઈએ તે બાપુના મનને રુચતાં જ ન હતાં.

અચાનક આફ્રિકાનું તેડું આવ્યું. કુદરત બાપુને તાવવા ઇચ્છતી હતી અને એ અગ્નિભઠ્ઠી આફ્રિકામાં તૈયાર હતી. પ્રભુને પોતાનું કાર્ય કરવા શુદ્ધ માનવશરીરની જરૂર હતી. એણે બાપુને એ માટે પસંદ કર્યા. એક મેમણ પેઢીના મોટા કેસમાં કોઈ મોટા વકીલ નીચે કામ કરવા જવાનું હતું. બાપુ તૈયાર થઈ ગયા. ૧૮૯૩માં એટલે માત્ર ૨૪ વર્ષની ઉંમરે વતન છોડી તેઓ આફ્રિકા ઊપડ્યા.

આપણે બાપુને એટલાં બધાં વર્ષ આપણી વચ્ચે જોયા છે કે આફ્રિકા યાદ જ ન આવે. ૧૯૧૫થી ૧૯૪૮ સુધીમાં આપણા રાષ્ટ્રજીવનના પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં બાપુનું જીવન ધબકયું છે, એટલે આપણી નજર એથી આગળ ન જાય એ સ્વાભાવિક છે. પણ બાપુની જીવનસાધના જાણવા માટે તો આફ્રિકાનાં ૨૨ વર્ષો અતિ અગત્યનાં છે.

બાપુ આફ્રિકામાં ગયા હતા વકીલાત કરવા, પરંતુ કુદરતે એમને માટે જુદું જ નિર્માણ કરી રાખ્યું હતું. આફ્રિકામાં હિંદીઓની સ્થિતિ ગુલામો જેવી હતી. એમને ડગલે ને પગલે અપમાન સહવાં પડતાં. આ સામે હિંદીઓના દિલમાં રોષ હતો. પરંતુ કોઈ પ્રકારનું સંગઠન નહોતું. અનેક વાડાઓ રચાઈ ગયા હતા. ધીમેધીમે સર્વ અપમાનથી ટેવાઈ જઈ માનવતા છોડવા લાગ્યા હતા. બાપુને ત્યાં જતાં જ એ અનુભવો થવા લાગ્યા. વકીલાત કરી અને તે અંગે અનુભવો પણ ઘણા થયા. પરંતુ સત્યની શોધ માટે સત્યાગ્રહની જે શોધ ત્યાં એમણે કરી તેમાં જ એમનાં સમય, શક્તિ ને હૃદય રોકાઈ ગયાં.

જે કેસ માટે બાપુ આફ્રિકા ગયા હતા તે કેસ પૂરો થતાં

એમણે હિંદ આવવાની તૈયારી કરી હતી. વિદાયનો મેળાવડો ગોઠવાયો હતો. બાપુ જ્યાં બેઠા હતા ત્યાં સામે કેટલાંક વર્તમાનપત્રો પડેલાં હતાં. બાપુ એ જોતા હતા ત્યાં તેના એક ખૂણામાં છપાયેલા સમાચારો તરફ એમનું ધ્યાન ખેંચાયું. એ ચોંક્યા. એ સમાચારની મતલબ એવી હતી કે નાતાલની ધારાસભામાં હિંદીઓને મળતો મતાધિકાર ખૂંચવી લેવો. બાપુએ તરત આજુબાજુનાઓને આ વિષે પૂછ્યું, પણ કોઈ કશું જાણતું ન હતું ! બાપુએ આ કાયદાની ગંભીરતા સમજાવી ત્યારે સૌ આભા બની ગયા. કોઈએ વિનતિ કરીઃ 'તમે આ સ્ટીમરમાં ન જાઓ ને એકાદ માસ રોકાઈ જાઓ તો તમે કહો તેમ કરીએ.' થોડીક ચર્ચાને અંતે બાપુ રોકાયા : વકીલ તરીકે નહિ, હિંદીઓના 'ભાઈ' તરીકે. ખાણાંની મિજલસનું સ્વરૂપ બદલાઈ ગયું અને લડાઈની હવા વ્યાપી ગઈ. ૧૮૯૩ની એ સાલ.

આફ્રિકાના સત્યાગ્રહ વિષે બાપુએ પોતે જ 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ' નામથી પુસ્તક લખ્યું છે. જગતને મળેલી બાપુની મોટામાં મોટી ભેટ તે સત્યાગ્રહ. એનો મર્મ સમજવા ઇચ્છનારે એ પુસ્તકના બન્ને ભાગો વાંચી જવા જોઈએ. એ પછી પોતાની જીવનકથા દ્વારા આફ્રિકાના સત્યના પ્રયોગો એમણે આત્મકથામાં વિસ્તારથી આલેખ્યા છે. એ બધું વિગતવાર જાણવું જોઈએ, પણ તે માટે 'આત્મકથા'નું વાચન અનિવાર્ય છે. અહીં તો એની રેખાઓ પણ આપણે માંડમાંડ જોઈ શકીશું.

એમ લાગે છે, કે અહીંથી બાપુના જીવનમાં ભારે મોટો પલટો આવે છે. આટલા વર્ષમાં જે કંઈ બન્યું તેમાં બાપુ પોતે જ પોતા વિષે નિર્ણય કરનાર નહોતા, તેમ કંઈક અંશે સંયોગોને આધારે ચાલતા હતા. આફ્રિકામાં રહેવાનો નિશ્ચય કર્યો ત્યારથી એમણે જાતે ખૂબ ચીવટપૂર્વક જનતાનું અને પોતાનું જીવનઘડતર આરંભ્યું. આફ્રિકાના કાળા કાયદા સામે એમણે ધર્મયુદ્ધ આદર્યું.

એ વખતે સત્યાગ્રહમાં કોઈ સમજતું નહોતું. બાપુને આ શબ્દ-પ્રયોગ શોધતાં વાર લાગી હતી, પણ એમના દિલમાં તો દીવો થઈ ગયો હતો.

બાપુ આફ્રિકામાં રોકાયા કે તરત જ કામનો પ્રારંભ થયો. સત્યાગ્રહીને છાજે તે રીતે સર્વપ્રથમ કાળો કાયદો દૂર કરવા એમણે કાયદેસરની પ્રવૃત્તિનો આશ્રય લીધો. અરજીઓ વગેરે કરી ન્યાય મેળવવાનો પ્રયત્ન કર્યો. બાપુ સામે કેટલાક વ્યાવહારિક સવાલો એ જ વખતે ઊભા થયા. એમણે વકીલાતની સનંદ મેળવી અને ઘર શરૂ કર્યું. આફ્રિકાના પ્રશ્નો ઉકેલવા એક સંસ્થાની જરૂર હતી. ૧૮૯૪ના મેની ૨૨મી તારીખે 'નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ'ની સ્થાપના થઈ. એ વખતે બાપુની ઉંમર ૨૫ વર્ષની જ હતી. આપણે બાપુને પ્રૌઢ અને વૃદ્ધ જોયા છે, એટલે એમણે પોતાની જુવાનીમાં જે અદ્ભુત કાર્યો કર્યાં, તે પૂરેપૂરાં આપણી નજરમાં આવતાં નથી. આ વખતે બાપુના જીવનમાં ધર્મભાવના વિકસતી જતી હતી. પ્રથમ જિજ્ઞાસા, પછી નિરીક્ષણ અને છેલ્લે પ્રયોગ; પરંતુ એ ત્રણે ક્રિયા અત્યંત ઝડપથી ચાલતી હતી. તેઓ જ્યાં જતા ત્યાં ધાર્મિક પુરુષોનો સહવાસ એમને મળી જ જતો. અંતરનું આકર્ષણ જ એમાં કારણભૂત હશે.

હિંદીઓને ગુલામ બનાવનારી ગિરમિટિયાની પ્રથા સામે બાપુએ મોરચો માંડ્યો હતો, ત્યાં ગિરમિટિયા ઉપર આફ્રિકાની સરકારે ૨૫ પાઉન્ડનો કર નાખવાનો ખરડો તૈયાર કરી દીધો. ગિરમિટની પ્રથા એ ગુલામીનું જ બીજું નામ હતું. ગોરાઓએ પોતાની સંપત્તિ વધારવા લાલચો આપીને, હિંદી મજૂરોને આફ્રિકામાં બોલાવ્યા હતા. હિંદી સરકાર તો તેમની એટલે ગોરાઓની જ હતી, એટલે એમને બધી સગવડ મળી રહેતી હતી. ગોરાઓએ માન્યું હતું, કે હિંદી મજૂરો કેવળ કાળજાતૂટ મહેનત જ કરશે; પરંતુ બન્યું તે કરતાં જુદું. હિંદીઓ પોતાનો સ્વતંત્ર

વિકાસ સાધવા મળ્યાં ને આફ્રિકાનો બગીચો ખીલવવા લાગ્યા. ગોરાઓથી આ કેમ સહ્યું જાય? એમણે હિંદીઓને કાઢવાની અથવા મુશ્કેલીમાં મૂકવાની તૈયારીઓ કરવા માંડી. આ કર તેનું જ એક પરિણામ હતું. આટલા સમયમાં આફ્રિકાવાસીઓનો પ્રેમ બાપુ તરફ વધતો જતો હતો. બાપુએ એ પ્રેમની લાગણીને કર્તવ્ય તરફ પ્રેરી. આંદોલનને પરિણામે ૨૫ પાઉન્ડનો કર ૩ પાઉન્ડનો થઈ ગયો અને હિંદના તે વખતના વાયસરૉયે તે વખતે તેમાં સંમતિ આપી દીધી.

બાપુને સંતોષ ન થયો. તેઓ આ કરને જ અન્યાયરૂપ માનતા હતા. આ ત્રણ પાઉન્ડના કરને નાબૂદ કરવા માટે જે જંગ શરૂ થયો, તેનો પવિત્ર ઇતિહાસ આપવાને અહીં અવકાશ નથી. એ લડાઈ વીસ વર્ષ સુધી ચાલી. માત્ર નાતાલમાં નહિ, આખા દક્ષિણ આફ્રિકામાં એ પ્રસરી ગઈ. અનેકને ગોળીબારના ભોગ થવું પડયું. દસ હજારથી વધુ હિંદીઓએ કારાવાસનો લાભ લીધો. પણ અંતે સત્યનો જય થયો. આજે વિચાર આવે છે, કે આ લડાઈ ન થઈ હોત તો દક્ષિણ આફ્રિકાના હિંદીઓનું તો ઠીક પણ આ હિંદના હિંદીઓની પણ શી દશા થાત? પણ આવી કલ્પના અસ્થાને છે. પ્રભુની યોજના અનુસાર પુરાણપવિત્ર ભારતવર્ષના ઉદ્ધાર માટે બાપુનું ઘડતર જરૂરી હતું; અને તે માટે ઈશ્વરે આફ્રિકાની જ ભૂમિ નિર્માણ કરી હતી એમ માનવું જોઈએ.

બાપુ ૧૮૯૬ની સાલમાં હિંદ પાછા આવ્યા. એમની કર્મપરાયણતાનો એક નમૂનો સ્ટીમરની મુસાફરીમાં પણ જોવા મળે છે. ઈશ્વરે આપેલી પળેપળનો ઉપયોગ તેઓ કરતા હતા. આ વખતે એમની વય ૨૭ વર્ષની હતી. રસ્તામાં ઉર્દુ અને તામીલ તેઓ શીખવા લાગ્યા. જ્યાં બેસવું ત્યાં પ્રેમની સુવાસ પ્રસરાવવી અને નવા ને નવા સંબંધો બાંધતા જવું, એ બાપુની પ્રકૃતિ હતી. દેશમાં આવીને એમણે રાજકોટનો માર્ગ લીધો. ત્યાં જઈ દક્ષિણ આફ્રિકાનો કેસ સમજાવતી એક પુસ્તિકા પ્રસિદ્ધ કરી. બાપુનું નામ તે દિવસે એટલું પ્રસિદ્ધ નહોતું; છતાં એ પુસ્તિકા આખા દેશમાં અને દુનિયાનાં મુખ્યમુખ્ય સ્થળે પ્રસિદ્ધિ પામી ગઈ. હિંદુસ્તાનનાં મુખ્ય ગણાતાં વૃત્તપત્રોએ તેના ઉપર અગ્રલેખો લખ્યા. રોઈટરે એ સમાચારો આખી દુનિયામાં પહોંચાડ્યા. આફ્રિકાના માંધાતાઓ ઉપર આની ભારે અસર થઈ.

પણ કામ આટલું જ નહોતું. બાપુ પોતાના કામનો લાંબો કાર્યક્રમ ભાગ્યે જ ઘડતા. એ બોજો ખરેખર ભગવાને જ સોંપ્યો હોય તે રીતે તેઓ છેક જુવાનીથી જીવતા હતા. રાજકોટમાં હતા, ત્યારે ત્યાં મરકી ફાટી નીકળી એટલે બાપુ એ કાર્યમાં ડૂબી ગયા. આજે તો એમના પ્રતાપે સર્જાયેલા વાતાવરણમાં આશ્ચર્ય ન થાય; પરંતુ તે દિવસે શહેરની અને ઘરની ગંદકી સાફ કરવી–કરાવવી એ વસ્તુ સામાન્ય નહોતી. રાજકોટ મરકીથી મુક્ત થયું ત્યાં સુધી બાપુ ત્યાં રહ્યા. એ પછી મુંબઈ આવ્યા. સર ફિરોજશા મહેતા, દિનશા વાચ્છા, ન્યાયમૂર્તિ રાનડે, શ્રી તૈયબજી વગેરેનો પહેલો પરિચય એમણે કર્યો. મુંબઈમાં સર કાવસજી જહાંગીર હોલમાં આ નેતાઓની હાજરીમાં એમણે, પહેલું વ્યાખ્યાન આપ્યું. સર ફિરોઝશા ખુશખુશ થઈ ગયા.

આફ્રિકાના પ્રશ્નમાં હિંદીઓ શી રીતે સાથ આપી શકે તે બાપુએ સમજાવ્યું. એ પછી તેઓ પૂના ગયા. લોકમાન્ય તિલક મહારાજનાં દર્શન કર્યાં. પ્રખર વિદ્વાન શ્રી. ભાંડારકરને મળ્યા અને જેમણે બાપુના જીવન ઉપર ભારે મોટી અસર કરી, તે શ્રી ગોખલેજીનો પણ બાપુને પહેલો પરિચય ત્યારે જ થયો. બાપુ એ પરિચય નીચેના શબ્દોમાં નોંધે છે :

અહીંથી હું ગોખલે પાસે ગયો. તે ફરગ્યુસન કૉલેજમાં હતા. મને ખૂબ પ્રેમથી ભેટ્યા ને પોતાનો કરી લીધો. તેમનો પણ મને પહેલો પરિચય હતો. પણ કેમ જાણે અમે પૂર્વે મળ્યા ન હોઈએ તેમ લાગ્યું. સર ફિરોઝશા તો મને હિમાલય જેવા લાગ્યા, લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા, ગોખલે ગંગા જેવા લાગ્યા, તેમાં હું નાહી શકું. હિમાલય ચડાય નહિ. સમુદ્રમાં ડૂબવાનો ભય રહે. ગંગાની તો ગોદમાં રમાય. તેમાં હોડકાં લઈને તરાય. ગોખલેએ મારી ઝીણવટથી તપાસ કરી, જેમ એક નિશાળિયો નિશાળમાં દાખલ થવા જાય તેની થાય તેમ. કોને કોને મળવું ને કેમ મળવું એ બતાવ્યું, ને મારું ભાષણ જોવા માગ્યું. મને કૉલેજની ગોઠવણ બતાવી. જ્યારે મળવું હોય ત્યારે ફરી મળવાનું કહી, દા. ભાંડારકરનો જવાબ સંભળાવવાનું કહી, મને વિદાય કર્યો. રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં જે સ્થાન ગોખલેએ જીવતાં મારા હૃદયમાં ભોગવ્યું ને હજી દેહાંત થયા છતાં ભોગવે છે તે કોઈ ભોગવી શક્યું નથી.

એ પછી તેઓ મદ્રાસ અને કલકત્તા ગયા. દેશનાં મુખ્ય શહેરોમાં તે કાળની આગેવાન વ્યક્તિઓ આફ્રિકાના પ્રશ્નમાં રસ લેતી થઈ ગઈ. કલકત્તામાં સર સુરેન્દ્રનાથ બેનરજીનો પરિચય કર્યો. તે કાળમાં પણ મોટાં ગણાતાં વૃત્તપત્રોને આફ્રિકાનો કેસ બાપુએ સમજાવ્યો. દેશમાં ઠીકઠીક વાતાવરણ ઊભું થયું.

આફ્રિકાનું તેડું આવતાં બાપુએ ફરી ત્યાંનો માર્ગ લીધો. બાપુ આ કાળે અંગ્રેજોની 'સભ્યતા'થી કંઈક આકર્ષાયા હતા. સ્ત્રી–બાળકો અંગ્રેજી ઢબે રહે, એવો આગ્રહ રાખતા હતા. આ મોહ કેમ છૂટ્યો તેનું વર્ણન બાપુએ બહુ સુંદર રીતે કર્યું છે.

બાપુ ફરીને આફ્રિકા પહોંચ્યા, ત્યારે ત્યાંના ગોરાઓ વીફરી ચૂક્યા હતા. એમણે માન્યું હતું, કે આ ગાંધીએ દુનિયામાં એમનો ફજેતો કરાવ્યો છે; એટલે તો એમના રોષની કોઈ સીમા નહોતી. ગોરાઓનું તોફાની ટોળું બાપુના ઊતરવાની રાહ જોતું દરિયાકાંઠે ઊભું હતું. પહેલો પ્રયત્ન તો બાપુને અને એ જહાજમાં આવેલા ઉતારુઓને આફ્રિકાની ધરતી ઉપર ન ઊતરવા દેવાનો થયો, પરંતુ તેમાં ગોરાઓ ફાવ્યા નહિ એટલે બાપુ ઉપર હલ્લો કર્યો. બાપુના દિલમાં આ વિષે ભય નહોતો. તેઓ જહાજમાં હતા ત્યારે જ કપ્તાન સાથેની ચર્ચામાં પોતાની અહિંસા વિશેની શ્રદ્ધા વ્યક્ત કરી હતી અને કસોટી આવતાં કસોટીમાં ઊતરવાની તૈયારી પણ બતાવી હતી. એ કસોટી આવી પડી. બાપુ ડગ્યા નહિ. અંતે ઈશ્વરે મોકલી હોય એવી મદદ મળી ગઈ ને બાપુ બચી ગયા.

બાપુ સત્યાગ્રહી હતા. એમણે ધાર્યું હોત, તો તોફાનીઓ સામે કાયદેસર પગલાં લઈ તેમને શિક્ષા કરાવી શકત. અનેક તરફથી એવી સલાહ પણ મળી, પરંતુ બાપુએ એમાં પડવાની ના પાડી દીધી. પોતાનું એમને મહત્ત્વ નહોતું, મહત્ત્વ તો હતું આફ્રિકાના પ્રશ્નનું. તેમણે પોતાનું સમગ્ર ધ્યાન એમાં રોકી દીધું.

આ વર્ષો બાપુના મંથનકાળનાં હતાં. ગૃહજીવન, બાળકેળવણી, સંયમ, સાદાઈ; એ બધા પ્રશ્નો બાપુના અંતરમાં મંથનો જગાડતા હતા. જીવનનો માર્ગ બદલાતો જતો હતો. ગમે તેવા કામમાં પણ માંદાઓની સેવા કરવાનું આવે, ત્યારે તો તેઓ કરી જ લેતા હતા. એકવાર એક રક્તપિતિયાને ઘેર લઈ આવેલા.

બધા ખળભળી ઊઠેલા, પણ કોઈનું કશું ચાલ્યું નહોતું. ધર્મ-વિચારોથી સંયમ તરફનું આકર્ષણ વધતું જ જતું હતું. દિવસે દિવસે કામ પણ એટલું મોટું અને જોખમી બનતું હતું, કે સંસારી જીવન જીવવાનું મુશ્કેલ જણાતું હતું. એક બાજુ સેવા કરવી હતી. અને બીજી બાજુ પરમતત્ત્વની શોધ કરવી હતી. એ બંને માટે બાપુને બ્રહ્મચર્ય આવશ્યક લાગ્યું. ૧૯૦૧માં પહેલો નિશ્ચય થયો. ૧૯૦૧ થી ૧૯૦૬ સુધીનો કાળ કઠોર જીવનનો હતો. ૧૯૦૬માં તો આખરી સંકલ્પ થઈ ચૂક્યો. આ પવિત્ર સંકલ્પને બાપુના પોતાના જ શબ્દો આપણે વાંચીએ;

> અંતિમ નિશ્ચય તો છેક ૧૯૦૬ની સાલમાં જ કરી શકયો. તે વખતે સત્યાગ્રહનો આરંભ નહોતો થયો. તેનું મને સ્વપ્ન સરખું યે નહોતું. બોઅર યુદ્ધ પછી નાતાલમાં ઝૂલુ 'બળવો' થયો. એ વેળા હું જોહાનિસબર્ગમાં વકીલાત કરતો હતો; પણ મને લાગ્યું; કે મારે 'તે બળવા'ને અંગે પણ મારી સેવા નાતાલ સરકારને અર્પવી જોઈએ, મેં તે અર્પી. તે કબૂલ થઈ. તેનું વર્ણન હવે પછી આવશે. પણ આ સેવાને અંગે મને તીવ્ર વિચારો ઉત્પન્ન થયા. મારા સ્વભાવ પ્રમાણે મારા સાથીઓ જોડે મેં તેની ચર્ચા કરી. મને લાગ્યું કે પ્રજોત્પત્તિ અને પ્રજાઉછેર જાહેર સેવાનાં વિરોધી છે. આ 'બળવા'માં દાખલ થવા સારુ મારે મારું જોહાનિસબર્ગનું ઘર વીંખવું પડ્યું હતું. ટાપ-ટીપથી વસાવેલા ઘરનો અને રાચરચીલાનો, તે વસાવ્યે માંડ મહિનો થયો હશે તેટલામાં મેં ત્યાગ કર્યો. પત્નીને અને બાળકોને ફિનિક્સમાં રાખ્યાં, ને હું ડોળીની ટુકડી લઈને નીકળી પડ્યો. કઠણ કૂચો કરતાં મેં જોયું કે જો મારે લોકસેવામાં જ તન્મય થઈ જવું હોય, તો પુત્રૈષણા તેમ જ વિત્તૈષણાનો ત્યાગ કરવો જોઈએ; અને વાનપ્રસ્થ-

ધર્મનું પાલન કરવું જોઈએ.

'બળવા'માં તો મારે દોઢ મહિનાથી વધુ ન રોકાવું પડયું. પણ આ છ અઠવાડિયાં મારી જિંદગીનો અતિશય કિંમતી કાળ હતો. વ્રતનું મહત્ત્વ હું આ કાળા વધારેમાં વધારે સમજ્યો. મેં જોયું કે વ્રત બંધન નથી પણ સ્વતંત્રતાનું દ્વાર છે. આજ લગી મારા પ્રયત્નોમાં ઘટતી સફળતા ન મળી, કેમ કે હું નિશ્ચયવાન નહોતો. મને મારી શક્તિનો અવિશ્વાસ હતો. મને ઈશ્વરકૃપાનો અવિશ્વાસ હતો અને તેથી મારું મન અનેક તરંગો ને અનેક વિકારોને વશ વર્તતું હતું. મેં જોયું કે વ્રતથી ન બંધાવામાં મનુષ્ય મોહમાં પડે છે. વ્રતથી બંધાવું એ વ્યભિચારમાંથી નીકળી એક પત્નીનો સંબંધ બાંધવા જેવું છે. 'હું પ્રયત્ન કરવામાં માનું છું, વ્રતથી બંધાવા નથી માંગતો' એ વચન નિર્બળતાની નિશાની છે ને તેમાં સૂક્ષ્મ રીતે ભોગની ઇચ્છા છે. જે વસ્તુ ત્યાજ્ય છે તેનો સર્વથા ત્યાગ કરવામાં હાનિ કેમ હોઈ શકે? જે સરપ મને કરડવાનો છે, તેનો હું નિશ્ચયપૂર્વક ત્યાગ કરું છું. ત્યાગનો માત્ર પ્રયત્ન નથી કરતો. હું જાણું છું કે, માત્ર પ્રયત્ન પર રહેવામાં મરવું રહેલું છે. પ્રયત્નમાં સરપની વિકરાળતાના સ્પષ્ટ જ્ઞાનનો અભાવ છે. તે જ પ્રમાણે, જે વસ્તુના ત્યાગનો આપણે માત્ર પ્રયત્ન કરીએ છીએ તે વસ્તુના ત્યાગની યોગ્યતાને વિશે આપણને સ્પષ્ટ દર્શન નથી થયું; એમ સિદ્ધ થાય છે. 'મારા વિચાર પાછળથી બદલાય તો?' આવી શંકા કરીને ઘણી વેળા આપણે વ્રત લેતાં ડરીએ છીએ. આ વિચારમાં સ્પષ્ટ દર્શનનો અભાવ જ છે, તેથી જ નિષ્કુળાનંદે કહ્યું છે કે

'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના.'

જ્યાં અમુક વસ્તુને વિષે સંપૂર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થયો

છે, ત્યાં તેને વિષે વ્રત અનિવાર્ય વસ્તુ છે.

સારી પેઠે ચર્ચા કર્યા પછી અને પુખ્ત વિચારો કર્યા પછી સને ૧૯૦૬ની સાલમાં વ્રત લીધું. વ્રત લેતાં લગી મેં ધર્મપત્ની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતને સમયે કરી. તેના તરફથી મને કશો વિરોધ ન થયો.

આ વ્રત લેતાં તો મને બહુ ભારે પડ્યું. મારી શક્તિ ઓછી હતી. વિકારોને દબાવવાનું કેમ બનશે? સ્વપત્નીની સાથે વિકારી સંબંધનો ત્યાગ એ નવાઈની વાત લાગતી હતી. છતાં એ જ મારું કર્તવ્ય હતું એ હું સ્પષ્ટ જોઈ શકતો હતો. મારી દાનત શુદ્ધ હતી. શક્તિ ઈશ્વર આપી રહેશે એમ વિચારી મેં ઝંપલાવ્યું.

આજે વીસ વર્ષ પછી તે વ્રતનું સ્મરણ કરતાં મને સાનંદાશ્ચર્ય થાય છે. સંયમ પાળવાની વૃત્તિ તો ૧૯૦૧થી પ્રબળ હતી, ને હું તે પાળી પણ રહ્યો હતો; પણ જે સ્વતંત્રતા અને આનંદ હું હવે ભોગવવા લાગ્યો તે સન ૧૯૦૬ પહેલાં ભોગવ્યાનું મને સ્મરણ નથી; કેમ કે તે વખતે હું વાસનાબદ્ધ હતો, ગમે ત્યારે તેને વશ થઈ શકતો. હવે વાસના મારા ઉપર સવારી કરવા અસમર્થ થઈ.

વળી હવે બ્રહ્મચર્યનો મહિમા હું વધારે ને વધારે સમજવા લાગ્યો. વ્રત મેં ફિનિક્સમાં લીધું. ઘાયલોની મદદના કામમાંથી છૂટો થયે હું ફિનિક્સ ગયો હતો. ત્યાંથી મારે તુરત જોહાનિસબર્ગ જવાનું હતું. હું ત્યાં ગયો ને એક મહિનાની અંદર સત્યાગ્રહની લડતનો પાયો નંખાયો. કેમ જાણે આ બ્રહ્મચર્યનું વ્રત તેને સારુ મને તૈયાર કરવા જ આવ્યું ન હોય! સત્યાગ્રહની કલ્પના મેં કંઈ રચી નહોતી રાખી. તેની ઉત્પત્તિ અનાયાસે, અનિચ્છાએ થઈ. પણ મેં જોયું કે તે અગાઉનાં મારાં બધાં પગલાં—ફિનિક્સ જવું, જોહાનિસબર્ગ-

નું મોટું ઘરખર્ચ ઓછું કરી નાખવું અને છેવટે બ્રહ્મચર્યવ્રત લેવું–જાણે તેની તૈયારીરૂપે હતાં.

બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે બ્રહ્મદર્શન. આ જ્ઞાન મને શાસ્ત્ર મારફતે નહોતું થયું. એ અર્થ મારી આગળ ધીરેધીરે અનુભવસિદ્ધ થતો ગયો. તેને લગતાં શાસ્ત્રવાક્યો મેં પાછળથી વાંચ્યાં. બ્રહ્મચર્યમાં શરીરરક્ષણ, બુદ્ધિરક્ષણ અને આત્માનું રક્ષણ છે એ હું વ્રત પછી દિવસેદિવસે વધારે અનુભવવા લાગ્યો; કેમ કે હવે બ્રહ્મચર્યને એક ઘોર તપશ્ચર્યારૂપ રહેવા દેવાને બદલે, તેને રસમય બનાવવાનું હતું, તેની જ ઓથે નભવું રહ્યું હતું; એટલે હવે તેની ખૂબીઓનાં નિત્યનવાં દર્શન થવા લાગ્યાં.

પણ જો આમ હું આમાંથી રસ લૂંટતો હતો, તો તેની કઠિનતા નહોતો અનુભવતો એમ પણ કોઈ ન માને. આજે છપ્પન વર્ષ પૂરાં થયાં છે, ત્યારે પણ તેની કઠિનતાનો અનુભવ તો થાય જ છે. તે અસિધારા વ્રત છે એમ વધારે ને વધારે સમજું છું. નિરંતર જાગૃતિની આવશ્યકતા જોઉં છું.

બ્રહ્મચર્યનું પાલન કરવું હોય, તો સ્વાદેન્દ્રિય ઉપર કાબૂ મેળવવો જ જોઈએ. જો સ્વાદને જિતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે એ મેં જાતે અનુભવ્યું. તેથી હવે પછીના મારા ખોરાકના પ્રયોગો કેવળ અન્નાહારની દૃષ્ટિએ નહિ, પણ બ્રહ્મચર્યની દૃષ્ટિએ થવા લાગ્યા. ખોરાક ઓછો, સાદો, મસાલાવિનાનો ને કુદરતી સ્થિતિમાં ખાવો જોઈએ; એ મેં પ્રયોગો કરી અનુભવ્યું. બ્રહ્મચારીનો ખોરાક વનપક્વ ફળ છે એમ મારે અંગે તો મેં છ વર્ષનો પ્રયોગ કરીને જોયું. જ્યારે હું સૂકાં અને લીલાં વનપક્વ ફળ ઉપર જ રહેતો, ત્યારે જે નિર્વિકારપણું અનુભવતો તે મેં ખોરાકમાં ફેરફાર કર્યા પછી નથી અનુભવ્યું. ફળાહારને સમયે બ્રહ્મચર્ય

સહજ હતું. દૂધાહારને અંગે તે કષ્ટસાધ્ય બન્યું છે. ફળાહારમાંથી દૂધાહાર ઉપર કેમ જવું પડ્યું એનો વિચાર યોગ્ય સ્થળે થશે. અહીં તો એટલું કહેવું બસ છે કે બ્રહ્મચારીને સારુ દૂધનો આહાર વિઘ્નકર્તા છે એ વિષે મને શંકા નથી. આમાંથી કોઈ એવો અર્થ ન કાઢે કે બ્રહ્મચારી માત્રે દૂધનો ત્યાગ કરવો ઘટે છે. ખોરાકની અસર બ્રહ્મચર્ય ઉપર કેટલી પડે છે એ વિષયને અંગે ઘણા પ્રયોગની આવશ્યકતા છે. દૂધના જેવો સ્નાયુ બાંધનારો ને એટલી જ સહેલાઈથી પચનારો ફળાહાર હજુ મારે હાથ નથી લાગ્યો. નથી કોઈ વૈદ્ય, હકીમ કે દાક્તર તેવાં ફળ કે અન્ન બતાવી શક્યા. તેથી દૂધને વિકાર કરનારી વસ્તુ જાણતાં છતાં હું તેના ત્યાગની ભલામણ હાલ કોઈને નથી કરી શકતો.

બાહ્ય ઉપચારોમાં જેમ ખોરાકની, જાતની અને પ્રમાણની મર્યાદા આવશ્યક છે તેમ જ ઉપવાસનું સમજવું. ઇંદ્રિયો એવી બળવાન છે, કે તેને ચોમેરથી, ઉપરથી અને નીચેથી એમ દશે દિશાએથી ઘેરવામાં આવે, ત્યારે જ અંકુશમાં રહે છે. ખોરાક વિના તે કામ નથી કરી શકતી એ સહુ જાણે છે, એટલે ઇંદ્રિયદમનના હેતુથી ઇચ્છાપૂર્વક કરેલા ઉપવાસની ઇંદ્રિયદમનમાં બહુ મદદ મળે છે, એ વિષે મને શંકા નથી. કેટલાક લોકો ઉપવાસ કરતાં છતાં નિષ્ફળ જાય છે તેનું કારણ એ છે, કે ઉપવાસ જ બધું કરી શકશે એમ માની તેઓ માત્ર સ્થૂળ ઉપવાસ કરે છે ને મનથી છપ્પનભોગ આરોગે છે. ઉપવાસ દરમ્યાન ઉપવાસ છૂટયે શું ખાઈશું એના વિચારોનો સ્વાદ લીધા કરે છે; ને પછી ફરિયાદ કરે છે, કે નથી સ્વાદેંદ્રિયનો સંયમ થયો ને નથી થયો જનનેંદ્રિયનો! ઉપવાસની ખરી ઉપયોગિતા ત્યાં જ હોય, જ્યાં માણસનું મન પણ દેહદમનમાં સાથ આપે એટલે કે મનને વિષયભોગ પ્રત્યે વૈરાગ

આવ્યો હોવો જોઈએ. વિષયનાં મૂળિયાં મનમાં રહેલાં છે. ઉપવાસાદિ સાધનોની મદદ જો કે ઘણી છતાં પ્રમાણમાં થોડી જ હોય છે. એમ કહી શકાય કે ઉપવાસ કરતો છતો મનુષ્ય વિષયાસક્ત રહી શકે છે ખરો; પણ ઉપવાસ વિના વિષયાસક્તિનો જડમૂળથી નાશ સંભવતો નથી. તેથી બ્રહ્મચર્યના પાલનમાં ઉપવાસ અનિવાર્ય અંગ છે.

બ્રહ્મચર્યનો પ્રયત્ન કરનારા ઘણા નિષ્ફળ જાય છે, કેમ કે તેઓ ખાવાપીવામાં, જોવા ઇત્યાદિમાં અબ્રહ્મચારીની જેમ રહેવા માગતાં છતાં બ્રહ્મચર્યનું પાલન ઇચ્છે છે. આ પ્રયત્ન ઉષ્ણ ઋતુમાં શીત ઋતુનો અનુભવ લેવાના પ્રયત્ન જેવો કહેવાય. સંયમીના અને સ્વચ્છંદીના, ભોગીના અને ત્યાગીના, જીવન વચ્ચે ભેદ હોવો જ જોઈએ; સામ્ય હોય છે તે તો માત્ર ઉપરથી દેખાતું જ. ભેદ ચોખ્ખો તરી આવવો જોઈએ. આંખનો ઉપયોગ બન્ને કરે, પણ બ્રહ્મચારી દેવદર્શન કરે, ભોગી નાટકચેટકમાં લીન રહે. બન્ને કાનનો ઉપયોગ કરે, પણ એક ઈશ્વરભજન સાંભળે, બીજો વિલાસી ગીતો સાંભળવામાં મોજ માણે. બન્ને જાગરણ કરે, પણ એક જાગ્રતાવસ્થામાં હૃદયમંદિરમાં બિરાજતા રામને વીનવે, બીજો નાચરંગની ધૂનમાં સૂવાનું ભાન ભૂલી જાય. બન્ને જમે, પણ એક શરીરરૂપી તીર્થક્ષેત્રને નભાવવા પૂરતું દેહને ભાડું આપે, બીજો સ્વાદને ખાતર દેહમાં અનેક વસ્તુઓ ભરી તેને દુર્ગંધિત કરી મૂકે. આમ બન્નેના આચારવિચારમાં ભેદ રહ્યા જ કરે; અને એ દિવસેદિવસે વધે, ઘટે નહિ.

બ્રહ્મચર્ય એટલે મનવચનકાયાથી સર્વ ઇંદ્રિયોનો સંયમ. આ સંયમને સારુ ઉપર પ્રમાણે ત્યાગોની આવશ્યક્તા છે એમ હું દિવસેદિવસે જોતો ગયો. આજે પણ જોઈ રહ્યો છું. ત્યાગના ક્ષેત્રને સીમા જ નથી, જેમ બ્રહ્મચર્યના મહિમાને

નથી. આવું બ્રહ્મચર્ય અલ્પ પ્રયત્ને સાધ્ય નથી, કરોડોને સારુ તો એ હમેશાં કેવળ આદર્શરૂપે જ રહેશે; કેમ કે પ્રયત્નશીલ બ્રહ્મચારી પોતાની ઊણપોનું નિત્ય દર્શન કરશે, પોતાનામાં ખૂણેખાંચરે છુપાઈ રહેલા વિકારોને ઓળખી લેશે, ને તેમને કાઢવા સતત પ્રયત્ન કરશે. જ્યાં લગી વિચારો ઉપર એવો કાબૂ નથી મળ્યો કે ઇચ્છા વિના એક પણ વિચાર ન આવે, ત્યાં લગી સંપૂર્ણ બ્રહ્મચર્ય નથી. વિચાર માત્ર વિકાર છે. તેને વશ કરવા એટલે મનને વશ કરવું અને મનને વશ કરવું તે વાયુને વશ કરવા કરતાં યે કઠિન છે. આમ છતાં જો આત્મા છે, તો આ વસ્તુ પણ સાધ્ય છે જ. આપણને મુશ્કેલીઓ આવી નડે છે, તેથી તે અસાધ્ય છે એમ કોઈ ન માને એ પરમ અર્થ છે; અને પરમ અર્થને સારુ પરમ પ્રયત્નની આવશ્યક્તા હોય એમાં શું આશ્ચર્ય?

પણ આવું બ્રહ્મચર્ય કેવળ પ્રયત્નસાધ્ય નથી એ મેં દેશમાં આવીને જોયું ત્યાં લગી હું મૂર્છામાં હતો એમ કહી શકાય. ફળાહારથી વિકાર જડમૂળથી નાબૂદ થાય એમ મેં માની લીધેલું ને હું અભિમાનથી માનતો કે હવે મારે કંઈ કરવાપણું નથી.

પણ આ વિચારના પ્રકરણને પહોંચવાને વાર છે, દરમ્યાન એટલું કહી દેવું આવશ્યક છે, કે ઈશ્વરસાક્ષાત્કાર કરવાને અર્થે મેં વ્યાખ્યા આપી છે, તેવા બ્રહ્મચર્યનું જેઓ પાલન ઇચ્છે છે, તેઓ જો પોતાના પ્રયત્નની સાથે જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખનારા હોય, તો તેમને નિરાશ થવાનું કશું કારણ નથી.

विषया विनिवर्तन्ते निराहारस्य देहिन: ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥

તેથી રામનામ ને રામકૃપા એ જ આત્માર્થીને છેવટનું સાધન છે, એ વસ્તુનો સાક્ષાત્કાર મેં હિંદુસ્તાનમાં જ કર્યો."

બ્રહ્મચર્યને પગલે બીજાં વ્રતો તો આપોઆપ આવવા લાગ્યાં. સમગ્ર જીવન ઉપર સાદાઈ વ્યાપી ગઈ. બાહ્યદૃષ્ટિએ જીવન કઠોર બનતું ગયું. અંતરમાં પરમ રસનાં ઝરણાં ફૂટવાં લાગ્યાં. બાપુની તોલે આવે એવો કઠોર સંયમ ભાગ્યે જ કોઈએ પાળ્યો હશે; પરંતુ તેની સાથોસાથ બાપુ જેવાં ચિત્તની પ્રસન્નતા અને નિર્દોષ આનંદ પણ ભાગ્યે જ કોઈએ અનુભવ્યાં હશે. આ બંનેનો યોગ એ બાપુના જીવનની એક મહત્તા.

બાપુ અહિંસાની મૂર્તિ હોવા છતાં યુદ્ધનો એમને ઠીકઠીક અનુભવ થયો. પહેલો અનુભવ આફ્રિકામાં બોઅર યુદ્ધવેળા થયો. આ દિવસોમાં શરીર કઠણ કામ કર્યે જતું હતું ને મન ઈશ્વર વિશેના ઊંડા વિચારોમાં લીન થતું જતું હતું. યુદ્ધમાંથી મુક્ત થયા પછી બાપુને લાગ્યું, કે હવે દેશમાં જઈ સ્થિર થવું જોઈએ. એમણે સૌની વિદાય માગી. કચવાતા દિલે પણ પ્રેમપૂર્વક બાપુને વિદાય આપવામાં આવી. બાપુ માટે તો એ વિદાય પણ સત્યનો એક પ્રયોગ બની ગઈ. એમના પ્રશંસકોએ પ્રેમભાવે અનેક ભેટો બાપુને આપી હતી. બાપુના દિલમાં ભારે મંથન જાગ્યું. જાહેર સેવાના બદલા જેવી આ ભેટો કેમ સ્વીકારાય? એમણે પોતે જ નોંધ્યું છે તે જોઈએ:

> ૧૮૯૬માં જ્યારે હું દેશ આવેલો, ત્યારે પણ ભેટો મળેલી, પણ આ વખતની ભેટોથી ને સભાઓનાં દશ્યથી હું અકળાયો. ભેટોમાં સોનાચાંદીની વસ્તુઓ તો હતી જ, પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી.
>
> આ બધી વસ્તુઓનો સ્વીકાર કરવાનો મને શો અધિકાર હોય? એનો સ્વીકાર કરું તો કોઈની સેવા હું પૈસા લઈને નહોતો કરતો, એમ મારા મનને કેમ મનાવું? આ ભેટોમાં,

થોડી અસીલોની બાદ કરતાં બાકીની બધી કેવળ મારી જાહેર સેવાને અંગે જ હતી. વળી મારે મન તો અસીલો અને બીજા સાથીઓ વચ્ચે કશો ભેદ નહોતો. મુખ્ય અસીલો બધા જાહેર કામમાં પણ મદદ દેનારા હતા.

વળી આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તૂરબાઈને સારુ હતો, પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવાને અંગે હતી; એટલે તેને નોખી તારવી ન શકાય.

જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી, તે રાત્રિ મેં બાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઊકલે નહિ. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. રાખવી એ વધારે ભારે લાગતું હતું.

હું કદાચ ભેટો જીરવી શકું. પણ મારાં બાળકોનું શું? સ્ત્રીનું શું? તેમને શિક્ષણ તો સેવાનું મળતું હતું. સેવાનું દામ લેવાય નહિ એમ હમેશાં સમજાવવામાં આવતું હતું. ઘરમાં કિંમતી દાગીના વગેરે હું નહોતો રાખતો. સાદાઈ વધતી જતી હતી. આવી સ્થિતિમાં સોનાની ઘડિયાળો કોણે વાપરવી? સોનાના અછોડા ને હીરાની વીંટીઓ કોણે પહેરવાં? ઘરેણાંગાંઠાંનો મોહ તજવા ત્યારે પણ હું બીજાઓને કહેતો. હવે આ દાગીના ને ઝવેરાતનું મારે શું કરવું?

મારાથી આ વસ્તુઓ ન જ રખાય એવા નિર્ણય ઉપર હું આવ્યો. પારસી રૂસ્તમજી ઇત્યાદિને આ દાગીનાઓના ટ્રસ્ટીઓ નીમી તેમના પર લખવાનો કાગળ ઘડ્યો; ને સવારમાં સ્ત્રીપુત્રાદિની સાથે મસલત કરી મારો ભાર હળવો કરવાનો નિશ્ચય કર્યો.

દેશમાં આવી બાપુએ તત્કાળ તો આફ્રિકાના પ્રશ્ન ઉપર જ ધ્યાન આપ્યું. ૧૯૦૧માં કલકત્તામાં મળેલી કોંગ્રેસમાં બાપુએ પ્રથમવાર પ્રવેશ કર્યો. ત્યાં આફ્રિકાનો ઠરાવ એમણે મૂક્યો ને

મંજૂર થયો. એ પછી શ્રી. ગોખલેજી સાથે એક માસ ગાળી હિંદના આગેવાનો અને હિંદના રાજકારણથી તેઓ પરિચિત થયા. ગોખલેજી એમના રાજકીય ગુરુ બની ગયા. એ પછી મુંબઈમાં આવી વકીલાત શરૂ કરી. સાદાઈ તો આવી જ ગઈ હતી, હવે પ્રયોગો આગળ વધવા લાગ્યા. કુદરતી ઉપચારો તરફનું આકર્ષણ આ વખતે વૃદ્ધિ પામ્યું. વકીલાત ઠીકઠીક ચાલતી હતી અને બાપુના શબ્દોમાં કહીએ તો ધાર્યા કરતાં વધુ સફળતા મળતી હતી. પણ અચાનક આફ્રિકાથી પ્રેમ અને આગ્રહભર્યો તાર આવી પડ્યો અને બાપુએ ફરીને માળો વિખેરી નાખ્યો. ગીતાએ ઉપદેશેલું પ્રવાહપ્રાપ્ત જીવન જીવનાર બાપુ આફ્રિકા પહોંચીને ત્યાંની પ્રવૃત્તિનું સંચાલન કરવા લાગ્યા.

આ વખતે બાપુના જીવન ઉપર એક મહાન પુસ્તકની અસર થઈ અને એમની સાદાઈ પરાકાષ્ઠાએ પહોંચી. બાપુના જીવન પર ચાર પુરુષોએ ભારે અસર કરી છે. રાયચંદ કવિ, ટૉલ્સ્ટૉય, ગોખલેજી અને રસ્કિન. આ પુસ્તકના લેખક રસ્કિન હતા. બાપુએ પોતાના હાથે જ તેનો અનુવાદ કર્યો છે અને તે નાની પુસ્તિકા 'સર્વોદય'ને નામે પ્રસિદ્ધ થયેલી છે. અંગ્રેજીમાં એનું નામ 'અન ટુ ધીસ લાસ્ટ' છે. એક દિવસ ટ્રેનમાં જતાં એનું વાંચન કર્યું. બાપુના નવા જ પરિચયમાં આવેલા શ્રી. પોલાકે એ પુસ્તક એમને આપ્યું હતું. એમાં લખેલા વિચારો બાપુને સાચા લાગ્યા. સત્યશોધકે આ રીતે જ જીવવું જોઈએ એવી પ્રતીતિ થયા પછી એક ક્ષણ પણ થોભવાનો બાપુનો સ્વભાવ નહોતો.

બાપુ લખે છે:

મારી એવી માન્યતા છે કે, જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું, ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી

ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી.

'સર્વોદય'ના સિદ્ધાંતો હું આમ સમજ્યો:

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું, મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજીની હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે એ મને 'સર્વોદયે' દીવા જેવું દેખાડ્યું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો.

બીજે દિવસે એમણે સૂકાન ફેરવ્યું. ઘર અને 'ઇંડિયન ઓપિનિયન' છાપખાનું ખેતરમાં કે જંગલમાં લઈ જવાનો નિશ્ચય થયો. સાથીઓને સમજાવવામાં પરિશ્રમ તો પડ્યો, પણ બાપુના આગ્રહ સામે કોણ ટકી શકે? ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ. દરિદ્રનારાયણનું જીવન જીવવાનો પ્રારંભ થયો.

બાપુએ નવું જીવન શરૂ કર્યું, કે પહેલી રાતે જ કસોટી શરૂ થઈ. 'ઇંડિયન ઓપિનિયન' જે યંત્ર પર છપાતું હતું તેનું એંજિન બગડી ગયું. ઇજનેરે મહેનત તો ઘણી કરી, પણ એ ચાલ્યું નહિ. સૌ નિરાશ થઈ ગયા. પત્ર નીકળે નહિ એ તો બાપુથી કેમ સહન થાય? એમણે સાથીઓને કહ્યું: 'યંત્ર હાથેથી ચલાવીએ તો કેમ?' સૌ વિમાસણમાં પડ્યા. બાપુએ કહ્યું: 'પત્ર નિયમિત પ્રસિદ્ધ કરવા માટે હજી આટલું કર્તવ્ય કરવાનું બાકી

રહે છે તે આપણે કરવું જોઈએ; અને તે પછી જ આપણાથી સૂઈ શકાય.' દિવસભર કામ કરીને થાકેલા માણસોને બાપુએ ઉઠાડ્યા. એમણે તો હોંશ બતાવીને કહ્યું: 'આવે વખતે અમારે કામ કરવું જ જોઈએ. તમે હવે આરામ કરો,' પણ બાપુ આરામ કરવા માગતા નહોતા. બીજાની સાથે તેઓ ઊભા રહ્યા અને પત્ર છપાવા લાગ્યું. સવારના સાત વાગ્યા સુધી આ પરિશ્રમ ચાલુ રહ્યો. પૂરતી નકલો નીકળી નહોતી અને હવે અજવાળું થયું હતું, એટલે ઇજનેરને જગાડ્યો અને ફરી પ્રયત્ન કરવાનું કહ્યું. આ વખતે ચમત્કાર જેવું બન્યું. ઇજનેરે કામ હાથમાં લીધું કે તરત જ એંજિન ચાલવા લાગ્યું. છાપખાનું ખુશીના પોકારથી ગાજી ઊઠ્યું.

આ પુરુષાર્થને પરિણામે 'ઇંડિયન ઓપિનિયન'ની પ્રતિષ્ઠા વધી. એની નિયમિતતાની સૌના મન ઉપર છાપ પડી. બાપુ તો હવે વધુ ને વધુ સાદાઈ તરફ જતા હતા, એટલે સમય જતાં, જે એંજિન ખોટકાયું હતું તે એમણે બંધ કર્યું અને હાથના ચોડાથી જ કામ ચલાવવા માંડ્યું.

બાપુ ફિનિક્સ આશ્રમમાં ઝાઝો વખત ન રહી શક્યા. પ્રભુએ એમને બીજી પ્રવૃત્તિમાં ખેંચી લીધા. જેટલો વખત રહ્યા તેટલો વખત એમની સાધના વધુ ને વધુ ઉગ્ર બનતી ગઈ અને આશ્રમજીવનનું એક ધોરણ બંધાતું ગયું. કસ્તૂરબા અને બાળકો તો આ વખતે હિંદમાં જ હતાં. બાપુએ માનેલું કે પોતે એકાદ વર્ષમાં હિંદ પાછા ફરી શકશે, પરંતુ વિધિએ કંઈ જુદું જ નક્કી કરી રાખ્યું હતું. દેશ પાછા ફરવાનું અનિશ્ચિત બન્યું એટલે બાપુએ કસ્તૂરબા અને બાળકોને ત્યાં બોલાવ્યાં. બાપુના સત્યના પ્રયોગો કોઈ એક ક્ષેત્રમાં મર્યાદિત રહ્યા નહોતા. બાની સાથે ત્રીજા પુત્ર રામદાસ પણ આવ્યા હતા. રસ્તામાં સ્ટીમરમાં નાખુદાની સાથે રમતાંરમતાં તેમનો હાથ ભાંગ્યો હતો. સ્ટીમરમાં

ાક્તરી સારવાર મળી હતી, પરંતુ તે અધૂરી હતી. તરત
ઃ દાક્તરી સારવારની જરૂર હતી, પણ બાપુ આ દિવસોમાં
ુદરતી ઉપચાર તરફ શ્રદ્ધા સેવતા થઈ ગયા હતા અને અનેક
યોગો કરતા હતા. 'પારકા છોકરાને જતિ' કરવાનું બાપુના
વભાવમાં હતું જ નહિ. જાતે જતિ થયા પછી અને પોતાના
ાહુને જતિ બનાવ્યા પછી જ તેઓ બીજાને જતિ થવાનો ઉપદેશ
રતા. રામદાસનો પાટો ખોલ્યો ત્યારે બાપુ ધ્રુજારી અનુભવતા
ાતા; પરંતુ એમણે તો મન મજબૂત કરી જખમ સાફ કર્યો
મને માટીનો પાટો બાંધી દીધો. દરરોજની આ ક્રિયાથી એક
ાસમાં રામદાસનો હાથ સારો થઈ ગયો. એ પછી તો જખમો,
ાાવ, અજીરણ, કમળો ઇત્યાદિ દર્દોને સારુ બાપુ છૂટથી માટીના,
ાાણીના અને ઉપવાસના પ્રયોગો કરવા લાગ્યા.

બાપુ હવે જોહાનિસબર્ગમાં રહેતા હતા. દિવસેદિવસે સાદાઈ
ાધતી જતી હતી. આપણે તો બાપુને કચ્છમાં જોયા છે એટલે
એ સાદાઈનું આશ્ચર્ય ન થાય, પરંતુ આપણી નજર સામે એક
ાારિસ્ટરને રાખીએ અને આજથી ૪૦ વર્ષ પહેલાંનો સમય
કલ્પીએ તો જ એની કિંમત સમજાય. બાપુ એ સાદાઈ વિશે
નોંધે છે :

> બારિસ્ટરના ઘરમાં જેટલી સાદાઈ રાખી શકાય તેટલી તો દાખલ કરી જ. છતાં કેટલાંક રાચરચીલાં વિના ચલાવવું મુશ્કેલ હતું. ખરી સાદાઈ તો મનની વધી. દરેક કામ પોતાને હાથે કરવાનો શોખ વધ્યો, ને તેમાં બાળકોને પણ પલોટવાનું આરંભ્યું.
>
> બજારની રોટી લેવાને બદલે ઘેર ખમીરવિનાની કયુનેની સૂચના પ્રમાણેની રોટી હાથે બનાવવાનું શરૂ કર્યું. આમાં મિલનો આટો કામ ન આવે. વળી મિલનો દળેલો આટો વાપરવા કરતાં હાથે દળેલો વાપરવામાં સાદાઈ, આરોગ્ય

ને દ્રવ્ય વધારે સચવાતાં હતાં એમ માન્યું. એટલે હાથે ચલાવવાની એક ઘંટી સાત પાઉંડ ખરચી ખરીદી. આને વજનદાર પૈડું હતું. તે બે માણસો સહેલાઇથી ચલાવે, એકલાને કષ્ટ પડે. આ ઘંટી ચલાવવામાં પોલાક, હું અને બાળકો મુખ્યત્વે રોકાતા. કોઈ કોઈ વેળા કસ્તૂરબાઈ પણ આવતી, જો કે તેનો તે સમય રસોઈ કરવામાં રોકાયેલો હોય. મિસિસ પોલાક આવ્યાં ત્યારે તે પણ તેમાં જોડાયાં. આ કસરત બાળકોને માટે બહુ સારી નીવડી. તેમની પાસે આ કે કોઈ કામ મેં બળાત્કારે કદી નથી કરાવ્યું, પણ તેઓ સહેજે રમત સમજી પૈડું ચલાવવા આવતા. થાકે ત્યારે છોડી દેવાની તેમને છૂટ હતી. પણ કોણ જાણે શું કારણ હશે, કે આ બાળકો અગર બીજા જેમની ઓળખ આપણે હવે પછી કરવાની છે તેમણે મને તો હમેશાં ખૂબ જ કામ આપ્યું છે. ઠરડા બાળકો મારે નસીબે હતા જ, પણ ઘણાખરા સોંપેલું કામ હોંશથી કરતા. 'થાક્યા' એમ કહેનારા એ યુગના થોડા જ બાળકો મને યાદ છે.

ઘર સાફ રાખવાને સારુ એક નોકર હતો. તે કુટુંબી થઈને રહેતો, ને તેના કામમાં બાળકો પૂરો હિસ્સો આપતા. પાયખાનું ઉપાડી જનાર તો મ્યુનિસિપાલિટીનો નોકર આવતો, પણ પાયખાનાની કોટડી સાફ કરવી, બેઠક ધોવી વગેરે કામ નોકરને સોંપવામાં નહોતું આવતું; તેવી આશા પણ નહોતી રાખવામાં આવતી. આ કામ અમે જાતે કરતાં ને તેમાં પણ બાળકોને તાલીમ મળતી. પરિણામ એ આવ્યું, કે મૂળથી જ મારા એક પણ દીકરાને પાયખાનાં સાફ કરવાની સૂગ નથી રહેલી, ને આરોગ્યના સામાન્ય નિયમો પણ તેઓ સહેજે શીખ્યા છે. જોહાનિસબર્ગમાં કોઈ માંદા તો ભાગ્યે જ પડતા. પણ જો માંદગીનો પ્રસંગ આવે, તો સેવાકામમાં બાળકો હોય જ; ને

તેઓ આ કામ ખુશીથી કરતા.

જેમ ઘરમાં સાદાઈ હતી તેમ બાળકોના ઉછેરમાં પણ સાદાઈ દાખલ થઈ હતી. બાપુનું સમગ્ર જીવન વિચારમય હતું. બાળકોને કેવી કેળવણી આપવી જોઈએ તે વિશે તેઓ સતત વિચાર કરતા અને દઢતાપૂર્વક માનતા કે સહુથી મોટી કેળવણી ચારિત્રઘડતરની છે. માબાપની અસર બાળકો ઉપર કેટલા પ્રમાણમાં થાય છે તે વિશે બાપુ લખે છે :

> છોકરાંમાં માબાપની આકૃતિનો વારસો જેમ ઊતરે છે, તેમ તેમના ગુણદોષનો વારસો પણ ઊતરે છે. તેમાં આસપાસના વાતાવરણને કારણે અનેક પ્રકારની વધઘટ થાય છે ખરી, પણ મૂળ મૂડી તો બાપદાદા ઇત્યાદિ તરફથી મળેલી હોય છે તે જ ખરી. એવા દોષોના વારસામાંથી કેટલાંક બાળકો પોતાને બચાવી લે છે એમ મેં જોયું છે. એ આત્માનો મૂળ સ્વભાવ છે, તેની બલિહારી છે.

[૮]

બાપુ જોહાનિસબર્ગમાં સ્થિર થઈને બેઠા ત્યાં નાતાલમાં ઝૂલુ લોકોનો બળવો થયો. બાપુને ઝૂલુઓના બળવાની યોગ્યતા વિશે શંકા નહોતી, પરંતુ એ દિવસોમાં અંગ્રેજી સલ્તનતને તેઓ જગતનું કલ્યાણ કરનારી સલ્તનત માનતા હતા અને તેને વફાદાર રહેવામાં ગૌરવ સમજતા હતા. લડાઈમાં જોડાવાની તો વાત જ નહોતી. એમણે ઘાયલોની સારવાર કરવાનું કામ નાતાલના ગવર્નર પાસે માગ્યું. એ કામ મળતાં બાપુએ જોહાનિસબર્ગનું ઘર વીંખી નાખ્યું. કસ્તૂરબાને ફિનિક્સ આશ્રમમાં મૂક્યાં અને પોતે એક ટુકડી લઈ નાતાલ પહોંચી ગયા. એમને ભાગે ઝૂલુ લોકોની જ સારવાર કરવાનું આવ્યું. બાપુને એથી વિશેષ આનંદ થયો.

આ દિવસોમાં એમનું હૃદયમંથન પણ પરાકાષ્ઠાએ પહોંચી ગયું પહાડો અને ખીણોમાં ઝૂલુ લોકોના ઝૂંપડાઓમાં બાપુ જતા હતા. માઈલોના માઈલો સુધી વસ્તીવિનાના પ્રદેશમાં ઘાયલોને લઈને એમની ટુકડી ચાલતી હતી. બાપુ લખે છે :

> અહીં મારા બ્રહ્મચર્ય વિષેના વિચારો પરિપક્વ થયા. મારા સાથીઓ જોડે પણ મેં તેની કેટલીક ચર્ચા કરી. ઈશ્વરદર્શનને સારુ બ્રહ્મચર્ય અનિવાર્ય વસ્તુ છે એ તો મને હજુ પ્રત્યક્ષ નહોતું થયું, પણ સેવાને અર્થે આવશ્યક છે એમ હું સ્પષ્ટ જોઈ શક્યો. મને લાગ્યું કે આવા પ્રકારની સેવા તો મારે ભાગે વધારે ને વધારે આવશે, અને જો હું ભોગવિલાસમાં, પ્રજોત્પત્તિમાં, સંતતિઉછેરમાં રોકાઉં તો મારાથી સંપૂર્ણ સેવા નહીં થઈ શકે; મારાથી બે ઘોડે નહીં ચડાય. જો પત્ની સગર્ભા હોત, તો હું નિશ્ચિંત મને આ સેવામાં ન જ ઝંપલાવી શકત. બ્રહ્મચર્યના પાલન વિના કુટુંબવૃદ્ધિ એ સમાજના અભ્યુદય માટેના મનુષ્યના પ્રયત્નની વિરોધી વસ્તુ થઈ પડે, વિવાહિત હોવા છતાં બ્રહ્મચર્યનું પાલન કરાય તો કુટુંબસેવા સમાજસેવાની વિરોધી ન થાય. આવા વિચારોના વમળમાં પડી ગયો ને વ્રત લઈ લેવા કંઈક અધીરો પણ બન્યો. આ વિચારોથી મને એક પ્રકારનો આનંદ આવ્યો ને મારો ઉત્સાહ વધ્યો. કલ્પનાએ સેવાનું ક્ષેત્ર બહુ વિશાળ કરી મૂક્યું.

બ્રહ્મચર્યનું વ્રત લેતાં અને તે પછી તેનો અનુભવ મેળવતાં બાપુને લાગ્યું, કે બ્રહ્મચર્યની જે સ્તુતિ ધર્મગ્રંથોમાં કરેલી છે અને જેમાં એક દિવસે એમને અતિશયોક્તિ લાગતી હતી, તે સ્તુતિ સાચી છે. અનુભવથી એમને જણાયું કે બ્રહ્મચર્ય એ સાચે જ બ્રહ્મને મેળવવાનો માર્ગ છે. ત્યારથી બ્રહ્મચર્ય વિશેની એમની કલ્પના અત્યંત વિશાળ બની ગઈ.

પ્રભુએ જ આ બધું ગોઠવ્યું હોય એવું થઈ ગયું. કઠોર છતાં

અત્યંત આનંદમય વ્રત લીધા પછી બાપુ માટે પ્રભુએ સત્યાગ્રહનું શસ્ત્ર મોકલ્યું: બાપુ લખે છે, કે 'બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યાં સુધી મારી જિંદગીના મુખ્ય બનાવો, મને એ રીતે તેને જ સારુ તૈયાર કરી રહ્યા હતા એમ જોઉં છું.' સત્યાગ્રહ શબ્દની ઉત્પત્તિ પહેલાં બાપુએ સત્યાગ્રહ કરી દીધો હતો. એ કાળે સૌ ગુજરાતીમાં બોલતી વખતે પણ અંગ્રેજી શબ્દનો જ ઉપયોગ કરી એને 'પેસિવ રેઝિસ્ટન્સ' કહેતા હતા. થોડા સમયમાં જ બાપુએ જોયું, કે આ શબ્દનો અર્થ બહુ સંકુચિત થતો હતો. આ પ્રકારની લડત ગોરાઓની દૃષ્ટિએ નબળાઓની લડત હતી અને તેમાં હથિયાર ન હોય, પણ હિંસા અને દ્વેષ હોઈ શકે એવી એમની માન્યતા હતી. બાપુએ પોતાની લડત માટે નવો શબ્દ શોધવા મંથન કર્યું; છેવટે 'ઇંડિયન ઓપિનિયન'ના વાચકો પાસે હરીફાઈ પણ કરાવી. એમાંથી 'સત્+આગ્રહ'=સદાગ્રહ શબ્દ ઇનામને લાયક ઠર્યો. બાપુએ વધારે સ્પષ્ટતા ખાતર વચ્ચે 'ય'·ઉમેરી સત્ય+આગ્રહ=સત્યાગ્રહ શબ્દ યોજ્યો.

બાપુના કુટુંબજીવનમાં સત્યાગ્રહના અનેક પ્રસંગો આવ્યા છે, એમાંનો એક પુણ્યપ્રસંગ આ વખતે બન્યો: કસ્તૂરબા ગંભીર માંદગીમાં હતાં, ત્યારે જીવને જોખમે વ્રતપાલન કરવાની કસોટી આવી હતી. બાપુ એનું વર્ણન નીચેના શબ્દોમાં કરે છે:

> કસ્તૂરબાઈ ઉપર ત્રણ ઘાતો ગઈ, અને ત્રણેમાંથી તે કેવળ ઘરઘરાઉ ઉપચારોથી બચી ગઈ. તેમાંનો પહેલો પ્રસંગ બન્યો ત્યારે સત્યાગ્રહનું યુદ્ધ ચાલી રહ્યું હતું. તેને વારંવાર રક્તસ્રાવ (લોહીવા) થયા કરતો. એક દાક્તરમિત્રે શસ્ત્રક્રિયા કરવાની ભલામણ કરી હતી. કેટલીક આનાકાની બાદ પત્નીએ શસ્ત્રક્રિયા કરાવવા હા પાડી. શરીર તો ઘણું ક્ષીણ થઈ ગયું હતું. દાક્તરે ક્લોરોફોર્મ વિના શસ્ત્રક્રિયા કરી. ક્રિયાવખતે દરદ ખૂબ થતું હતું, પણ જે ધીરજથી કસ્તૂરબાઈએ તે સહન

કર્યું તેથી હું તો આશ્ચર્યચકિત થયો. ક્રિયા નિર્વિઘ્ને પૂરી થઈ. દાક્તરે અને તેમનાં પત્નીએ કસ્તૂરબાઈની સરસ બરદાસ કરી.

આ બનાવ ડરબનમાં બન્યો હતો. બે કે ત્રણ દિવસ પછી મને નિશ્ચિંતપણે જોહાનિસબર્ગ જવાની દાક્તરે રજા આપી. હું ગયો. થોડા જ દિવસમાં ખબર મળ્યા, કે કસ્તૂરબાઈનું શરીર મુદ્દલ વળતું નથી, ને તે પથારીએથી ઊઠીબેસી જ શકતી નથી, એકવાર બેહોશ પણ થઈ ગઈ હતી. દાક્તર જાણતા હતા કે મને પૂછ્યા વિના કસ્તૂરબાઈને દારૂ અથવા માંસ દવામાં કે ખાવામાં ન અપાય. દાક્તરે મને જોહાનિસબર્ગ ટેલિફોન કર્યો: 'તમારાં પત્નીને હું માંસનો સેરવો અથવા 'બીફ ટી' આપવાની જરૂર જોઉં છું. મને રજા મળવી જોઈએ.'

મેં જવાબ આપ્યો: 'મારાથી એ રજા નહિ અપાય, પણ કસ્તૂરબાઈ સ્વતંત્ર છે. તેને પૂછવા જેવી સ્થિતિ હોય તો પૂછો, ને તે લેવા માગે તો બેલાશક આપો.'

'દરદીને આવી બાબતો પૂછવાની હું ના પાડું છું. તમારે પોતે અહીં આવવાની જરૂર છે. જો મને ગમે તે ખવડાવવાની છૂટ ન આપો તો તમારી સ્ત્રીને સારુ હું જોખમદાર નથી.'

મેં તે જ દહાડે ડરબનની ટ્રેન લીધી. ડરબન પહોંચ્યો. દાક્તરે સમાચાર આપ્યા: 'મેં તો સેરવો પાઈને તમને ટેલિફોન કર્યો હતો!'

'દાક્તર, આને હું દગો માનું છું.' મેં કહ્યું.

'દવા કરતી વખતે દગોબગો હું સમજતો નથી. અમે દાક્તરો આવે સમયે દરદીને કે તેના સંબંધીઓને છેતરવામાં પુણ્ય માનીએ છીએ. અમારો ધર્મ તો ગમે તેમ કરીને દરદીને બચાવવાનો છે!' દાક્તરે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો.

મને ખૂબ દુઃખ થયું. હું શાંત રહ્યો. દાક્તર મિત્ર હતા, ભલા હતા. તેમનો અને તેમનાં પત્નીનો મારા ઉપર ઉપકાર હતો. પણ ઉપલી વર્તણૂક સહન કરવા હું તૈયાર નહોતો.

'દાક્તર, હવે ચોખવટ કરો. શું કરવા માગો છો? મારી પત્નીને હું કદી તેની ઇચ્છા વિના માંસ દેવા નહિ દઉં. તે ન લેતાં તેનું મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું.'

દાક્તર બોલ્યાઃ 'તમારી ફિલસૂફી મારે ઘેર તો નહિ જ ચાલે. હું તમને કહું છું, કે તમારી પત્નીને મારે ઘેર રહેવા દેશો ત્યાં લગી હું તેને જરૂર માંસ અથવા જે કંઈ આપવું ઘટશે તે આપીશ. જો એમ ન કરવું હોય તો તમે તમારી પત્નીને લઈ જાઓ. મારા જ ઘરમાં હાથે કરીને હું તેનું મરણ થવા નહિ દઉં.'

'ત્યારે શું તમે એમ કહો છો, કે મારે મારી પત્નીને હમણાં જ લઈ જવી?'

'હું ક્યાં કહું છું લઈ જાઓ? હું તો કહું છું, કે મારા ઉપર કશા પ્રકારનો અંકુશ ન મૂકો તો અમે બન્ને તેની જેટલી થઈ શકે એટલી બરદાસ કરશું ને તમે સુખે જાઓ. જો આવી સીધી વાત તમે ન સમજી શકો, તો મારે લાચારીથી કહેવું જોઈએ કે તમારી પત્નીને મારા ઘરમાંથી લઈ જાઓ.'

હું ધારું છું કે તે વેળા મારો એક દીકરો મારી સાથે હતો. તેને મેં પૂછ્યું. તેણે કહ્યું: 'તમે કહો એ મને કબૂલ છે. બાને માંસ તો ન જ અપાય.'

પછી હું કસ્તૂરબાઈ પાસે ગયો. તે બહુ અશક્ત હતી. તેને કંઈ પણ પૂછવું એ મને દુઃખ હતું, પણ ધર્મ સમજી મેં તેને ટૂંકામાં ઉપરની વાત કહી સંભળાવી. તેણે દૃઢતાપૂર્વક જવાબ આપ્યો: 'મારે માંસનો સેરવો નથી લેવો. મનખાદેહ વારેવારે નથી આવતો. ભલે તમારા ખોળામાં હું મરી જાઉં,

પણ મારાથી આ દેહ વટલાવાશે નહિ.'

મેં સમજાવાય તેટલું સમજાવ્યું ને કહ્યું: 'તું મારા વિચારોને અનુસરવા બંધાયેલી નથી.' અમારી જાણના કેટલાક હિંદુઓ દવાને અર્થે માંસ અને મદ્ય લેતા તે પણ કહી સંભળાવ્યું. પણ તે એક ટળી બે ન થઈ અને બોલી: 'મને અહીંથી લઈ જાઓ.'

હું બહુ રાજી થયો. લઈ જતાં ગભરાટ થયો. પણ નિશ્ચય કરી લીધો. દાક્તરને પત્નીનો નિશ્ચય સંભળાવ્યો. દાક્તર ગુસ્સે થઈ બોલ્યા:

'તમે તો ઘાતકી પતિ દેખાઓ છો. આવી માંદગીમાં તેને બિચારીને આવી વાત કરતાં તમને શરમ પણ ન થઈ? હું તમને કહું છું કે તમારી સ્ત્રી અહીંથી લઈ જવા લાયક નથી. જરા પણ હડદોલો સહન કરે તેવું તેનું શરીર નથી. તેનો પ્રાણ રસ્તામાં જ જાય તો મને આશ્ચર્ય નહિ થાય. છતાં તમે હઠથી નહિ જ માનો તો તમે તમારા મુખી છો. મારાથી તેને સેરવો ન અપાય તો મારા ઘરમાં એક રાત રાખવાનું પણ જોખમ હું નહિ લઉં.'

ઝરમરઝરમર મેહ વરસતો હતો. સ્ટેશન દૂર હતું. ડરબનથી ફિનિક્સ રેલરસ્તો ને ફિનિક્સથી લગભગ અઢી માઈલનો પગરસ્તો હતો. જોખમ સારી પેઠે હતું. પણ ઈશ્વર સહાય કરશે એમ મેં માની લીધું. મેં ફિનિક્સ એક માણસ આગળથી મોકલ્યો, ફિનિક્સમાં અમારી પાસે 'હેમક' હતું. હેમક તે જાળીવાળા કપડાની ઝોળી અથવા પારણું. તેના છેડા વાંસ ઉપર બંધાય એટલે દરદી તેમાં આરામથી ઝૂલતું રહી શકે. એ હેમક, એક બાટલી ગરમ દૂધની અને એક બાટલી ગરમ પાણીની તથા છ માણસો લઈને ફિનિક્સ સ્ટેશન ઉપર આવવા વેસ્ટને કહેવરાવ્યું.

બીજી ટ્રેન ઊપડવાનો સમય થયો ત્યારે મેં રિક્ષા મગાવી ને તેમાં આ ભયંકર સ્થિતિમાં પત્નીને લઈ હું ચાલતો થયો.

પત્નીને મારે હિંમત આપવાપણું નહોતું, ઊલટું તેણે મને હિંમત આપીને કહ્યું: 'મને કંઈ નહિ થાય. તમે ચિંતા ન કરજો.'

ખોરાકના પ્રયોગોમાં ધીમેધીમે સંયમની દૃષ્ટિ મુખ્ય સ્થાન લેતી જતી હતી. ઉપવાસ સહજ બની ગયા હતા. બ્રહ્મચર્યપાલન માટે દૂધનો પણ ત્યાગ કરવો જોઈએ એની ખાતરી થતાં બાપુએ દૂધ પણ છોડયું હતું. પોતાની જાત ઉપર પ્રયોગો કરીકરી, અન્ય સાધકો માટે તેઓ માર્ગ સાફ કરતા હતા. આમાં પ્રાયશ્ચિત્તરૂપે કરવાના ઉપવાસો પણ ઉમેરાયા. સત્ય–અહિંસાની સાધના માટે આત્મશુદ્ધિ–એ રાજમાર્ગ બાપુએ શોધી કાઢ્યો હતો.

[૯]

દક્ષિણ આફ્રિકામાં એક બાજુ રાજકીય દૃષ્ટિએ વિજય મેળવી અને બીજી બાજુ જીવનનો રાજમાર્ગ નક્કી કરી બાપુ હિંદમાં આવ્યા. આ વખતે મહાયુદ્ધ શરૂ થઈ ગયું હતું. બ્રિટિશ સલ્તનત પ્રત્યે બાપુની વફાદારી હતી. એમની વફાદારી નિષ્ક્રિય હોઈ શકે નહિ. એમને લાગ્યું, કે મારે બ્રિટનને મદદ કરવી જોઈએ. અહિંસાનો વિચાર આડે ન આવ્યો. વિશાળ દૃષ્ટિએ એમણે જોઈ લીધું: 'સમાજમાં રહેલો મનુષ્ય સમાજની હિંસામાં અનિચ્છાએ પણ ભાગીદાર બને છે. જ્યારે બે પ્રજાઓ વચ્ચે યુદ્ધ થાય ત્યારે અહિંસાને માનનાર વ્યક્તિનો ધર્મ તે યુદ્ધ

અટકાવવાનો છે. તે ધર્મનું જે પાલન ન કરી શકે, જેનામાં વિરોધ કરવાની શક્તિ ન હોય. જેને વિરોધ કરવાનો અધિકાર પ્રાપ્ત ન થયો હોય, તે યુદ્ધકાર્યમાં ભળે અને ભળતો છતો તેમાંથી પોતાને અને પોતાના દેશને તેમ જ જગતને ઉગારવાની હાર્દિક કોશિષ કરે.'

બાપુને એમ પણ લાગ્યું, કે પોતે ઇંગ્લેંડના વાવટા નીચે એના કાફલાથી સુરક્ષિત છે. આ સ્થિતિમાં પોતે હિંસામાં ભાગીદાર છે. એટલે સ્પષ્ટ રીતે મદદગાર થવું વધુ સારું છે એવી બાપુને ખાતરી થઈ. એમણે દેશમાં આવી સૈનિક–ભરતીનું કામ માગી લીધું.

હિંદમાં આવતાં જ નાનાનાના સત્યાગ્રહો બાપુને કરવા પડ્યા. અંગ્રેજીના વાતાવરણમાં એમણે માતૃભાષાનું ગૌરવ જાળવ્યું. અમલદારોની ઉદ્દંડતા સામે અડગ ઊભા રહ્યા. ત્રીજા વર્ગની મુસાફરીમાં હિંદની મુસીબતોનો પરિચય મેળવ્યો. કુંભના મેળામાં અને બીજાં સ્થળોએ જઈને લોકસંસર્ગ સાધતાંસાધતાં આત્મમંથન કર્યું. એ પછી ૧૯૧૫ના મેની ૨૫મી તારીખે અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. ત્યારથી બાપુ હિંદમાં સ્થિર થયા અને આ પ્રાચીન રાષ્ટ્રના નવઘડતરનું કામ સમગ્ર શક્તિથી એમણે કરવા માંડ્યું.

આશ્રમના અનુભવો તો અનેક છે, પણ શરૂઆતમાં એક આકરી કસોટી થઈ:

> આશ્રમની હસ્તીને હજુ થોડા જ મહિના થયા હતા, તેટલામાં જેવી કસોટીની મને આશા નહોતી તેવી અમારી કસોટી થઇ. ભાઈ અમૃતલાલ ઠક્કરનો કાગળ મળ્યો: 'એક ગરીબ અને પ્રામાણિક અંત્યજ કુટુંબ છે. તેની ઇચ્છા તમારા આશ્રમમાં આવીને રહેવાની છે. તેને લેશો?'
>
> હું ભડક્યો ખરો. ઠક્કરબાપા જેવાની ભલામણ

લઈને આવનાર અંત્યજ કુટુંબ આટલું વહેલું આવે એવી મેં મુદ્દલ આશા રાખી નહોતી. સાથીઓને કાગળ વંચાવ્યો. તેમણે વધાવ્યો. તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય, તો તેને લેવાની તૈયારી ભાઈ અમૃતલાલ ઠક્કરને જણાવી.

દૂદાભાઈ, તેમનાં પત્ની દાનીબહેન અને નાની ધાવણી લક્ષ્મી આવ્યાં. દૂદાભાઈ મુંબઈમાં શિક્ષકનું કામ કરતા હતા. નિયમોનું પાલન કરવા તૈયાર હતા. તેમને આશ્રમમાં લીધા.

સહાયક મિત્રમંડળમાં ખળભળાટ થયો. જે કૂવામાં બંગલાના માલિકનો ભાગ હતો તે કૂવામાંથી પાણી ભરવામાં જ અડચણ આવવા લાગી. કોસવાળાને અમારા પાણીના છાંટા અડે તો તે અભડાય. તેણે ગાળો શરૂ કરી, દૂદાભાઈને પજવવાનું શરૂ કર્યું. ગાળો સહન કરવાનું ને દૃઢતાપૂર્વક પાણી ભરવાનું જારી રાખવાનું મેં સહુને કહી દીધું. અમને ગાળ સાંભળતા જોઈ કોસવાળો શરમાયો ને તેણે છેડ મૂકી. પણ પૈસાની મદદ તો બંધ થઈ. જે ભાઈએ આશ્રમના નિયમો પાળનારા અંત્યજોના પ્રવેશ વિષે પ્રથમથી જ શંકા કરી હતી તેમને તો આશ્રમમાં અંત્યજ દાખલ થવાની આશા જ નહોતી. પૈસાની મદદ બંધ પડી. બહિષ્કારની અફવા મારે કાને આવવા માંડી. મેં સાથીઓની સાથે વિચારી મેલ્યું હતું: 'જો આપણો બહિષ્કાર થાય તો આપણી પાસે કશી મદદ ન રહે તો યે આપણે હવે અમદાવાદ નહિ છોડીએ. અંત્યજવાડામાં જઈને તેમની સાથે રહીશું ને જે કંઈ મળી રહેશે તેની ઉપર અથવા મજૂરી કરીને નિર્વાહ કરીશું.'

છેવટે મગનલાલે મને નોટિસ આપી: 'આવતે મહિને આશ્રમખર્ચ ચલાવવાના પૈસા આપણી પાસે નથી.' મેં ધીરજથી જવાબ આપ્યો: 'તો આપણે અંત્યજવાડે રહેવા જઈશું.'

મારી ઉપર આવી ભીડ આ પહેલી વાર નહોતી. દરેક વારે છેલ્લી ઘડીએ શામળાએ મદદ મોકલી દીધી છે.

મગનલાલે નોટિસ આપ્યા પછી તુરત જ એક સવારે કોઈ બાળકે ખબર આપ્યા: 'બહાર મોટર ઊભી છે, ને એક શેઠ તમને બોલાવે છે.' હું મોટર પાસે ગયો. શેઠે મને પૂછ્યું: 'મારી ઇચ્છા આશ્રમને કંઈ મદદ દેવાની છે, તમે લેશો?' મેં જવાબ આપ્યો: 'જો કંઈ આપો તો હું જરૂર લઉં. મારે કબૂલ કરવું જોઈએ કે અત્યારે હું ભીડમાં પણ છું.'

'હું કાલે આ જ વેળાએ આવીશ ત્યારે તમે આશ્રમમાં હશો?' મેં હા કહી ને શેઠ ગયા. બીજે દહાડે નીમેલે સમયે મોટરનું ભૂંગળું વાગ્યું. બાળકોએ ખબર આપી. શેઠ અંદર ન આવ્યા. હું તેમને મળવા ગયો. તેઓ મારા હાથમાં રૂ. ૧૩,૦૦૦ની નોટો મૂકી ચાલતા થયા.

આ મદદની મેં કદી આશા નહોતી રાખી. મદદ આપવાની આ રીત પણ નવી ભાળી. તેમણે આશ્રમમાં પહેલાં કદી પગ મૂક્યો નહોતો, તેમને હું એક જ વાર મળ્યો હતો એવું મને યાદ છે. ન આશ્રમમાં આવવું, ન પૂછવું; બારોબાર પૈસા આપીને ચાલતા થવું. મારો પહેલો જ અનુભવ હતો.

હિંદમાં આવ્યા પછી પણ આફ્રિકાના પ્રશ્નમાં બાપુ દોરવણી આપતા હતા. ધીમેધીમે ઇશ્વરે જ મોકલ્યાં હોય એવાં કાર્યો એમની સામે આવતાં ગયાં. જનકરાજાની ભૂમિ ચંપારણમાં સત્યાગ્રહનો પહેલો છોડ એમણે રોપ્યો. ૧૯૧૭માં એ બન્યું. ચંપારણમાં ગળીનાં ખેતરો હતાં. માલિકો ખેડૂતોને લૂંટતા હતા. બાપુ ત્યાં પહોંચ્યા. શ્રી રાજેંદ્રબાબુ બાપુને આ સત્યાગ્રહમાં પ્રાપ્ત થયા. બાપુ જ્યાં જાય ત્યાં વિજયની શંકા જ શાની? આ વિષે 'ચંપારણના સત્યાગ્રહનો ઇતિહાસ' રાજેંદ્રબાબુની કલમે

લખાયેલો છે.

અમદાવાદમાં પણ ધર્મયુદ્ધ આદરવાનો પ્રસંગ આવ્યો. ત્યાં મિલમાલિકો તરફથી મજૂરોને અન્યાય થતો હતો. માલિકોમાંના કેટલાક સાથે બાપુને મીઠા સંબંધો હતા. સમાધાનના પ્રયાસમાં સફળતા ન મળી એટલે બાપુએ મજૂરોને હડતાળનો માર્ગ લેવાની સલાહ આપી. એ દિવસોમાં હડતાળ આજના જેવી સહેલી નહોતી. બાપુનો માર્ગ વર્ગવિગ્રહનો નહિ પણ વર્ગમેળનો હતો; પરંતુ તેનો અર્થ એમ નહિ કે માલિકો કહે તે બધું મજૂરોએ કબૂલ કરી લેવું જોઈએ. બાપુએ મજૂરો પાસે ચાર શરતો મૂકી: (૧) શાંતિનો ભંગ ન કરવો. (૨) જે કામે ચડવા માગે તેના ઉપર બળાત્કાર ન કરવો. (૩) ભિક્ષાન્ન ન ખાવું. (૪) હડતાળ ગમે તેટલી લંબાય તોયે દૃઢ રહેવું અને પૈસા ખૂટે તો બીજી મજૂરી કરીને મેળવી લેવા. મજૂરોએ આ શરતો કબૂલ રાખી અને હડતાળ શરૂ થઈ. અંતે તો સત્યાગ્રહને શોભે તેવો વિજય થયો, પરંતુ વચ્ચે મજૂરો ઢીલા પડી ગયા. બાપુને લાગ્યું, કે મજૂરોને તેમની પ્રતિજ્ઞા પળાવવાની નૈતિક જવાબદારી એમના શિરે છે. એમણે મજૂરો આગળ બોલતાં-બોલતાં સહજ રીતે જાહેર કરી દીધું, કે મજૂરો પાછા સજ્જ નહિ થાય અને ફેંસલો નહિ થાય ત્યાં સુધી હડતાળ નહિ નિભાવી શકે, તો પોતે ઉપવાસ પર ઊતરશે. મજૂરો હેબતાઈ ગયા. એમણે આંસુભરી આંખે વિનતિ કરી: 'તમે ઉપવાસ છોડી દો. અમે ઉપવાસ કરીએ, અમને માફ કરો.' આમાંથી નવી શક્તિ પેદા થઈ. આ સત્યાગ્રહનું વર્ણન સ્વ. મહાદેવભાઈએ 'એક ધર્મયુદ્ધ' નામના પુસ્તકમાં વિસ્તારથી કર્યું છે.

આ પછી ખેડાની લડત આવી. ખેડા જિલ્લામાં દુષ્કાળ પડ્યો હતો. પાક ચારઆની કરતાં ઓછો થયો હતો, છતાં અમલદારોએ વધુ પાક બતાવ્યો અને સરકારે મહેસૂલ લેવાની

તૈયારી કરી. બાપુએ આ સામે સત્યાગ્રહની સલાહ આપી. સરદાર વલ્લભભાઈ, શંકરલાલ બેંકર, અનસૂયાબહેન, ઇંદુલાલ યાજ્ઞિક, સ્વ. મહાદેવભાઈ વગેરે બાપુની સાથે હતા. સરદાર તે વખતે સરદાર નહોતા, બૅરિસ્ટર હતા અને વકીલાત કરતા હતા. એ વખતે એમણે વકીલાત છોડી તે છોડી જ. આ લડતમાં ખેડૂતો થાક્યા ખરા પણ અંતે સારું થઈ ગયું. બાપુ પોતે લખે છે, કે લડતને અંતે સત્યાગ્રહની શક્તિ વધે નહિ તો તેટલી ખામી ગણાય. ખેડામાં વિજય મળ્યો પણ આટલી ખામી રહી ગઈ.

આ સમય દરમિયાન મહાયુદ્ધ ચાલતું હતું. બાપુ ભરતીનું કામ કરતા હતા એમાં ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યા. આ માંદગીને બાપુએ આત્મકથામાં 'મરણપથારીએ' એ નામના પ્રકરણથી વર્ણવી છે. આ દિવસોમાં એમણે મોત સાથે મહોબત કરી લીધી એમ કહી શકાય. મરવાની પૂરી તૈયારી સાથે શાંતિપૂર્વક ગીતાપાઠ સાંભળતા હતા.

આ માંદગી પછી શરીર ઠીક કરવા માટે દૂધ લેવું જ જોઈએ એવો દાક્તરોએ આગ્રહ સેવ્યો. બાપુએ દૂધ તો છોડી દીધું હતું. સંયમનો ખ્યાલ તો હતો જ, તેમાં ગાયભેંસ ઉપર ગુજરતા અત્યાચારોની વાત ઉમેરાતાં દૂધ ન લેવાની એમણે પ્રતિજ્ઞા કરી હતી, પણ બાએ એમાંથી માર્ગ કાઢ્યો. બાપુનું શરીર બચાવી લીધું. બાએ કહ્યું: 'તમારી પ્રતિજ્ઞામાં રહીને બકરીનું દૂધ લઈ શકાય.' બાપુ લખે છે, કે પ્રતિજ્ઞાના અક્ષરનું એમાં પાલન હતું પણ આત્માનું નહોતું, છતાં સત્યાગ્રહની લડાઈના 'મોહ'માં ખેંચાઈને બકરીનું દૂધ લેવાનું એમણે સ્વીકાર્યું.

મહાયુદ્ધ હવે પૂરું થયું હતું. હિંદુસ્તાનના દિલમાં કંઈ કંઈ આશાઓ પેદા થઈ હતી. બાપુ પોતે શ્રદ્ધાપૂર્વક માનતા હતા,

કે બ્રિટિશ સરકારે વચનો આપ્યાં છે, તે રીતે હિંદુસ્તાનને હવે સ્વરાજ્ય મળશે, પરંતુ તે સ્વરાજ્યને બદલે બ્રિટિશ સરકારે ‘રોલેટ એક્ટ’ને નામે ઓળખાતા કાળા કાયદાની ભેટ આપી. બાપુ હજી માંદગીની અસરમાંથી તદ્દન મુક્ત થયા નહોતા, છતાં એમણે રોલેટ એક્ટની સામે મોરચો માંડ્યો. હિંદના બધા વર્ગો કાળા કાયદા સામે વિરોધ અનુભવતા હતા, પરંતુ થઈ શું શકે તે કોઈને સૂઝતું નહોતું. માર્ગ બાપુએ બતાવ્યો. ૧૯૧૯ની છઠ્ઠી એપ્રિલને દિવસે આખા દેશમાં હડતાળ પાડી આ કાયદાનો વિરોધ કરવાનો બાપુએ આદેશ આપ્યો. હિંદુસ્તાન એકથી બીજા છેડા સુધી ખળભળી ઊઠ્યું. શહેરોમાં અને ગામડાંઓમાં હડતાળો પડી. બાપુએ મુંબઈમાં કાયદાનો ભંગ કર્યો. પંજાબમાં જલિયાંવાલા બાગનો કરુણ કાંડ ભજવાયો. બાપુ દોડીને ત્યાં ગયા. સરકારે એમને અટકાવ્યા. દેશના જુદાજુદા ભાગમાં તેના પ્રત્યાઘાતરૂપે તોફાનો ફાટી નીકળ્યાં. બાપુએ દેશનું સુકાન સંભાળી લીધું.

એ પછી દેશ એમની તરફ આશાની મીટ માંડી રહ્યો. આમાંથી ‘નવજીવન’ ને ‘યંગ ઇંડિયા’નો જન્મ થયો. બાપુએ પ્રજાને કેળવવા માંડી. ખિલાફતનો સવાલ ઉમેરાયો અને મુસ્લિમો કૉંગ્રેસ તરફ વધુ ખેંચાયા. બાપુએ કૉંગ્રેસને અસહકારને માર્ગે વાળી અને આ દેશમાં સ્વાતંત્ર્યની લડાઈની નવી દિશા ઊઘડી ગઈ. ત્યાં સુધી કૉંગ્રેસ જનતાની સાથે એકરૂપ નહોતી. જનતાનાં સુખદુ:ખ અરજીઓ દ્વારા અથવા વિરોધી ઠરાવો દ્વારા રજૂ થતાં હતાં તેને બદલે હવે જનતાએ ક્રાંતિનો–અલબત્ત અહિંસક ક્રાંતિનો માર્ગ અપનાવ્યો. અમૃતસરની મહાસભામાં આ વિશે સત્તાવાર ઠરાવ થયો. બાપુએ દેશને ચરખાની ભેટ ધરી અને વિશાળ અર્થમાં સ્વદેશીનો કાર્યક્રમ આવ્યો. એ પછી નાગપુરની બેઠકમાં અસહકારનો ઠરાવ ફરી મંજૂર કરવામાં આવ્યો અને

હિંદુસ્તાનના એકથી બીજી છેડા સુધી વિદ્યુતનો સંચાર થયો હોય એવી જાગૃતિ પ્રસરી ગઈ. 'હિંદુમુસલમાનકી જય,' 'મહાત્માગાંધીકી જય,' 'ભારતમાતાકી જય'ના નાદથી હિંદનું વાતાવરણ ભરાઈ ગયું.

બાપુએ લખેલી આત્મકથા અહીં સુધી આવીને અટકી જાય છે. આત્મકથાની પૂર્ણાહુતિ કરતાં બાપુએ જે લખ્યું છે તે વાંચીને આપણે પાવન થઈએ :

> "પણ હવે આ પ્રકરણો બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે.
>
> હવેનું મારું જીવન એટલું બધું જાહેર થયું, કે કશું પ્રજા નથી જાણતી એવું ભાગ્યે જ હોય. વળી ૧૯૨૧ની સાલથી હું મહાસભાના આગેવાનોની સાથે એટલો બધો ઓતપ્રોત થઈને રહ્યો છું, કે એક પણ કિસ્સાનું વર્ણન નેતાઓના સંબંધને તેમાં લાવ્યા વિના હું યથાર્થ ન જ કરી શકું. આ સંબંધો હજુ તાજા છે. શ્રદ્ધાનંદજી, દેશબંધુ, લાલાજી અને હકીમસાહેબ આપણી પાસે નથી, છતાં સદ્ભાગ્યે બીજા ઘણા નેતાઓ હજુ મોજૂદ છે. મહાસભાના મહાપરિવર્તન પછીનો ઇતિહાસ હજુ ઘડાઈ રહ્યો છે. મારા મુખ્ય પ્રયોગો મહાસભાની મારફતે થયા છે, એટલે તે પ્રયોગોનું વર્ણન કરવામાં નેતાઓના સંબંધોને વચ્ચે લાવવા અનિવાર્ય છે. એ હું વિનયને ખાતર પણ હાલ તો ન જ લાવી શકું. છેવટમાં, હાલ ચાલતા પ્રયોગોને વિષે મારા નિર્ણયો નિશ્ચયાત્મક ન ગણી શકાય. એટલે આ પ્રકરણોને હાલ તો બંધ કરવાં એ મારું કર્તવ્ય જણાય છે, મારી કલમ જ આગળ ચાલવાની ના કહે છે એમ કહું તો ચાલે.
>
> વાંચનારની રજા લેતાં મને આઘાત પહોંચે છે. મારા પ્રયોગોની મારા પાસે બહુ કિંમત છે. તેમને હું યથાર્થ વર્ણવી

શક્યો છું કે નહિ એ હું નથી જાણતો. યથાર્થ વર્ણવવામાં મેં કચાશ નથી રાખી. સત્યને મેં જેવું જોયું છે, જે માર્ગે જોયું છે તે બતાવવાનો મેં સતત પ્રયત્ન કર્યો છે, વાંચનારને તે વર્ણનો આપતાં ચિત્તશાંતિ ભોગવી છે. કેમ કે તેમાંથી વાંચનારને સત્ય અને અહિંસાને વિષે વધારે આસ્થા બેસે એવી મેં આશા રાખી છે.

સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાનેપાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી. મારી અહિંસા સાચી તો યે કાચી છે, અપૂર્ણ છે. તેથી મારી સત્યની ઝાંખી હજારો સૂરજને એકઠા કરીએ તોપણ જે સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ ન મળી શકે એવા સૂરજના એક કિરણમાત્રના દર્શનરૂપ જ છે. એનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે, એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું.

આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શનને સારુ જીવમાત્રની પ્રત્યે આત્મવત્‌પ્રેમીની પરમ આવશ્યકતા છે. અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્ય-પ્રકરણમાં ખેંચી ગઈ છે. ધર્મને રાજ્યપ્રકરણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેતાં મને સંકોચ નથી થતો, એમ કહેવામાં હું અવિનય નથી કરતો.

આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુદ્ધિ

સાધ્ય છે, કેમ કે વ્યક્તિ અને સમષ્ટિની વચ્ચે એવો નિકટ સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકની શુદ્ધિ બરાબર થઈ પડે છે. અને વ્યક્તિગત પ્રયત્ન કરવાની શક્તિ સત્યનારાયણે સહુને જન્મથી જ આપી છે.

પણ આ સિદ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી ને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથતાં છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકોની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણી વેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાં યે મને કઠિન લાગે છે. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે, મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે, ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે. એ નમ્રતાની પ્રાર્થના કરતો, તેમાં જગતની મદદ યાચતો અત્યારે તો આ પ્રકરણો બંધ કરું છું.”

[૧૦]

પૂજ્ય બાપુએ 'આત્મકથા' જ્યાં પૂરી કરી ત્યાંથી એમની જીવનકથાનું આલેખન પાંચદસ સમર્થોએ સાથે બેસીને કરવું પડશે. આપણા જેવા સામાન્ય માનવીની દૃષ્ટિએ 'આત્મકથા' સુધીનું બાપુનું જીવન સાધકનું લાગે છે અને તે પછીનું સિદ્ધનું. પરંતુ બાપુની દૃષ્ટિએ જોઈએ, તો તેઓ જીવનની છેલ્લી ક્ષણ સુધી સાધક જ હતા. સિદ્ધ, બુદ્ધ, તીર્થંકર, અવતાર વગેરે વિશેષણથી કોઈ એમને ઓળખાવે તે એમને પસંદ નહોતું. તેઓ હમેશાં કહેતા કે તેઓ સામાન્ય માનવીઓની બધી નબળાઈઓ સાથે જન્મ્યા અને ઊછર્યા હતા; અને જે કંઈ મેળવ્યું તે એમણે સતત જાગૃતિ અને પુરુષાર્થથી જ મેળવ્યું છે. બાપુનું જીવન ઝીણવટથી જોઈએ તો એમનું વિધાન સાચું લાગે છે. અલબત્ત, એમનો પુરુષાર્થ અને એમની જાગૃતિ તેઓ વર્ણવે છે, તે કરતાં અનેકગણાં વધારે હતાં. એમ ન હોત, તો બાપુ મહાન આત્મા બની શક્યા જ ન હોત. બીજરૂપે તો માણસમાત્રમાં અમુક શક્તિઓ અને નિર્બળતાઓ પડેલાં હોય છે; પરંતુ નિર્બળતાનો નાશ કરવો અને શક્તિઓને પૂર્ણરૂપે ખીલવવી એ વિરલ વ્યક્તિથી જ બની શકે, બાપુ એવા વિરલમાં યે વિરલ હતા.

૧૯૨૧ પછીનું બાપુનું જીવન હિંદના સ્વાતંત્ર્યસંગ્રામ અને કૉંગ્રેસ સાથે ઓતપ્રોત થયેલું હોવા છતાં એ કરતાં અનેકગણી સાધના બાપુએ કરી છે. એ સાધનાનો ઇતિહાસ તો ઉપર કહ્યું તેમ પાંચદસ સમર્થોને હાથે જ લખાવો જોઈએ. અહીં તો સ્થૂળ બનાવોની નોંધ દ્વારા માત્ર રેખાઓ જોઈને જ સંતોષ માનવો પડશે.

સત્યાગ્રહની શોધ દક્ષિણ આફ્રિકામાં થઈ અને એનો પહેલો

પ્રયોગ પણ ત્યાં જ થયો; પરંતુ એનો વિકાસ–માનવજાતને લગભગ બે હજાર વરસ સુધી કામમાં આવે એવો વિકાસ–તો હિંદમાં જ થયો. ચંપારણથી એનો પ્રારંભ થયો અને દિલ્હીની પ્રાર્થના પહેલાંની છેલ્લી પળે એ પરાકાષ્ઠાએ પહોંચ્યો.

૧૯૨૧માં અસહકારનો મંત્ર બાપુએ આપ્યો, તેને લોકોએ ઝીલી લીધો. બાપુએ જોઈ લીધું કે કોઈ પણ પરદેશી સત્તા દેશીઓના સહકાર વિના નભી શકે નહિ. એમણે એમ પણ જોયું કે અન્યાયમાત્રને સહકારની જરૂર પડે છે. ગુલામના સહકાર વિના જાલિમમાં જાલિમ પણ જુલમ કરી શકે નહિ. આ સહકાર સ્વેચ્છાપૂર્વકનો ભાગ્યે જ હોય અને જો હોય, તો તેમાં સ્વાર્થ રહેલો હોય. બાપુએ સ્વાર્થત્યાગનો મંત્ર આપ્યો. સત્યાગ્રહનાં મુખ્ય બે પાસાં–અસહકાર અને સવિનયભંગ : તેમાં અસહકારની ઘોષણા કરી અને વર્ષોથી નિદ્રસ્થ થયેલો ભારતનો પ્રાણ જાગી ઊઠ્યો. હિંદના એકથી બીજા છેડા સુધી અસહકારનાં મોજાં ફરી વળ્યાં. બાપુએ રચનાત્મક કાર્યનો આદેશ આપ્યો, તે પણ તત્કાળ તો ઝિલાયો. બ્રિટિશ રાજઅમલનાં દોઢસો વર્ષમાં જેનું સ્વપ્ન પણ કોઈએ જોયું નહોતું તે નજર સામે બનવા લાગ્યું.

હિંદમાં રાષ્ટ્રીયતાની ભાવના પ્રગટાવવી હતી, હિંદને પોતાના વારસાનું ભાન કરાવવું હતું, હિંદ પાસે ભાવિનું કલ્પના-ચિત્ર મૂકવું હતું, લડાઈ કોને માટે, શા માટે અને કયા પ્રકારે લડવાની છે, તેનું સતત ભાન રહે એવું પ્રતીક આપવું હતું; બાપુએ આ માટે હિંદને રાષ્ટ્રધ્વજ આપ્યો. ત્રિરંગી અને રેંટિયાથી અંકિત થયેલો રાષ્ટ્રધ્વજ બાપુનાં સત્ય, અહિંસા, આર્થિક સમાનતા, ન્યાય વગેરેનો પ્રતીક બન્યો. એ દ્વારા રાષ્ટ્રીય ભાવના ખીલી. એમાં 'વંદેમાતરમ્'નો ઉમેરો થયો. 'વંદેમાતરમે' પ્રેરણા તો વર્ષોથી આપી હતી, એનું ઉચ્ચારણ શહીદોના રક્તથી પવિત્ર બની ગયું હતું; પણ એને રાષ્ટ્રવ્યાપી રૂપ મળ્યું નહોતું. બાપુએ

એ આપ્યું.

બાપુ મંત્ર આપીને દૂર રહેનાર ઋષિ નહોતા. જાત ઉપર પ્રયોગો કરી બેસી રહેનાર યોગી નહોતા. જાણ્યા પછી જગતને જણાવી દઈ શાંતિ પામનાર જ્ઞાની પણ નહોતા. એમનામાં એ સર્વનો અને તે ઉપરાંત મહાન સેનાપતિના કર્મયોગનો સમન્વય થયો હતો. બાપુએ જાતે પ્રયોગો કર્યા, અનેક જ્ઞાની-વિજ્ઞાનીઓ સાથે મળી સત્યશોધન માટે મંથન કર્યું. દેશનું પ્રત્યક્ષ અવલોકન કરી અનુભવ મેળવ્યો. દુનિયાના ડાહ્યાઓને પણ વિનયથી સાંભળ્યા. એમને જ્યારે ખાતરી થઈ કે સત્ય એમના પક્ષે છે, ત્યારે એમણે હિંદનો પ્રવાસ આરંભ્યો. બાપુએ જેટલો પ્રવાસ હિંદમાં કર્યો છે તેટલો ભાગ્યે જ કોઈએ કર્યો હશે. આ પ્રવાસ શોખનો નહોતો. કુદરતના સૌંદર્યનું બાપુ પાન કરતા હતા અને તે દ્વારા ઈશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધા દૃઢ થતી હતી; પરંતુ એમનો પ્રવાસ તો હિંદના આત્માને ઓળખી તેને જગાડવા માટે જ હતો. રેંટિયો બાપુને મળી ગયો હતો. દરિદ્રનારાયણનું દર્શન એમને થઈ ગયું હતું. ઓરિસ્સા ને ઉત્કલનાં હાડપિંજરોએ એમને ખળભળાવી મૂક્યા હતા. બાપુએ સભ્ય પોશાક ઉતારી હિંદના અર્ધનગ્નો સાથે એકરૂપ થવા હવે કચ્છ પહેરી લીધો હતો. દુનિયાના ડાહ્યાઓને બાપુ તે દિવસે દીવાના લાગ્યા હતા, પરંતુ હિંદના કરોડોએ તો તે દિવસે એમનામાં પોતાના ઉદ્ધારકનાં દર્શન કર્યાં હતાં.

અસહકારને અમુક સફળતા મળતાં બાપુનું ધ્યાન સવિનયભંગ ઉપર ગયું. શુદ્ધ બલિદાન વિના સ્વરાજ મળે નહિ એવી એમની દૃઢ માન્યતા હતી. આ માટે એમણે બારડોલી ઉપર પસંદગી ઉતારી. બારડોલીના ભોળા અને નમ્ર ખેડૂતો બાપુએ પ્રગટાવેલા યજ્ઞમાં બલિ થવા માટે તૈયાર થઈ ગયા. બાપુએ ઘોષણા કરી દીધી. એમનું યુદ્ધ અહિંસક હતું. તેઓ આખા

દેશમાં અહિંસાનું વાતાવરણ ઇચ્છતા હતા. બારડોલીમાં અહિંસાનો યજ્ઞ તો જ સફળ થાય, જો દેશના કોઈ ખૂણામાં હિંસાની જ્વાળાઓ ભભૂકે નહિ. એક સ્થળે અહિંસા અને બીજે સ્થળે હિંસા ચાલી શકે નહિ. એ કાળે દેશમાં એવી અહિંસક તાકાત પણ નહોતી કે તે હિંસાને ઝાંખી પાડી દઈ શકે. બારડોલીના સવિનયભંગ માટે દેશે શું કરવું જોઈએ તે બાપુએ સમજાવ્યું હતું. પરંતુ બ્રિટિશ સલ્તનત સામે લોકોના દિલમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. યુક્તપ્રાંતના ચૌરીચોરામાં એનું પ્રદર્શન થઈ ગયું. લોકોએ હિંસાનો માર્ગ લઈ સરકારી પોલીસોની નિર્દય રીતે હત્યા કરી. બાપુ ચોંકી ઊઠ્યા. એમણે જોઈ લીધું કે દેશના વાતાવરણમાં હિંસા ભરેલી છે અને તેને નિષ્ફળ બનાવે એવી અહિંસક તાકાત દેશમાં નથી. એમણે બારડોલીનો સવિનયભંગ મુલતવી રાખ્યો. પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કર્યા. અહિંસા વિષે પોતાની શ્રદ્ધા ફરીફરી જાહેર કરી.

સવિનય ભંગ તો અટક્યો, પણ ગુલામી સામે મંડાયેલી લડત અટકી નહિ. અસહકાર ચાલતો જ હતો, દેશને તૈયાર કરનારી પ્રવૃત્તિનો વેગ પણ વધતો જતો હતો. સરકારે જોઈ લીધું કે અહિંસાનો મંત્ર આપનાર આ તપસ્વી બ્રિટિશ સામ્રાજ્યશાહી માટે ભયરૂપ છે, હિંસક સેનાપતિ કરતાં વધુ ભયજનક છે. એટલે ખૂબ તૈયારી સાથે બાપુ ઉપર હાથ નાખ્યો. બાપુને પકડી લીધા. બાપુને જેલની નવીનતા નહોતી. એમના ઉપર કેસ ચાલ્યો ત્યારે એમણે જે નિવેદન કર્યું તે ઇતિહાસમાં અમર થઈ જશે. ન્યાયાધીશે છ વરસની સજા ફરમાવતાં કહ્યું: 'આજ સુધી મેં ઘણાના ફેંસલા કર્યા છે અને ઘણાના કરવા પડશે, પણ આપ એ બધામાં જુદી કોટીના પુરુષ છો. તમે તમારા કરોડો દેશબંધુઓની નજરમાં મહાન દેશભક્ત છો. તમારી સાથે જેમને મતભેદ છે તેઓ પણ તમને સંત પુરુષ માને છે, પણ

કાયદા આગળ કોઈ મોઢુંનાનું નથી; તેથી હું તમને ૭ વર્ષની સાદી કેદની સજા ફરમાવું છું. ભવિષ્યમાં કોઈ પણ કારણે સરકાર તમારી સજા ઓછી કરશે કે તમને છોડી મૂકશે, તો તે દિવસે મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય.' તે દિવસ ૧૯૨૨ના માર્ચની ૧૮મી તારીખનો હતો.

જેલમાં પણ બાપુની સાધના તો ચાલુ જ હતી, દુષ્ટ ગોરા વૉર્ડરની દુષ્ટતાં એમના પ્રેમથી ગળી જતી હતી. અન્ય કેદીઓ માટે બાપુ પ્રેરણા અને આશ્વાસનનું સ્થાન બન્યા હતા. જેલમાં નિયમોનું પાલન બાપુ જે કડકાઈથી કરતા હતા તે જોઈ ખુદ અધિકારીઓ પણ આશ્ચર્ય વ્યક્ત કરતા હતા. બાપુએ સૌને જીતી લીધા હતા.

અચાનક બાપુ માંદા પડ્યા. સજાનું તો હજી દોઢેક વર્ષ વીત્યું હતું. બાપુએ તો ૭ વર્ષનો કાર્યક્રમ પણ ઘડી કાઢ્યો હતો. બાપુ મોટે ભાગે જેલનો ઉપયોગ નવુંનવું શીખવામાં કરતા. એમને કોઈ દિવસ એવું લાગ્યું નહોતું કે અમુક શીખવા માટે હવે તેઓ વૃદ્ધ થઈ ગયા છે. માંદગી વધવા લાગી એટલે સરકારને ચિંતા થઈ. એ વખતે બાપુ યરવડા જેલમાં હતા. સરકારે ત્યાંથી એમને સાસુન હૉસ્પિટલમાં ખસેડ્યા. દાક્તરી તપાસમાં જણાયું કે એપેન્ડીસાઈટીસ છે. ઑપરેશનની જરૂર જણાઈ. આજથી ૨૪ વર્ષ પહેલાંની વાત છે. ઑપરેશન અંગે સૌને ચિંતા હતી. બાપુએ જોખમ ખેડવાની તૈયારી બતાવી. આખા દેશમાં ચિંતા પ્રસરી ગઈ. ઠેરઠેર પ્રાર્થનાઓ થવા લાગી.

બાપુને ઑપરેશન કરવાના ટેબલ ઉપર સુવાડ્યા પછી એક અકસ્માત બન્યો. બેભાન થવાની દવા સુંઘાડી કે તરત બત્તી બુઝાઈ ગઈ. દાક્તરનો જીવ તાળવે ચોંટ્યો. પલવાર તો એ હિંમત હારી બેઠા, પણ ત્યાં જ બત્તી સળગી અને એણે ઑપરેશન કર્યું. જગતના સદ્ભાગ્યે ઑપરેશન સફળ થયું.

૧૯૨૪ની ૧૨મી જાન્યુઆરીએ એ બન્યું.

સારવારના દિવસો પૂરા કરી બાપુ જુહુ રહેવા આવ્યા. શરીર ઘણું નબળું હતું. જુહુના દરિયાકિનારે આરામ કરતાકરતા દેશની હાલતનો અભ્યાસ કરતા હતા અને જે આવે તેને નવું જીવન આપતા હતા. સાજા થયા પછી ગુજરાતના પ્રવાસે ગયા અને ત્યાંથી દેશનું વાતાવરણ બગડતાં દિલ્હી પહોંચ્યા.

ગાંધીજીના જેલવાસ દરમિયાન દેશનું વાતાવરણ બગડી ચૂક્યું હતું. અસહકારથી લોકો થાકચા હોય કે ન થાક્યા હોય, પરંતુ નેતાઓ થાકયા હતા. ધારાસભામાં જવાની વાતે જોર પકડયું હતું. બીજી બાજુ અસહકારનું વાતાવરણ ઓસરતાં હિંદુ–મુસ્લિમ પ્રશ્ન ઉગ્ર બન્યો હતો. અનેક સ્વાર્થી તત્ત્વો મેદાનમાં આવ્યાં હતાં. કોમી રમખાણ જ્યાંત્યાં ફાટી નીકળતાં હતાં. બાપુથી આ સહન થતું નહોતું. દેશ પાયમાલીને પંથે જઈ રહ્યો છે એવી ખાતરી થતાં એમણે દેશને બચાવવા માટે પોતાની જાત હોમી દેવાનો નિશ્ચય કર્યો. શરીર હજી અસ્વસ્થ હતું. માંદગીની નબળાઈ ગઈ નહોતી, ત્યાં સપ્ટેમ્બરની ૧૮મીએ એમણે નિશ્ચય જાહેર કર્યો કે હિંદુ–મુસ્લિમ એકતા અર્થે તેઓ ૨૧ દિવસના ઉપવાસ કરશે. સૌ ચોંકી ઊઠ્યા. દાક્તર અન્સારીને ત્યાં એમનો ઉતારો હતો. દેશના નેતાઓએ એમને ખૂબ વીનવ્યા. સાથીઓએ પણ વિનતિ કરવામાં કચાશ ન રાખી. દેશમાંથી ખાતરીઓ પણ મળવા લાગી, પણ બાપુએ તો પ્રભુને ભરોસે દેહ સોંપી દેવાનો નિશ્ચય કરી લીધો હતો. તેઓ હસીહસીને સૌને વિશ્વાસ આપતા હતા કે પરમાત્મા એમને ઉગારી લેશે, કારણ કે એમના કાર્ય માટે બાપુના દેહની જરૂર છે.

સૌનો ભય ખોટો પડ્યો અને બાપુનો વિશ્વાસ સાચો પડ્યો. વચ્ચે દાક્તરોએ શ્રદ્ધા ગુમાવી, પણ બાપુ તો ઈશ્વર ઉપરની આસ્થામાં અડગ જ રહ્યા. પરિણામે દેશના વાતાવરણમાં

ફેર પડ્યો. કોમી ઝેર નાબૂદ તો ન થયું, પણ દેશ બચી ગયો. એ પછી બાપુએ કૉંગ્રેસની પુનઃવ્યવસ્થાનું કાર્ય હાથમાં લીધું. ૧૯૧૯-૨૦થી તેઓ કૉંગ્રેસના સુકાની હતા, પરંતુ પ્રમુખપદ ૧૯૨૪માં બેલગામની મહાસભાના અધિવેશનમાં એમણે લીધું હતું. એ વખતની સ્થિતિમાં એમ કર્યા વગર છૂટકો નહોતો. કૉંગ્રેસમાં ભાગલા પડી ગયા હતા. મોતીલાલજી, દેશબંધુ ને લાલાજી જેવા મહારથીઓ ધારાસભામાં જવામાં દેશનું હિત માનતા હતા. બાપુએ માર્ગ કાઢ્યો અને સ્વરાજ પક્ષની રચના થઈ. કૉંગ્રેસનું કાર્ય બંને દિશામાં ચાલવા લાગ્યું.

બાપુએ દક્ષિણ આફ્રિકાથી આવીને સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી હતી, અને ત્યાં એમના સત્યના પ્રયોગો ચાલતા હતા; પરંતુ બાપુ અનેક પ્રવૃત્તિમાંથી આશ્રમ માટે સમય કાઢી શકતા નહોતા. દેશનું રાજકારણ પણ ગૂંચવાયેલું હતું. મોતીલાલજી વગેરે નેતાઓને તેઓ છૂટો દોર આપવા ઇચ્છતા હતા. બાપુને તો ખાતરી જ હતી કે એ કાળની ધારાસભાઓ ઇંદ્રજાળો હતી, પરંતુ અન્ય નેતાઓને એવી ખાતરી નહોતી. આવાં બધાં કારણોસર બાપુએ એક વર્ષ ક્ષેત્રસંન્યાસ લઈ આશ્રમમાં રહેવાનો નિશ્ચય જાહેર કર્યો. રાજકીય ક્ષેત્રે અંધાધૂંધી પ્રવર્તશે એવો કેટલાકે ભય બતાવ્યો; પણ બાપુએ નિશ્ચય ફેરવ્યો નહિ.

૧૯૨૫ના સપ્ટેમ્બરમાં અખિલ હિંદ ચરખા સંઘની સ્થાપના કરી બાપુએ ખાદીકાર્યને ચોક્કસ વ્યવસ્થામાં ગોઠવી દીધું. આશ્રમની વ્યવસ્થામાં એમણે ખૂબ શક્તિ ખરચી. એક અંતેવાસી અંગે સાત દિવસના ઉપવાસ કર્યા. 'નવજીવન' પત્રો દ્વારા દેશને આત્મશુદ્ધિ અને આત્મબળ મેળવવાની તાલીમ આપવા માંડી. 'સત્યના પ્રયોગો' રૂપી આત્મકથા લખવાનું પણ આ વર્ષમાં જ બાપુએ શરૂ કર્યું.

આસામના ગૌહતીમાં મહાસભાનું અધિવેશન મળતું હતું.

એ કાળના ઉદ્દામ નેતા શ્રી. આયંગર પ્રમુખપદે ચૂંટાયા હતા. કોંગ્રેસનું નાવ ઠેકાણે આવ્યું નહોતું. કોમી ઝેર પણ ફરી ઊછળવા લાગ્યું હતું. નેતાઓના અત્યાગ્રહને વશ થઈ બાપુ ગૌહતી જવા તૈયાર થયા. એમણે કહી દીધું હતું, કે પોતે સક્રિય ભાગ લેશે નહિ, પરંતુ અત્યંત દુઃખદાયક બનાવ બની જતાં ગૌહતીમાં બાપુએ સક્રિય બનવું જ પડ્યું. બાપુ ગૌહતી જતા હતા ત્યાં રસ્તામાં જ એમને સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂનના સમાચાર મળ્યા. ખૂન અબ્દુલ રશીદ નામના મુસ્લિમે કર્યું હતું. બાપુને સખત આઘાત લાગ્યો, પણ એમણે જોઈ લીધું કે જો સંભાળી લેવામાં નહિ આવે તો વેરની પરંપરા ચાલશે. એમણે તરત જ નિવેદન કર્યું અને દેશના નેતાઓને પોતાની સમગ્ર શક્તિ શાંતિના કાર્યમાં રોકવાનો અનુરોધ કર્યો.

બાપુએ ફરીને દેશનો પ્રવાસ આરંભ્યો. ચારે બાજુ વેરઝેરની ગંદકી વ્યાપેલી હતી. વર્ષોની ગુલામીરૂપી મહારોગમાંથી આ લોહીપરુ નીકળતાં હતાં એમ બાપુ જોઈ શકતા હતા. એમણે સ્થળેસ્થળે સત્યધર્મનું પ્રતિપાદન કર્યું. હજારો ને લાખોની સંખ્યામાં બાપુ પાસે લોકો આવતા હતા. ત્રીજા વર્ગની મુસાફરી, સતત ચિંતા, અતિશય કામ, રાતના ઉજાગરા–બાપુનું શરીર ભાંગી પડ્યું. પક્ષાઘાત થશે કે શું એવો ભય પેદા થયો; છતાં જ્યાં સુધી માંદગીમાં કાયા પટકાય નહિ ત્યાં સુધી એમનો કર્મયોગ ચાલુ રહ્યો. અંતે કુદરતે પોતાનું કામ કર્યું અને બાપુ પથારીવશ થયા. તેઓ શરીરસ્વાસ્થ્ય અંગે નંદીદુર્ગ રહ્યા. પણ બાપુનું જીવન એટલે સુવાસિત પુષ્પનું જીવન. જ્યાં ગયા ને રહ્યા ત્યાં એમણે સુગંધ વેરી અનેકના આત્માને પ્રસન્નતાથી ભરી દીધા.

લાંબા સમયથી બાપુને લંકાનું આમંત્રણ હતું. સાજા થયા પછી એ આમંત્રણનો સ્વીકાર કર્યો. લંકાવાસીઓએ વિજેતા રામચંદ્રજીનું નહિ કર્યું હોય તેટલું સન્માન બાપુનું કર્યું. બાપુએ

શ્રીરામ અને બુદ્ધ ભગવાનના સંબંધે હિંદ અને લંકાની સગાઈ ત્યાં સ્થાપી. એ પ્રવાસનાં સુમધુર સ્મરણો મહાદેવભાઈએ આલેખ્યાં છે.

હવે દેશ કંઈક નવાની ઝંખના કરવા લાગ્યો હતો. ધારાસભાઓ નિષ્ફળ પુરવાર થઈ હતી. રાજદ્વારી દાવો નકામા જતા હતા. દેશનું વાતાવરણ ફરીને પરદેશી રાજસત્તા સામે ઉગ્ર બનતું જતું હતું. બ્રિટિશ મુત્સદ્દીઓ પરિસ્થિતિ સમજી ગયા હતા. રાષ્ટ્રની આકાંક્ષાઓ ઉપર ઠંડું પાણી રેડવા માટે 'સાયમન કમિશન' હિંદમાં મોકલ્યું. એ કમિશનમાં બધા જ ગોરાઓ હતા. હિંદની સ્થિતિનો અભ્યાસ કરી તેઓ બ્રિટિશ સરકારને ભલામણ કરવાના હતા કે હિંદની ગુલામીમાં હવે શો ફેરફાર કરવો? બાપુની આજ્ઞા અનુસાર દેશભરમાં એનો વિરોધ થયો. લોકલાગણીને માર્ગ મળી ગયો. બ્રિટિશ સત્તાધારીઓના હેતુ કરતાં ઊલટું જ પરિણામ આવ્યું.

એ પછી આવ્યો બારડોલીનો ઐતિહાસિક સંગ્રામ. બાપુ ત્યાં ગયા નહિ, પરંતુ એમની દેખરેખ નીચે વલ્લભભાઈએ એ જંગ ખેલ્યો. એ જંગે દેશમાં આશાનું કિરણ પેદા કર્યું. બાપુને પણ લાગ્યું કે દેશ લડાઈ માટે તૈયાર થઈ શકે એમ છે. બાપુના સાથી અને સૈનિક વલ્લભભાઈ બારડોલીથી 'સરદાર' બન્યા અને ઉત્તરોત્તર એમની સરદારી ઝળકવા લાગી.

કલકત્તા મહાસભાનું અધિવેશન મળતું હતું. પંડિત મોતીલાલજી પ્રમુખ હતા. જવાહરલાલજી, સુભાષબાબુ અને શ્રી. આયંગર વિરોધપક્ષમાં હતા. વાતાવરણ ઉગ્ર બન્યું હતું. બાપુ તો લગભગ રાજકીય નિવૃત્તિ ભોગવતા હતા. પંડિત મોતીલાલજીએ બાપુને તેડું મોકલ્યું. એમના આગ્રહને વશ થઈ બાપુ કલકત્તા ગયા અને કોંગ્રેસના નાવને એમણે બચાવી લીધું. વિરોધપક્ષને જીતી લઈ એક વર્ષમાં સાંસ્થાનિક સ્વરાજ, નહિ તો પૂર્ણ

સ્વરાજના ધ્યેયની જાહેરાત; એવો ઠરાવ કર્યો. એ વર્ષ બાપુએ દેશને તૈયાર કરવામાં ખર્ચ્યું અને સમાધાનમાં સફળતા ન મળવાથી ૧૯૨૯ના ડિસેમ્બરની ૩૧મી તારીખની મધરાત વીતતાં પૂર્ણ સ્વરાજની લાહોરમાં ઘોષણા થઈ. જવાહરલાલજી પ્રમુખ હતા અને બાપુએ પૂર્ણ સ્વરાજનો ઠરાવ રજૂ કર્યો હતો. અદ્ભુત હતું એ દૃશ્ય !

એ પછી ૨૬મી જાન્યુઆરીનો સ્વાતંત્ર્યદિન નક્કી થયો અને દેશની તૈયારીનું માપ મળી જતાં બાપુએ ઐતિહાસિક દાંડીકૂચ શરૂ કરી. 'કૂતરાં અને કાગડાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહિ આવું' એ પ્રતિજ્ઞાએ દેશને ડોલાવી દીધો. દાંડીયાત્રાને પગલેપગલે ચેતનાનાં ઝરણાં ફૂટતાં હતાં એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. સરકારે બાપુને દાંડી સુધી પહોંચવા દીધા, તે દરમિયાન આખા દેશમાં પાવક જ્વાળા પ્રગટી ચૂકી હતી. અંતે બાપુને પકડ્યા પણ લડાઈ મંદ પડી નહિ. લગભગ એક વર્ષે સરકારે સમાધાન શોધ્યું અને 'ગાંધી–અરવીન કરારો' થયા. બાપુ ગોળમેજીમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે જતા હતા, ત્યારે બ્રિટિશ સરકાર તરફથી પવિત્ર કરારનો ભંગ થતો હતો; છતાં સત્યાગ્રહીને શોભે એ રીતે બાપુએ પ્રયાણ કર્યું.

ગોળમેજી પરિષદમાં તો બ્રિટિશ મુત્સદીઓએ જાળ બિછાવી હતી, પરંતુ બાપુ એમાં સપડાયા નહિ. જગત સમક્ષ અત્યંત બળવાન ભાષામાં એમણે હિંદનો કેસ રજૂ કર્યો. લંડનવાસીઓનાં દિલ જીત્યાં. દુનિયાને હિંદનો પ્રાચીન સંદેશ આપ્યો; પરંતુ 'પૂર્ણ સ્વરાજ' ન મળ્યું. બાપુ ખાલી હાથે પાછા ફર્યા. દેશમાં તો દમનનો કોરડો ચાલુ થઈ ગયો હતો. બાપુએ શાંતિ સ્થાપવા પ્રયાસો કર્યા, પરંતુ સફળતા મળી નહિ. બ્રિટિશ પ્રતિનિધિને મૈત્રી કરતાં તલવારમાં વિશેષ વિશ્વાસ હતો. ૧૯૩૨ના જાન્યુઆરી-

ની ચોથી તારીખે બાપુને પકડી લેવામાં આવ્યા. ફરી લડાઈનું રણશિંગું ફુંકાયું અને હજારો જેલમાં ગયા, હજારોએ લાઠીઓ ખાધી, હજારોનાં ઘરબાર લુંટાયાં, સેંકડો ઉપર ગોળીઓ વરસી; સ્વાતંત્ર્યદેવીને પ્રસન્ન કરનારો યજ્ઞ ફરી શરૂ થયો.

બાપુને જેલમાં ગયે નવેક મહિના થયા હશે. બહાર તો લડત ચાલતી હતી, પણ જેલમાં એથી યે મહાન લડતની તૈયારી થતી હતી. બાપુએ ગોળમેજી પરિષદમાં બ્રિટિશ સરકારને ચેતવણી આપી હતી, કે એ કોઈ પણ પ્રકારે હરિજનોને હિંદુ સમાજમાંથી દૂર કરવા અલગ મતાધિકારની લાલચમાં બાંધશે, તો તેનો સામનો કરવા પોતે પ્રાણ પાથરશે. બાપુની આ ચેતવણીની ગંભીરતા કદાચ કોઈજ સમજ્યું નહોતું. દુનિયાનો અનુભવ તો એવો છે કે લગભગ દરેક રાજદ્વારી નેતા પ્રાણ પાથરવાની વાત કરે; પરંતુ એવો સમય કદી આવે જ નહિ! બાપુ એ માટીના ઘડાયેલા નહોતા. બ્રિટિશ વડાપ્રધાને કોમી ચુકાદામાં હરિજનોને જુદા મતાધિકાર આપી હિંદુ સમાજમાંથી એમને કાઢી લઈ પરસ્પર દુશ્મનાવટ પેદા કરવાની બાજી ખેલી, ત્યારે બાપુએ એ સામે આમરણાંત ઉપવાસ જાહેર કર્યા. બાપુ બીજું કરે પણ શું? બાપુને હરિજનો કરતાં અને હિંદુ ધર્મ કરતાં વિશેષ વહાલું શું હતું? આ ઉપવાસના પરિણામે 'પૂના-કરાર' નામે ઓળખાતી સમજૂતી થઈ અને આ દેશમાં બીજા પાકિસ્તાનીઓ થતાથતા અટકી ગયા. બાપુએ હિંદુ ધર્મને, હિંદુ સમાજને, હિંદની રાષ્ટ્રીયતાને અને સ્વાતંત્ર્યયુદ્ધને આ મહાન પગલાંથી બચાવી લીધાં. જો પાંચ કરોડ હરિજનો જુદા પડ્યા હોત, તો આજે હિંદની શી સ્થિતિ હોત?

બાપુનું ધ્યાન હવે હરિજન પ્રશ્ન ઉપર કેંદ્રિત થયું. એમણે સરકાર સામે ઉપવાસ કરી જે મેળવ્યું તે પૂરતું નહોતું. હિંદુઓનાં પથ્થરદિલ પીગળે નહિ અને હરિજનો હિંદુ સમાજ સાથે એકરૂપ

થાય નહિ, તો 'પૂના-કરાર'ની કિંમત શી? બાપુએ હિંદુઓનાં દિલ જાગ્રત કરવા ૨૧ દિવસના ઉપવાસ આદર્યા. સરકારે એમને છોડી મૂકયા. ઉપવાસ દરમિયાન દેશમાં સારું વાતાવરણ પેદા થયું. હિંદુઓ અને હરિજનો વર્ષોથી વિખૂટા પડેલા ભાંડુઓની પેઠે ભેટયા...

ઉપવાસ પછી બાપુએ આશ્રમ વિખેરી નાખ્યો, સ્વાતંત્ર્યયજ્ઞમાં એની આહુતિ આપી. વ્યક્તિગત સત્યાગ્રહનો દેશને આદેશ આપ્યો. બલિદાનથી પુનિત બનેલા રાસ તરફ પગપાળા જવાની બાપુએ તૈયારી કરી, પણ સરકારે એમને પકડી લીધા. બાપુને આ વખતે સરકારે હરિજનપ્રવૃત્તિ કરવાની બંધી ફરમાવી એટલે એ સામે એમણે ઉપવાસ આદર્યા. સરકાર એ જીરવી ન શકી એટલે એમને છોડી મૂકયા. બાપુએ બહાર આવી હરિજન-કાર્ય માટે દેશનો પ્રવાસ શરૂ કર્યો. બરાબર આ વખતે બિહારમાં ભયંકર ધરતીકંપ થયો. અનેક અસરો નીચે બાપુએ સત્યાગ્રહ મોકૂફ રાખવાની અને જરૂર પડશે તો માત્ર પોતે જ સત્યાગ્રહ કરશે એવી જાહેરાત કરી. હરિજન-પ્રવાસમાં અનેક કષ્ટો વેઠ્યાં. પ્રજાના દિલનો મેલ ધોતાંધોતાં વિરોધ સહન કર્યો. પૂનામાં તો બોંબ પણ ફેંકાયો, પરંતુ હરિના જન પાછા હઠે શાના? બાપુએ આ વર્ષોમાં અસ્પૃશ્યતાના દૈત્યનો સંહાર કર્યો એમ ભવિષ્યનો કોઈ પુરાણકાર લખે તો નવાઈ નહિ!

બાપુનું ધ્યાન ફરી રચનાત્મક પ્રવૃત્તિ અને રાષ્ટ્રઘડતરનાં બીજાં કાર્યોમાં પરોવાયું. સત્યાગ્રહની સફળતા માટે રચનાત્મક કાર્યને બાપુ અનિવાર્ય ગણતા હતા. લડતના રસિયાઓની એ સ્થિતિ નહોતી. દેશના સામાન્ય સૈનિકોને મન સ્વરાજ એટલે બ્રિટિશ રાજઅમલમાંથી મુક્તિ. બાપુની સ્વરાજની કલ્પના આટલી જ નહોતી. તેઓ તો સમાજનું જ નવવિધાન ચાહતા હતા. લડત પૂરી થતાં એમણે કોંગ્રેસજનો પાસે પોતાના વિચારો

દૃઢતાપૂર્વક રજૂ કર્યા અને સ્પષ્ટ રીતે માગણી કરી, કે ખરા દિલથી આ સિદ્ધાંતો સ્વીકારી શકાય, તો જ પોતે કોંગ્રેસમાં રહી શકે. ખળભળાટ મચી ગયો. વિનતિઓનો વરસાદ વરસ્યો. ધારે તો બાપુ પોતાની માગણી કોંગ્રેસ પાસે સ્વીકારાવી શકે એમ હતું, પણ બાપુએ કોંગ્રેસ કાર્યકરોનું માનસ જોઈ લીધું અને ૧૯૩૪માં મળેલી મુંબઈ કોંગ્રેસમાં એમણે કોંગ્રેસના સભ્યપદનું રાજીનામું આપ્યું. આ રાજીનામું આપતી વખતે સૌની લાગણી જોઈ એમણે અંગત ખાતરી આપી કે તેઓ કોંગ્રેસને સલાહસૂચના આપશે.

ગાંધીજી કોંગ્રેસના સભ્ય ન રહ્યા, પરંતુ સુકાની તો રહ્યા જ. ચરખા સંઘ, ગ્રામોદ્યોગ સંઘ, હરિજન સેવક સંઘ, અને તાલીમી સંઘમાં એમણે વિશેષ ધ્યાન પરોવ્યું; અને મધ્ય પ્રાંતના નાનકડા ગામ સેવાગ્રામમાં વાસ કર્યો; છતાં કોંગ્રેસનું રાજકારણ એમની પ્રેરણાથી ચાલતું રહ્યું. સેવાગ્રામ હિંદનું હૃદય બની ગયું. કોંગ્રેસના પ્રમુખપદે રાજેન્દ્રબાબુ હોય, જવાહરલાલ હોય, સુભાષબાબુ હોય કે મૌલાના આઝાદ હોય; ગાંધીજી તો રાષ્ટ્રપિતા તરીકે સૌને માર્ગદર્શન આપતા જ રહ્યા. આ વર્ષોમાં ગાંધીજીએ પાયાની કેળવણીના સિદ્ધાંતો રજૂ કરી સેંકડો વર્ષો સુધી જેની અસર પહોંચે અને જે દ્વારા હિંદની કાયાપલટ થઈ જાય એવી પ્રવૃત્તિ આદરી. બીજી બાજુ અહિંસાના પ્રયોગો તો ચાલતા જ હતા. રક્તરંગી ક્રાંતિમાં માનનાર બંગાળ–પંજાબના ક્રાંતિકારો ઉપર બાપુની જાદુઈ અસર થતી હતી. અહિંસાનો વિજય નોંધાતો જતો હતો.

આ વર્ષોમાં દેશી રાજ્યોમાં જાગ્રતિનાં પૂર ચડવા માંડ્યાં હતાં. બાપુ પોતાની રીતે દોરવણી આપતા હતા. રાજકોટમાં તેઓ ગયા, ઉપવાસ કરી ન્યાય મેળવ્યો; પરંતુ એમાં સત્ય ઝંખવાતું હોય એમ લાગતાં મળેલો લાભ ફેંકી દીધો. બાપુ સિવાય બીજું કોણ આવું હિંમતભર્યું પગલું ભરી શકે? સત્યનો એક નવો

પ્રયોગ એ રીતે રાજકોટની પ્રયોગશાળામાં નોંધાયો.

વિશ્વયુદ્ધની વાતો તો ઘણા સમયથી વાયુમંડળમાં પ્રસરતી હતી. બાપુએ આ અંગે દેશને અને દેશનેતાઓને ચેતવણીઓ પણ આપી હતી; પરંતુ આપણે બહેરા બની ગયા હતા. વિશ્વયુદ્ધ આવતાં બાપુએ જગતને ઉદ્દેશીને પોતાના વિચારો જાહેર કર્યા; પરંતુ તોપ, ટેંક, મનવારમાં મશગૂલ બનેલી દુનિયાએ સાંભળ્યું નહિ. બ્રિટિશ સરકારે કોઈને પૂછ્યા વિના હિંદને લડાઈમાં ઝીંકી દીધું. પરાધીન હિંદની પરાધીનતા વધુ કરુણ બની. બાપુ આમાંથી માર્ગ શોધતા હતા. તેમણે પ્રતીક સત્યાગ્રહ કરી બ્રિટિશ પ્રજાનું હૃદય જગાડવા પ્રયત્ન કર્યો; પણ તેની અસર ન થઈ. જગતમાંથી નીતિ, ધર્મ, ન્યાય વિદાય લઈ રહ્યાં હતાં. બ્રિટનની સ્થિતિ ખરાબ થતાં સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સને હિંદ દોડાવ્યા હતા, પણ કશું વળ્યું નહોતું. કૉંગ્રેસની સ્થિતિ આ વર્ષોમાં ડામાડોળ હતી. હિંસા–અહિંસાના સવાલોએ મહાન નેતાઓને પણ મુઝવી નાખ્યા હતા. એકવાર તો બાપુ સંપૂર્ણ રીતે ખસી ગયા હતા, પરંતુ કૉંગ્રેસ અને બ્રિટિશ સરકાર વચ્ચે સમાધાન થયું જ નહિ અને દેશની હાલત અત્યંત કફોડી થઈ, ત્યારે બાપુએ આવી નૌકાનું સુકાન સંભાળી લીધું. એમની આર્ષદૃષ્ટિએ માર્ગ શોધી કાઢ્યો : ‘ હિંદ છોડો. ’ એમણે બુલંદ અવાજે જાહેર કર્યું કે આ ક્ષણે જ બ્રિટિશ શાહીવાદનો હિંદમાંથી અંત આવવો જોઈએ. જો અહિંસક ત્રિલોચનની કલ્પના થઈ શકતી હોય, તો તે વખતે બાપુનું એ સ્વરૂપ એવું હતું.-૧૯૪૨ના ઑગસ્ટમાં મુંબઈમાં મહાસમિતિની બેઠક મળી અને જગતે ‘ કરેંગે યા મરેંગે ’નો હિંદી પ્રજાનો નિશ્ચય સાંભળ્યો.

આ પછીનો ઇતિહાસ આપણી સામે કેટલો તાજો છે! બાપુ આગાખાન મહેલમાં પુરાયા, પ્યારા મહાદેવભાઈની ત્યાં સમાધિ થઈ. એ પછી ઉપવાસની અગ્નિપરીક્ષા આવી. એ

નબળાઈમાંથી હજી પૂરા ઊઠ્યા નહિ ત્યાં જગદંબા કસ્તૂરબા ચાલ્યાં ગયાં. બાપુનું શરીર હવે ભાંગતું જતું હતું. માંદગીનું કારણ આપી ૧૯૪૪ની ૬ઠ્ઠી મેના દિવસે સરકારે બાપુને છોડી દીધા. બાપુ જુહૂને કિનારે, બુદ્ધ ભગવાનની યાદ આપતા પ્રાર્થના કરવા લાગ્યા. હજારોથી વીંટળાયેલા છતાં ત્યારે એકાકી લાગતા હતા. સદાના સંગાથી મહાદેવભાઈ અને કસ્તૂરબા નથી એ ખ્યાલે જોનારની આંખમાં આંસુ આવી જતાં હતાં.

આ દિવસોમાં બાપુએ ઝીણા સાહેબને મનાવવાનો પ્રયાસ કર્યો હતો; પરંતુ વર્ષોનું ઝેર અને વર્ષોની જડતા અડગ રહ્યાં હતાં. ગાંધી–ઝીણા મંત્રણા નિષ્ફળ નીવડી હતી. દેશમાંથી હિંસા નાબૂદ કરવા બાપુએ પ્રચંડ પુરુષાર્થ આદર્યો હતો. પોતે ચાળીસ દિવસના ઉપવાસ ઉપર ઊતરશે એમ પણ જાહેર કર્યું હતું.

એ પછી દેશનેતાઓ છૂટ્યા ને સીમલા–પરિષદ થઈ. બાપુએ કોંગ્રેસને દોરવણી આપી. બ્રિટિશ વાઈસરોય અને મુસ્લિમ લીગની રમતને કારણે એ પરિષદ નિષ્ફળ ગઈ. દેશનું વાતાવરણ તો બગડતું જ જતું હતું. બંગાળના સમાચાર સૌથી ખરાબ હતા, બાપુ ત્યાં પહોંચ્યા. આ બાજુ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ વણસતી જતી હતી. બ્રિટિશ સરકારમાં પલટો આવ્યો. રૂઢિચુસ્ત ચર્ચિલને સ્થાને કામદાર પક્ષ આવ્યો. હિંદ સાથે વાટાઘાટ કરવા બ્રિટિશ પ્રધાનોની ત્રિપુટી આવી. એટલું ખાતરીપૂર્વક કહી શકાય કે આ લાંબી વાટાઘાટોમાં બાપુ ન હોત, તો કોંગ્રેસ ગોથું ખાઈ જાત. બાપુએ સત્યાગ્રહની રીતે તદ્દન સ્પષ્ટ માગણી કરી હતી: 'બ્રિટને કશી યે શરત વિના તત્કાળ હિંદ છોડી જવું જોઈએ !'

કોમી આગ હવે ફેલાતી જતી હતી, બંગાળના નોઆખલીમાં ભયંકર બનાવો બન્યા. બાપુ ત્યાં ગયા, જગતના

ઇતિહાસના આદિકાળથી આજ સુધીમાં ભાગ્યે જ કોઈએ આવો પ્રવાસ ખેડ્યો હશે. પ્રતિપળે મૃત્યુની ભીતિ હતી, પણ બાપુએ સઘળું ઈશ્વરને સોંપ્યું હતું. બિહારમાં દાવાનળ પ્રગટ્યો. બાપુ ત્યાં ગયા. કલકત્તામાં અનશન આદર્યું. એકેએક સ્થળે આત્માનું અમૃત છાંટી એમણે આગ બુઝાવી.

પણ આ બાજુ દેશ ઉપર કરવત મુકાઈ ગયું હતું. હિંદના ભાગલા મંજૂર રખાયા હતા. બીજો રસ્તો પણ નહોતો. જે પ્રદેશ હિંદથી છૂટો પડ્યો તે પ્રદેશનો લોકમત લેવાયો હતો, પણ આને પરિણામે જે બન્યું તે લખવાની કલમમાં તાકાત નથી. બાપુના દિલમાં જાણે કોઈએ ખંજર હુલાવ્યું હતું. એમની વેદનાનો પાર નહોતો. દિલ્હી સળગી ઊઠતાં તેઓ ત્યાં આવ્યા. ઉપવાસ કર્યા, પછી બૉંબ ફેંકાયો, પછી–પછી–પછી ?

એ પછીનો ઇતિહાસ લખવાની જરૂર નથી; ભારતવાસીના હૃદયમાં લોહી અને આંસુથી એ લખાયેલો છે. બાપુને વંદના કરી અહીં જ પૂરું કરીએ.

ગાંધીતીર્થની યાત્રાએ

શ્રી. જી. રામચંદ્રન્

કોઈ પણ વ્યક્તિ સાથે સંબંધ કેળવ્યાથી પ્રેમ ને પૂજ્યભાવ ઘટતાં ન હોય, પરંતુ ઊલટાં સતત વધ્યે જતાં હોય તો તે ગાંધીજી છે. સર્વે સાચા મહાપુરુષો માટે આ કથન કદાચ સાચું હશે ખરું, પરંતુ મારા વ્યક્તિગત અનુભવ ઉપરથી ગાંધીજી વિશે તો મને એ તદ્દન સાચું લાગ્યું છે. જેમજેમ એમની સાથે તમે ફરો ને સાથે કામ કરતા જાઓ, તેમતેમ એમના તરફ તમને વધુ પ્રેમ થવાનો, ને તમે વધુ એમના પ્રશંસક બનવાના.

ગાંધીજી સાથેના પ્રસંગોના પુસ્તકના કર્તા એમના માત્ર પ્રશંસક જ નથી, એમને ચાહનારા પણ છે. આપણી પેલી મૂર્ખ કહેવત પ્રમાણે પ્રેમ આંધળો નથી જ, ઊલટો એકમાત્ર પ્રેમ જ સાચો દ્રષ્ટા બની શકે છે.

અનેક પ્રશંસકો વચ્ચે ગાંધીજી રહે છે, છતાં એ બધા પ્રશંસકોમાં નર્મની વૃત્તિ નથી; અને માત્ર હળવું જ સાહિત્ય પચાવવાની મનોવૃત્તિવાળા આજના વાંચકો કાજે લખવાની એમનામાં શક્તિ પણ નથી. સાચા પ્રસંગોની આ માળા આપવા માટે જનતા કર્તાની અત્યંત ઋણી છે. આજે આવી સાચી આખ્યાયિકાઓની માગ છે અને જો આવી સાચી કથાઓ કોઈ ન આપે, તો દંતકથાઓ ઊભી થશે અને વાતાવરણને આવરી લેશે.

રાજાજી

નિવેદન

નાનકડી આ પ્રસંગકથાઓમાંની ઘણીખરી તો કેટલાંક વર્ષો પૂર્વે મેં સંગ્રહિત કરેલી, ને મારી નાની નોંધપોથીમાં કાળજીપૂર્વક સાચવી રાખી હતી. ૧૯૪૨–૪૩માં રાજકીય કેદી તરીકે જેલમાં હતો, ત્યારે અત્યારનાં બીબાંમાં એ કથાઓને ફરીથી ઢાળતાં મને અત્યંત આનંદ થયો. એ સૌની પ્રસિદ્ધિ કાજે ઘણા કાળ સુધી મેં સંકોચ અનુભવ્યો હતો. મને લાગ્યું કે આ પ્રસંગો તો ગાંધીજીના અત્યંત નિકટના અને ખૂબ જ વ્યક્તિગત પ્રસંગો છે; અને તેમ છતાં યે આજે હવે એ સંકોચ મેં ખંખેરી નાખ્યો છે—એવી આશા સાથે કે ગાંધીજી સાચેસાચ જેવા છે એવા જ સમજવા માટે, સામાન્ય જીવનચરિત્રની વિગતો કરતાં વિશેષરૂપે, આ પ્રસંગો થોડાઘણા યે મદદરૂપ થઈ પડશે.

આમાંના કેટલાક પ્રસંગો તો મારા જાતઅનુભવમાંથી સંગ્રહિત કરેલા છે, ને કેટલાક ગાંધીજીના અત્યંત નિકટવર્તી એવા મારા મિત્રો પાસેથી મેળવ્યા છે.

સેવાગ્રામ, વર્ધા
તા. ૬ ૯ '૪૧

જી. રામચંદ્રન્

[૧]

ગાંધીજી એટલે અતિ કોમળતા અને અતિ કઠિનતાનું કોઈ અસામાન્ય મિશ્રણ. '**वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि**'નું સુભાષિત એમને બરાબર લાગુ પડે. કોઈ કોઈ બાબતોમાં સ્વ. દીનબંધુ એંડ્રુઝ એમનાથી કટ્ટા વિરોધી સ્વભાવવાળા હતા. કદી યે કડક યા કઠણ થવું એમની પ્રકૃતિમાં જ નહિ. કોકકોક વખત તો સ્વભાવની એમની ઉદારતા ડહાપણની હદને પણ વટાવી જતી.

૧૯૨૬ની સાલ હશે. ગાંધીજી સાથે સાબરમતી આશ્રમમાં દીનબંધુ રહેતા હતા, ત્યારનો એ પ્રસંગ. બાહ્ય જગતના સર્વ સંબંધોથી નિવૃત્ત થઈ, ગાંધીજી સાથે વખતોવખત રહી, આરામ મેળવવા જેવો રસ બીજા એકે કાર્યમાં દીનબંધુને પડતો નહિ. એ સમયે મનને આનંદ આપે એટલું જ લેખનકાર્ય માત્ર એ કરતા.

એકાદ આવા પ્રસંગે જ્યારે એ સત્યાગ્રહ આશ્રમમાં હતા, ત્યારે દક્ષિણ ભારતના એક જિલ્લામાંથી એક યુવાન કોંગ્રેસ કાર્યકર આશ્રમમાં આવ્યો. કોઈ મહાઆપત્તિથી એ ઘેરાયો હતો. જિલ્લા કોંગ્રેસસમિતિનો એ મંત્રી હતો. જિલ્લાભરના કોંગ્રેસ-કાર્ય માટે એની પાસે પુષ્કળ નાણું જમા થયું હતું. એક સાચા મંત્રીને છાજે એ રીતે સોંપેલા જુદાજુદા કાર્ય પાછળ એ બધી યે રકમ છૂટે હાથે એણે ખરચી હતી; છતાં એમાં હતો એક મોટો દોષ. રકમનો ચોખ્ખો હિસાબ એણે રાખ્યો નહોતો, રસીદ કોઈને આપી નહોતી કે પાવતી લીધી નહોતી. આ બધી ભૂલનું પરિણામ એ આવ્યું કે લગભગ એક હજાર રૂપિયાનો

હિસાબ સમિતિ આગળ એને રજૂ કરવો પડે કે એ રકમ ભરપાઈ કરવી પડે, એવી પરિસ્થિતિ ઊભી થઈ.

હિસાબ આપવા માટે કે નાણું ભરી દેવા માટે એને જ્યારે કહેવામાં આવ્યું, ત્યારે એને ભારે આશ્ચર્ય થયું. એક પાઈ સરખી યે એણે ઉચાપત કરી નહોતી. સઘળું દ્રવ્ય કૉંગ્રેસકાર્ય પાછળ જ ખર્ચાયું હતું એમાં તો મુદ્દલે શંકા નહોતી.

હિસાબ રાખતાં ચૂકવું એ ભૂલ તો ખરી જ, એમ એ કબૂલતો હતો. પણ કહે: 'પણ સમિતિ માટે કે બીજી કોઈ વ્યક્તિ માટે પણ હજાર રૂપિયા હું લાવું ક્યાંથી?' કોઈનો એ પગારદાર નોકર નહોતો. જિલ્લાસમિતિનું મંત્રીપદ સ્વીકાર્યું હતું તે લોકસેવાની વૃત્તિથી જ; અને એટલા જ માટે તો એણે સ્થાનિક અંગ્રેજી શાળાની શિક્ષકગીરીને પણ લાત મારી હતી. મનની આવી અત્યંત વિકટ પરિસ્થિતિમાં એણે તુરત એક નિશ્ચય કર્યો. ગાંધીજી પાસે જવું, હકીકત બધી કહેવી અને અનુદાર સમિતિથી બચવા માટે એમનો આશ્રય મેળવવો.

સારી યે વાત ગાંધીજીએ શાંતિથી સાંભળી. દુઃખથી ને ક્રોધથી પ્રજ્વળતા કૉંગ્રેસમંત્રીની કરુણ કહાની પાસે બેઠેલા સ્વ. દીનબંધુ પણ સાંભળતા હતા. નમ્રતાથી પણ ખંતપૂર્વક ગાંધીજીએ એની પાસે કેટલાક પ્રશ્નોના ખુલાસા માગ્યા ને પરિસ્થિતિની બરાબર ચોખવટ કરી લીધી. યુવાને પાઈસરખી યે ગેરવલ્લે નહોતી કરી એ વિશે શંકા નહોતી. ચોખ્ખો હિસાબ નહોતો રાખ્યો એ જ હતી એની ભૂલ!

'બોલો હવે હું શું કરું એમ તમે ઇચ્છો છો?' ગાંધીજીએ પૂછ્યું.

જિલ્લાસમિતિને પત્ર લખી આ ઉપાધિમાંથી મુક્ત કરાવવાની એની માગ હતી. દીનબંધુનું હૈયું દ્રવી ઊઠ્યું, પણ ગાંધીજીના મુખ પર સખ્તાઈ હતી.

'નહિ, નહિ, આવા પત્રો તો હું કદી યે ન લખું' ગાંધીજીએ કહ્યું: 'ઊલટું, હિસાબ નહિ રાખવાનું તમારું આ પગલું ક્ષમાપાત્ર નહોતું એ નિ:સંશય છે. સાર્વજનિક ફંડની પાઈએ પાઈ મારે મન પવિત્ર ટ્રસ્ટ સમાન છે. આવા ટ્રસ્ટ માટે તમે બેદરકાર બની શકો નહિ. હિસાબ ન અપાય, તે પાઈએ પાઈ ઉચાપત થયેલી હું તો ગણું. સાર્વજનિક કાર્યકર્તાના જીવનમાં હિસાબનું મહત્ત્વ રૂપિયા આના પાઈનું જ નથી, એના ચારિત્ર્યનું પણ એ એક વિશિષ્ટ અંગ છે. આજ અત્યારે યે કાગળ ઉપર ઘણોખરો હિસાબ તમને મળવો જોઈએ. જરૂરી પાવતી તમારે ખોળી કાઢવી જોઈએ. એમ ન કરો તો સમિતિ તમારી પાસેથી નાણાં ભરપાઈ કરી લેવાને સંપૂર્ણ હકદાર છે. જરૂર પડે તો માલમિલકત કે જે કંઈ સ્થાવર-જંગમ હોય તે વેચીસાટીને પણ આ પ્રકારનું દેવું ભરપાઈ કરવું જોઈએ.'

આ વચનોથી યુવાનને સખત આઘાત લાગ્યો. મહાત્માજીના સાન્નિધ્યમાં અત્યાર અગાઉ કદી યે એ આવ્યો નહોતો; એટલે એણે તો માનેલું કે આ સંતની એના ઉપર દયા ને કરુણા વરસશે.

યુવાન હતાશ થયો ને બાળકની માફક રડી પડ્યો.

આ દૃશ્યે દીનબંધુ એંડ્રુઝને ઘણા જ અસ્વસ્થ બનાવી મૂક્યા. પશ્ચાત્તાપથી શેકાતા આ યુવાન સાથેનો આવો વર્તાવ અણછાજતો હતો એમ એમણે ગાંધીજી સાથે દલીલો કરવા માંડી.

'હા, પણ એ સાચું પસ્તાય એમ હું ઇચ્છું છું. સંપૂર્ણપણે જાત સુધારે તો જ પશ્ચાત્તાપ સાચો. માત્ર માનસિક પશ્ચાત્તાપનો ઝાઝો અર્થ નથી. પશ્ચાત્તાપ થયાની પરીક્ષા જ એ છે કે થયેલી ભૂલ બરાબર સુધરે. આ બનાવમાં સમિતિ હિસાબ માગે કે રકમ ભરપાઈ કરવાનું સૂચવે એ બિલકુલ બરાબર છે. પોતે મહાસભાવાદી છે ને ભણેલોગણેલો પણ છે, એણે પગાર

મ લીધો ને સ્વયંસેવક વૃત્તિથી જ કામ કર્યું માટે જ તો એની જવાબદારી વધી ગઈ છે. કૉંગ્રેસના નામની શુભ પ્રતિષ્ઠા જેમ એના પર, તેમ પ્રત્યેક મહાસભાવાદી પર નિર્ભર છે; માટે જ કહું છું, એ જલદી પાછો ફરે, પૈસા મેળવે ને પાઈએ પાઈ ભરપાઈ કરે, તે પછી જ મારાથી એને કંઈ પણ મદદ કરી શકાય.'

પણ ત્યાં તો એક બીજી મુશ્કેલી ઊભી થઈ. ઘેર જવાના ટિકિટભાડાના યુવાન પાસે પૂરતા પૈસા નહોતા. ઓછામાં ઓછા પાંત્રીસ રૂપિયાની એ માટે એને જરૂર હતી.

દીનબંધુનું હૈયું પીગળ્યું. એ બોલ્યા: 'ગાડીભાડાની એ રકમ આપણે એને આપીએ. બાપુ! બનતી ઉતાવળે ભલે એ ઘેર જાય. પૈસાની એથી એ વ્યવસ્થા કરી શકે.'

'નહિ, નહિ.' સ્પષ્ટ સ્વરે પુનઃ ગાંધીજી બોલ્યા: 'તમે કે હું ૩૫ રૂપિયા આપીએ ક્યાંથી? આપણે બેઉ નિર્ધન છીએ. બહુ થાય તો આ વેળા આપણી સંભાળ હેઠળના સાર્વજનિક ફંડમાંથી આપણે પૈસા લઈ શકીએ; પણ એ કરવું તદ્દન ગેર-વાજબી ગણાય. ગાડીભાડાના એની પાસે પૈસા ન હોય તો ભલે એ જાય ચાલતો. અત્યારે સમિતિનું એને કરજ તો છે જ. આપણી પાસેથી ઉછીની રકમ લઈ શા માટે એ દેવું એણે વધારવું જોઈએ? અને આ કર્યા પછી યે એ સાચે પંથે વળશે જ એની કોને ખબર છે? આ પરિસ્થિતિમાં પ્રાયશ્ચિત્તના પ્રથમ પગલા તરીકે ઉછીના લેવાની લાલચ એણે છોડવી જોઈએ કે વધારે પૈસા યે ન માગવા જોઈએ.'

સાંભળીને હવે દીનબંધુ ખરેખરા ગુસ્સે થઈ ગયા. આટલે દૂર પગ ઘસડતા પેલા યુવાનને ઘરભેગા થવાની ગાંધીજીની સલાહ એમને મન મૂર્ખાઈની પરાકાષ્ઠારૂપ હતી; પણ ગાંધીજી અડગ હતા.

વાળુપાણી બાદ આરામ પછી વહેલા પ્રભાતે યુવાને આશ્રમ છોડવો એમ અંતે નક્કી થયું.

બિદાયવેળા ગાંધીજીએ કહ્યું:

'ઘેર જાઓ, યોગ્ય રીતે વર્તો ને શું કર્યું તે મને જણાવો. તમારા જવાબની અત્યંત આતુરતાપૂર્વક રાહ જોઉં છું. ભગવાન તમારું ભલું કરે!'

આશ્રમમાંથી બહાર નીકળતી વખતે, સ્વભાવ પ્રમાણે દીનબંધુ એને મળ્યા–ત્યાંથી માઈલ પર આવેલા સાબરમતી સ્ટેશન સુધી, એટલે દૂર એની સાથે એ ચાલતા ગયા.

સ્ટેશન પર પેલા કાર્યકર્તાના હાથમાં એમણે ૩૫ રૂપિયા મૂક્યા. કોઈ એક મિત્ર પાસેથી એ રકમ એમણે આણી હતી. વિદાય કરી દીનબંધુ પાછા ફર્યા.

આશ્રમમાં આવ્યા કે તરત જ દીનબંધુ સીધા ગાંધીજી પાસે ગયા. હસતાંહસતા કહે:

'મારે એક એકરાર કરવાનો છે, બાપુ!'

એમને બોલતા અડધેથી રોકીને હાસ્ય વેરતા ગાંધીજી બોલ્યા:

'હા, હા, હું જાણું છું. પેલા જુવાનને તમે પૈસા પહોંચાડ્યા હશે. તમને હું આજનો ઓછો ઓળખું છું? તમે તો છો જ નઠોર–કદી યે નહિ સુધરવાના!'

અને કોઈ વિદ્યાર્થી નિર્દોષ તોફાન કરતાં ઝડપાય ને હસે–એવું દીનબંધુ એંડ્રુઝ ખડખડાટ હસી પડ્યા!

ગાંધીજીના સ્વભાવનો કોઈ કોઈ પ્રકાર બરાબર યુરોપિયન જેવો જ લાગે. આપણે ન ભૂલીએ કે વિદ્યાર્થી તરીકે લંડનમાં, બેરિસ્ટર હતા ત્યારે દક્ષિણ આફ્રિકામાં તથા સાર્વજનિક કાર્યકર તરીકે, સર્વ પ્રકારના યુરોપિયનોના નિકટના સહવાસમાં એ આવ્યા હતા. એટલે જ તો દુ:ખપીડિતો માટે એમને સહાનુભૂતિ ગજબની હોવા છતાં યે તે વખતે પોતે સાવ નિર્લેપવૃત્તિ પણ બતાવી શકે છે!

સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં એક વખત એક આંધળી આવી. મધ્યમ વયની તે પ્રૌઢ તામીલ બાઈ હતી. લાલપીળી પહેરેલી એક સાડીભેર જ એ આવી. એ વિના એની પાસે કશું યે નહોતું. નમતા બપોરે તે આવી. શા માટે ને કેવી રીતે આવી, એની કોઈને યે ખબર નહિ. આવી ત્યારથી વણાટશાળાના ઓટલા પર શાંતિથી એ બેસી રહી હતી—આશ્રમવાસીઓ એટલું જ જાણતા હતા. આમ તો આશ્રમની હદમાં ભિખારીઓને દાખલ થવાની સખતમાં સખત મનાઈ છે. આથી કયા કામસર એને આશ્રમમાં આવવાનું થયું એ વિષે તુરત પૂછપરછ શરૂ થઈ; પણ એ તો સાવ સ્વસ્થ થઈ બેઠી રહી.

'નથી જોતા આંધળી છું તે?' એનો સવાલ હતો.

અંતે આશ્રમના વ્યવસ્થાપક મગનલાલ ગાંધીને કાને આ વાત પહોંચી. આશ્રમનિયમોનું કડક શિરતપાલન તો મગનલાલ ગાંધીનું જ.

આંધળી પાસે જઈ એમણે કહ્યું:

'બહેન, તારે માટે અમે કંઈ જ કરી શકીએ એમ નથી. 'કોઈ પણ રીતે અહીંથી ચાલતી પકડ.'

ધાર્યા કરતાં આ તામીલ બાઈ તો ઘણી જ ભૂંડી નીકળી, એની બીજી જ પળે મગનલાલને ખાતરી થઈ ગઈ!

'ચાલતી પકડ એટલે? અરે, આ તે મહાત્મા ગાંધીનો આશ્રમ છે, કે કોઈ પોલીસ સ્ટેશન? ભૂખે મરું છું, અન્ન જોઈએ મારે, મારે નથી ઘર કે નથી બાર; એટલે જ તો આ આશ્રમમાં મારે આશરો જોઈએ છે; પણ તમે કોણ છો? મહાત્મા ગાંધી ક્યાં છે?'

આમ મગનલાલ જેવાને પણ જીવનમાં પહેલી વખત સંભળાવનાર એક વ્યક્તિ મળી ખરી; પણ એ તો હતા સાચા સજ્જન. બાઈને એમણે ઘણીઘણી સમજાવી ને કહ્યું:

'ગાંધીજી તો અત્યારે ઘણા જ કામમાં છે. વળી આશ્રમમાં ભિખારીઓને કદી યે ખાવાનું અપાતું નથી. પ્રત્યેક જન અહીં આઠઆઠ કલાક કાયા ઘસે છે, ત્યારે ભોજન પામી શકે છે. તારું સાચું સ્થાન તો આંધળાં માટેના કોઈ 'અંધગૃહ'માં છે. અમદાવાદની નજદીક જ આવેલ એવા એક ગૃહમાં હું તારી ગોઠવણ જરૂર કરી શકું એમ છું.'

કહેવાનું બધું યે મગનલાલને કહી લેવા દીધું. હવે આંધળીને કહેવાનો વારો આવ્યો. તે બોલી:

'ગાંધીજી કામમાં છે, એમ ને? ભલે રહ્યા, હું તો નવરી જ છું ને? કામકાજથી એ પરવારે ત્યાં લગી થોભીશ. અને હાં, જો ભાઈ, હું તો છું આંધળી, મારે હાથે તે કેમ કરી કામ થઈ શકે? થવાનું હોય તે થાય. હું તો અહીંથી હઠનાર નથી, નથી ને નથી જ.'

હવે મગનલાલને હાર કબૂલવી પડી. ગાંધીજીને કાને આ વાત અંતે એમણે નાખી.

બાઈ સાથે થોડી વાતચીત બાદ ગાંધીજી બોલ્યા:

'ભલે એ રાત અહીં રહેતી. એની જમવાની વ્યવસ્થા કરો. ક્યાં સૂવું તે એને બતાવી દો. એનું શું કરવું તે સવારે જોયું જશે.'

બીજી સવારે ગાંધીજીએ પેલીને કહ્યું:

'જો, અમે તને કાંતતાં શીખવીશું, આંધળાંઓ પણ સુંદર કાંતી શકતાં હોય છે. શીખીને તું તૈયાર થઈ જાય ત્યાં સુધી રાહ જોઉં છું, ને પછી કાંતણકામ બદલ તું રળી શકે એટલી જ તારી કમાઈ. આ શરતે રહેવું હોય તો રહે. હા, આશ્રમમાં તારી બધી વ્યવસ્થા થશે ખરી.'

પણ બાઈએ આ માટે કશો ઉત્સાહ બતાવ્યો નહિ. તે જરા ગુસ્સે પણ જણાઈ; છતાં એને કાંતવાનું શીખવાડવામાં આવ્યું. ત્રણ જ દિવસમાં કાંતણકલા એણે આબાદ હસ્તગત કરી લીધી; પણ અઠવાડિયું પૂરું થતાં પહેલાં વધુ કાંતવાની એણે રોકડી ના પધરાવી દીધી. આશ્રમમાં અહીંથી તહીં ભટકવામાં જ એને ભારે રસ પડતો. ઠરીને ઠામ તો બેસે જ શેની? કોઈનાં સલાહસૂચન પણ ગણકારતી નહિ. આશ્રમવાસીઓ સાથે લડવાઝઘડવાનું એણે શરૂ કર્યું, ને ઊલટું મરજી પ્રમાણે તામીલ ભાષામાં કે ભાંગીતૂટી હિંદીમાં એમને ગાળો ભાંડતી. બે કે ત્રણ વખત એને શાંત પાડવા ગાંધીજીએ પ્રયત્નો કર્યા પણ તત્કાળ પૂરતી જ એની અસર રહી.

બાઈ વધારે ને વધારે જ બગડતી ગઈ. કામ તારે મુદ્દલે કરવું નહિ ને અંટસ રાખી બધા સાથે ઝઘડતાં ફરવું. નવ-નવ દિવસ આમ ચાલ્યું. અંતે દસમે દિવસે ગાંધીજીએ એને તાકીદ આપી દીધી.

એને પાસે બોલાવી મંગાવી સૌમ્ય પણ નિશ્ચિંત સ્વરે ગાંધીજીએ કહ્યું:

'કાલે સવારે તારે ચાલ્યા જ જવું એમ મેં નક્કી કર્યું છે. અમદાવાદના 'અંધગૃહ'ના સુપરિન્ટેન્ડન્ટ પર હું પત્ર આપીશ, ત્યાં તું જજે. ઇચ્છા હોય તો તને ત્યાં પહોંચતી કરવા માણસ પણ મોકલું.'

સાંભળતાં જ બાઈ તો રાતીપીળી થઈ ગઈ.

'તમે શું સાચા મહાત્મા છો? કોણે કહ્યા તમને મહાત્મા? મારા જેવી ગરીબ આંધળીને તમે તગેડી મૂકો છો?'

આ શબ્દોની ગાંધીજી પર મુદ્દલે અસર થઈ નહિ. પ્રાર્થના બાદ બીજા પ્રભાતે એમણે તો એને આશ્રમ છોડી જવા કહ્યું. આંધળીએ મક્કમતાથી ઇન્કાર કર્યો. ગાંધીજીના લઘુલિપિલેખક એક તામીલી ગૃહસ્થ હતા. ગાંધીજીએ એમને બાઈ સાથે જવાનું કહ્યું.

પોતાના જ દેશના આ તામીલવાસી પ્રત્યે એણે ધમાલ કરી મૂકી. ન તો એને પાસે આવવા દીધા કે ન તો હાથ ઝાલી પોતાને દોરી જવા દીધી.

ત્યારે બિલકુલ અવ્યગ્ર સ્વરે ગાંધીજી બોલ્યા:

'ઠીક, મારી જાતે હું જ એને બહાર લઈ જઈશ. એને સમજણ પાડો કે હાથ ઝાલી ફાટક સુધી હું એની સાથે ચાલતો જવાનો છું.'

બાઈને વાત કહેવામાં આવી. સાંભળતાં જ એ એકદમ ઠંડીગાર બની ગઈ. ઝડપથી ગાંધીજી એની પાસે ગયા. હાથમાં હાથ લીધો ને આશ્રમના ફાટક સુધી એની સાથે જ ચાલ્યા. શાંતચિત્તે નમ્રતાથી ગાંધીજીની બાજુમાં જ એ ચાલવા લાગી. દરવાજે આવી, નમ્રતાથી ગાંધીજીએ કહ્યું:

'જો બાઈ, 'અંધગૃહ'માં સારી રીતે રહેજે હં. ત્યાં હરેક પ્રકારની તારી સંભાળ લેવાશે. ભગવાન તારું ભલું કરે, જા.'

તે પછી એમણે પેલા તામીલી મિત્રને સાથે જવા કહ્યું.

થોડા વખત પછી એ પાછા ફર્યા. વિચિત્ર ઘટના બની ગઈ હતી. થોડે દૂર ગયા પછી બાઈ તામિલી ગૃહસ્થ તરફ વળી ને કહેવા લાગી :

'લો રાખી મૂકો સુપરિન્ટેન્ડન્ટ પરનો ગાંધીજીનો પત્ર તમારી પાસે, નથી જોઈતી મારે કોઈની મદદ!' આમ બોલતીકને એ તો ઝડપથી ઊપડી ગઈ!

થોડા દિવસ પછી, પાછળથી ખબર પડી કે એ બાઈ ઢોંગ કરતી'તી તેવી ખરેખરી આંધળી નહોતી તો નહોતી પણ સાથે-સાથે સારા ચારિત્ર્યની યે નહોતી!

[૩]

ગાંધીજી ધાર્મિક પુરુષ છે એ તો જાણે નિઃસંશય વાત છે; અને છતાં યે એ એટલા જ બુદ્ધિવાદી છે એ પણ એટલું જ ચોક્કસ છે. એમના આચરણમાં ધર્મ અને બુદ્ધિનો એવો કોઈ વિશિષ્ટ સંગમ છે, કે એ એમની સાહજિક વિશિષ્ટતા જ ગણી શકાય. આ સંગમ સંભવિત છે, કારણ કે શ્રદ્ધાનું શક્તિબળ અને એની મર્યાદા તથા બુદ્ધિનું શક્તિબળ અને એની ત્રુટીઓ–બંને વિશે એમના મનમાં સ્પષ્ટતા છે–નિશ્ચિતપણું છે. આ બધું એમને નથી કોઈએ શીખવ્યું કે નથી પ્રાપ્ત થયું પુસ્તકોમાંથી; પણ માનવઅનુભવની જુદીજુદી ઊંડી ખાણોમાંથી જ એ જ્ઞાન એમણે મેળવ્યું છે.

પ્રાર્થનાસમયની ગાંધીજીની તલ્લીનતા કે રામાયણમહાભારતની કથાવાર્તાઓ સાંભળતી વખતની એમની તન્મયતા જેમણે જોઈ હશે તેઓ માનવાની ચોક્કસ ભૂલ કરવાના કે ધર્માંધતાથી ગાંધીજી સાવ અલિપ્ત તો નહિ જ હોય. પરંતુ કોઈ પણ જાતની ધર્માંધતાથી મુક્ત એવો એમના સમો બુદ્ધિવાદી આપણને શોધ્યો

જડે એમ નથી. પોતાની આસપાસ વીંટળાયેલી ધર્માંધતાને તો કોઈ કાળે યે એમણે ચલાવી લીધી નથી એ વાત તદ્દન સાચી છે; અને એટલે જ એમનો બુદ્ધિસ્વાતંત્ર્યવાદ અત્યંત કડક છે એમ નિઃશંક કહી શકાય.

કેટલા યે બુદ્ધિવાદીઓ ધર્માંધતાનાં મૂળ ઉચ્છેદવાનું ઇચ્છે છે ખરા, પણ પોતાની આસપાસ રચાયેલી ધર્માંધતાની ઇંદ્રજાળને તેઓ દૂર કરી શકતા નથી. પોતાને અણગમતી ધર્માંધતાનો અલબત્ત તેઓ નાશ કરે છે ખરા, પણ એને સ્થાને મનગમતી ધર્માંધતાને તેઓ નવો અવતાર પણ આપે છે. આધુનિક રાજકીય 'બુદ્ધિવાદી'ઓમાં આ પ્રકાર વિશેષતઃ પ્રચલિત બન્યો છે, પણ ગાંધીજી એ ટોળીમાંના નથી જ.

આવા એમના સ્વભાવ પર પ્રકાશ પાડનારો એક બનાવ ૧૯૨૪ની સાલમાં બન્યો. હિંદુમુસ્લિમ ઐક્ય માટે મહાત્માજીએ દિલ્હીમાં એકવીસ દિવસના ઉપવાસ કર્યા હતા, ત્યારે એમના વિનમ્ર પણ અડગ 'ચોકીદાર' બન્યા હતા સ્વ. દીનબંધુ ઍન્ડ્રુઝ. 'દિલખુશ'× ના ઉપરના મજલા પર, ઉપવાસી ગાંધીજીની ઓરડી હતી. એના દાદર આગળ આ 'ચોકીદાર' પોતાનું કાર્ય સંભાળતા હતા. પ્રત્યેક ક્ષણે ગાંધીજીની શક્તિ એકસરખી ઘટતી જતી હતી; એટલે દાક્તરોએ એમને સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી હતી. તેમાં યે એમનો એક દિવસ તો બહુ જ ગંભીર ગયો. એમનું જીવન હોડમાં મુકાઈ ગયું હતું.

ઉપવાસનો કદાચ એ તેરમો દિવસ હશે. દૂરદૂરનાં ગામડાંમાંથી એક ખેડૂતદંપતી ઉપવાસી મહાત્માનાં દર્શન માટે 'દિલખુશ'માં આવી પહોંચ્યું. આમ તો હજારોની માનવમેદની 'દિલખુશ'ના દરવાજા આગળ જમા થઈ હતી; છતાં આ બંનેએ શી યુક્તિ

× ડૉ. અન્સારીના મકાનનું નામ

કરી તે તો કોને ખબર, પણ દરવાજા આગળના સ્વયંસેવકોના પાકા બંદોબસ્તમાંથી સતત મહેનત કરી, માર્ગ ચીરી, જેમ તેમ તેઓ દાદરનાં પગથિયાં પાસે આવી પહોંચ્યાં.

પણ ત્યાં તો એમને મળ્યા હસમુખા પણ ગંભીર 'ચોકીદાર' દીનબંધુ એંડ્રુઝ!

'અરે ભાઈ, આમ ક્યાં ધૂસી આવ્યા તમે?' દીનબંધુએ પૂછ્યું: 'ઉપર જઈ ગાંધીજીને ત્રાસ નહિ આપી શકાય. બાપુ ઘણા જ અશક્ત છે ને એમને સંપૂર્ણ આરામની જરૂર છે. મહેરબાની કરી શાંતિથી પાછા ફરો ને બાપુને જલદી આરામ થાય એ માટે ઈશ્વરને પ્રાર્થના કરો.'

પણ ખેડૂત અને તેની પત્ની તલપૂર યે ચસક્યાં નહિ. પ્રવાસની રેખાઓ એમના મુખ ઉપર અંકિત થઈ ચૂકી હતી. બન્ને પુષ્કળ થાક્યાં પણ હતાં. સ્ત્રીના હાથમાં સ્વચ્છ માંજેલો લોટો હતો. લોટાના મોઢા પર સીવેલાં લીલાં પાંદડાં હતાં. એમને કહેવાની વાત બહુ રોમાંચક ને રસિક હતી. એકનો એક પુત્ર, દૂરદૂર ગામડાંની એમની ઝૂંપડીમાં માંદગીને બિછાને પટકાઈ પડ્યો હતો. એની માંદગી સખત હતી. ગામના વૈદ્યની પૂરતી ચિકિત્સા છતાં માંદગી વધતી જતી હતી. એવે વખતે માતપિતાએ વિચાર્યું, કે 'મહાત્માજીના પવિત્ર પાય ધોઈ, ઉત્તમોત્તમ આ દવા પુત્રને પાઈએ.' એટલા માટે પોતાની સાથે પોતાના ગામના કૂવાના પાણીનો ભરેલો લોટો તેઓ લાવ્યાં હતાં. પોતાની આ યોજના પાર પડે માટે એક જ ક્ષણ માટે ગાંધીજી પાસે જવા દેવા, આંખોમાં અટલ શ્રદ્ધાનાં તેજ સાથે, કંપિત સ્વરે બન્ને દીનબંધુને કાકલૂદી કરી રહ્યાં હતાં; પણ એમની આ વીનવણીઓ સામે 'ચોકીદારે' પોતાનું કાળજું કઠણ કર્યું હતું. ડૉક્ટરની સલાહસૂચના પ્રમાણે જ વર્તવા માટે તેઓ મક્કમ હતા. એમણે ચોખ્ખું કહી દીધું કે ગાંધીજીને મળવું અશક્ય હતું.

બન્નેમાંથી કોઈ પણ પક્ષ નમતું મૂકવા તૈયાર નહોતો. એડ્રૂતદંપતીએ જ અંતે વાતનો તોડ કાઢ્યો. ગાંધીજીનાં દર્શન વિના પોતે ત્યાંથી ચસકનાર નથી જ એમ કહી એમણે તો ત્યાં દાદરના પહેલા પગથિયા આગળ જ શાંતિથી પલાંઠી વાળી આસન જમાવ્યું. એવામાં આ બાબતમાં ખુદ ગાંધીજીની જ સલાહ લેવી અને કોઈને યે મુલાકાત આપવાની શક્તિ કે તાકાત રહી નથી, એમ જો ગાંધીજી કહેવડાવે તો આ દંપતીએ તુરત પાછા ચાલ્યા જવું, એમ કોઈ મિત્રે સૂચવ્યું અને પરિસ્થિતિને હળવી બનાવી.

દંપતીએ વાત કબૂલી. પણ મુદ્દાની શરત એક એ કરી કે મૃત્યુપથારીએ પડેલો એમનો પુત્ર તથા એમના અહીં આવવાના ઉદ્દેશ માટે ગાંધીજીને સંપૂર્ણ રીતે વાકેફગાર કરવા જ.

'હા, તે તો જરૂર કહીશ જ.' ઉપર જતા એંડ્રુઝ બોલ્યા.

બીમારની દવાના કારણરૂપે ગાંધીજી પોતાના પગ નહિ જ ધોવા દે એવી દીનબંધુને પાકી ખાતરી હતી. એડ્રૂતદંપતીને આ માટેની મુલાકાત તેઓ ચોક્કસ નહિ જ આપે; પરંતુ ગાંધીજીના મનની વાતની દીનબંધુને શી રીતે ખબર પડી શકે ? દીનબંધુ પાંસેથી સઘળી વાત સાંભળ્યા પછી ગાંધીજીએ, પોતે તે દિવસે તો ખરેખર ઘણા જ અશક્ત બની ગયા હતા; છતાં પણ દીનબંધુને ઈશારત કરી એડ્રૂતદંપતીને પોતાને મળવા ઉપર મોકલવાનું કહ્યું. દીનબંધુએ આનો સખતમાં સખત વિરોધ કર્યો, ત્યારે અત્યંત ધીમા ને પડી ગયેલા અવાજે ગાંધીજી બોલ્યા : 'એમની આ ધર્માંધતાનાં જડમૂળ ઉખેડવાની જરૂર છે, ભલે એ ઉપર આવે.'

બંનેને ઉપર લઈ જવામાં આવ્યાં. ગાંધીજીની પાસે બેસાડવામાં આવ્યાં. તે પછી, ધીમા, અશક્ત પણ સ્પષ્ટ સ્વરે ગાંધીજીએ પોતાના મનના વિચારો જણાવ્યા :

'ઈશ્વરમાં તો માનો છો ને ? જો માનતાં હો તો પછી

એને બદલે એ શ્રદ્ધા એક પામર મનુષ્ય પર બદલી નાખી શા માટે ઈશ્વરનું અપમાન કરો છો? મારા પગ ધોવા અને એ ગંદું પાણી દવા તરીકે વાપરવું, તમારે માટે તેમ મારે માટે પણ એક ભયંકર હાંસીરૂપ છે, એ શું નથી જાણતાં તમે? સ્વાસ્થ્ય અને આરોગ્યના આવા સાદા ને પ્રાથમિક નિયમોને પણ તમે નકારશો શું?'

લગભગ પંદર મિનિટ સુધી ગાંધીજીએ એમને સમજાવ્યાં. બંને બિચારાં સાવ શરમિંદાં બની ગયાં. ગાંધીજીએ પેલો લોટો ત્યાં ને ત્યાં જ ખાલી કરાવડાવ્યો. વિદાયવેળા કહ્યું:

'ઈશ્વર પર ભરોંસો રાખો, ભાઈ, ને દીકરા માટે કોઈ દાક્તરને બોલાવજો.'

ખુશ થતાંથતાં હસતે મુખે બંને બહાર નીકળ્યાં.

જે બદલાની એમણે આશા રાખી હતી તે કરતાં એમને ઘણું મળ્યું–અવિસ્મરણીય એવા એક પદાર્થપાઠની દીક્ષા તેઓ પામ્યાં. ધર્મ સાથે દાક્તરી વિજ્ઞાનને ભવિષ્યમાં કદી યે તેઓ હવે ભેળવશે નહિ સસ્તા જાદુ કે ચમત્કારની કોટી પર ભગવાનને ખેંચી લાવી, ઈશ્વરનું અપમાન પણ તેઓ–ના, ના, નહિ જ કરે. દીનબંધુએ મજાકમાં એમને જરા ગુસ્સે કર્યાં. આ દંપતીએ પણ વધુ શાણા બનેલા ઉમંગી બાળકોની માફક સામે એવા જ મનોહારી ગુસ્સાનો પડઘો પાડ્યો.

બહાર નીકળ્યાં કે તરત જ ટોળાના લોકો એમને ઘેરી વળ્યા. શું બન્યું, શેનો લાભ મળ્યો, તે જાણવા તેઓ ઇંતેજાર હતા. ગાંધીજીએ જે કંઈ કહ્યું તે એમણે લોકો સમક્ષ ધર્યું.

કોને ખબર, બુદ્ધિવાદનું વાવેલું આ નાનકડું બીજ, એકથી બીજે એમ અનંત લોકમોઢે ચઢવાથી, હજારગણું મોટું વધી નહિ જાય!

ગાંધીજી અસત્ય તો કદી યે ન ચલાવી લે. ' દુષ્ટ માણસને એક વખત આપણે સહન કરી લઈએ પણ મૂર્ખને તો ન જ ચલાવી લેવાય, ' એમ કેટલોક બુદ્ધિશાળી શિષ્ટવર્ગ કહે છે; પણ ગાંધીજીના સંબંધમાં એવું નથી. સંજોગ ઊભા થાય તો મૂર્ખને એ કદાચિ ચલાવી લે, પણ જૂઠું બોલનારને તો હરગીઝ નહિ.

સત્યાગ્રહ આશ્રમમાં એમણે આચરણના અતિ કડક નિયમો દાખલ કર્યાં હતા, ખુદ બાળકોને પણ એ નિયમો પાળવા પડતા.

૧૯૨૬માં એ વાત બની.

તાજેતરમાં જ કૉલેજનો અભ્યાસ પૂરો કરી, આશ્રમમાં રહેવા માટે એક વિદ્યાર્થી આવ્યો હતો. આશ્રમશિક્ષણના પ્રથમ પગથિયા તરીકે ગાંધીજીએ એને ત્રણ માસ સુધી ભંગીકાર્ય સોંપ્યું હતું. બાળકોમાં એને ભારે રસ. બાળકોને પણ એની લગની તરત જ લાગી ગઈ.

એક દિવસ એક નાની આશ્રમબાળા સાથે એ રમતે ચડ્યો. બાળાની ઉંમર માત્ર આઠ જ વર્ષની હતી. પેલો વિદ્યાર્થી બાળા આગળ એક મોટું ગોળ પીળું લિંબુ ધરી રાખીને એને લલચાવતો હતો. બાળા તે ઝૂંટવી લેવાનો પ્રયત્ન કરતી હતી. આમ કરતાં વિદ્યાર્થીએ તો બાળાને ખરેખરી નચાવી. સોનેરી લિંબુ લેવાના મિથ્યા પ્રયત્નો કરતી એ આમતેમ નાચતી હતી મોટેથી ચીસો પાડી હસતી હતી.

રમતથી એકાએક છોકરી થાકી ને દડદડ કરતી એકદમ રડી પડી. વિદ્યાર્થી આ લિંબુ તો આશ્રમના કોઈ દરદી માટે લઈ જતો હતો. આવા સંજોગોમાં એણે કંઈ રસ્તો તો શોધવો જ જોઈએ. જાણે સાબરમતી નદીમાં જ લિંબુ નાખી દેતો હોય,

એવો ફેંકવાનો ચાળો કરીને લિંબુ એણે ઝડપથી ગજવામાં સેરવી દીધું.

બાળા તરત જ ખુશમિજાજમાં આવી ગઈ ને તેણે પ્રશ્ન કર્યો:

'નદીમાંના લિંબુનું શું થશે હવે ?' નદીના છીછરા પાણીમાં દોડતાં જઈ લિંબુની એને ભાળ કાઢવી હતી.

પણ વિદ્યાર્થીએ કહ્યું:

'હવે શું ? પહોંચ્યું એ તો ઠે...ઠ નીચે !'

એક જ ક્ષણમાં બંને ફરી મિત્રો બન્યાં, ને દરદીની ઓરડી તરફ સાથે ચાલવા માંડ્યું. રસ્તામાં, વિદ્યાર્થીએ ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢ્યો કે તરત જ દડબડદડબડ કરતું લિંબુ જમીન પર ગબડી પડ્યું. પણ વિદ્યાર્થીના આશ્ચર્ય વચ્ચે, લિંબુ ઝડપી લેવા દોડવાને બદલે, બાળા તો તે જ જગ્યાએ જાણે સ્તબ્ધ થઈ ગઈ ને બાળકસહજ ગુસ્સાથી એની સામે જોવા લાગી. એ બોલી:

'હં અં... જૂઠું બોલ્યા કેમ ? મને કહે, લિંબુ પાણીમાં નાખી દીધું છે. તો કોણે સંતાડેલું ખિસ્સામાં ? ઠીક છે, હમણાં જ બાપુ પાસે જઈ રાવ ખાઉં છું કે તમે જૂઠાબોલા છો !'

આમ બોલતીકને એ તો દોડી ગઈ સીધી બાપુ પાસે. પોતાના ખંડમાં, નદી તરફ જોતા ગાંધીજી કામમાં મગ્ન હતા. બાળાએ જૂઠાણાની આ વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવી. પોતે એ વાતની તપાસ કરશે એમ ગાંધીજીએ બાળાને વચન આપ્યું.

સાંજે, પ્રાર્થના બાદ ગાંધીજીએ પેલા યુવાનને વાત પૂછી. પેલાએ આખી યે વાત કહી. આખી યે વાત નરી મજાકમાં જ હતી. એ સબબ પર પોતાના પગલાની યોગ્યતા ઠસાવવાનો એણે પ્રયત્ન કર્યો.

વાત સાંભળી ગાંધીજીને પણ ગમ્મત પડી, હસતાં હસતાં કહે:

'અરે ભાઈ, પણ મારે તમને એક ચેતવણી આપવી જોઈએ. ઠઠ્ઠામશ્કરીમાં પણ બાળકો સાથે જૂઠું ન બોલો. મજાકની આ શરૂઆત ધીમેધીમે કરતાં બાળકોમાં હળવી ટેવરૂપે ઘૂસી જશે. જૂઠાણાને હળવી રીતે લેતાં એક વખત બાળકે શરૂઆત કરી કે તેને ગંભીર રૂપ પકડતાં વાર નહિ લાગે.'

પણ વાત એટલેથી જ પતી નહિ. ઘણાખરા યુનિવર્સિટીના પદવીધરોની માફક એ યુવાન પણ દલીલવાદી હતો. કેટલા યે આશ્રમવાસીઓ સાથે, નિર્દોષ મજાકમાં બોલાયેલા જૂઠાણાની નીતિઅનીતિની એણે ચર્ચા માંડી. આશ્રમશાળાના શિક્ષકો વચ્ચે પણ અંદરઅંદર વાદવિવાદ થયો. કોઈએ પૂછ્યું:

'આમ નિર્દોષ મશ્કરીમાં યે જો જૂઠું ન બોલાય, તો પછી બાળકોને પરીઓની વાત ને રામાયણ–મહાભારતની કથાવાર્તાઓ પણ કેવી રીતે કહી શકાય?'

ચર્ચાનો પવન કાકા કાલેલકર સુધી આવ્યો. પોતાની વિશિષ્ટ પદ્ધતિ પ્રમાણે ચર્ચાના વિષયને એમણે આબાદ ઉડાવી દીધો. એમણે કહ્યું:

'પુરાણકથાઓ અને દંતકથાઓ તથા રોજિંદા વ્યવહારનું જૂઠાણું બંને સાવ જુદી જ વસ્તુઓ છે, એને ભેળવશો નહિ. આપણા યુનિવર્સિટીના પદવીધરો જરા વધુ વિચારવાની ટેવ પાડે અને ચર્ચાબડબડાટ ઓછાં કરે, તો એમને તરત જ સમજાઈ જાય કે બાળકને કદી યે જૂઠું ન કહેવું અને દરેક બાબતમાં એમને સાચું જ બોલવાની ટેવ પાડવી એ જ વધુ ઉપયોગી છે.

[૫]

બીમારની શુશ્રૂષા તો ગાંધીજીની જ. ક્યાંથી એ વિદ્યા એમણે પ્રાપ્ત કરી એ એક રહસ્ય છે. એટલું સાચું કે કોઈ પણ 'નર્સિંગ સ્કૂલ'માં એમણે શિક્ષણ લીધું નથી. ઘણી યે અન્ય બાબતોની માફક નર્સિંગની જેમજેમ જીવનમાં જરૂર પડતી ગઈ તેમતેમ પ્રત્યક્ષ અનુભવ લઈ, એમણે એનો અભ્યાસ કર્યો. સાબરમતી આશ્રમમાં બીમાર સર્વે એમની સીધી દેખરેખ નીચે ને સંભાળ હેઠળ આવતા. દાક્તરોની જો કે સલાહ લેવામાં આવતી ખરી; પરંતુ બીમારોની માવજત ગાંધીજી જાતે જ કરતા. એટલે જ તો ખાસ કરીને આશ્રમનો યુવાનવર્ગ મજાકમાં કહેતોઃ

'ભાઈ, રોજ ને રોજ બાપુજી જોવા હોય, એમનાં કૈંક વચનામૃતનું પાન કરવું હોય, થોડીક એમની રમૂજનો લાભ લેવો હોય, તો બીમાર પડી, પથારીવશ બનો કે બેડો પાર!' કારણ ગાંધીજી બીમારની પાસે રોજ જતા, પ્રત્યેક પથારી આગળ થોડી ક્ષણો ગાળતા, વસ્તુઓની કાળજીપૂર્વક દેખરેખ રાખતા, ને દરદી પાસે એકાદ બે હાસ્યલહરી ઉડાવવાનું ચૂકતા નહિ. ગમે તેવા મહત્ત્વના કાર્યમાં પણ બીમારની આ મુલાકાત લેવાનું એ ભૂલતા નહિ.

આશ્રમના એક યુવાન વિદ્યાર્થીને સંગ્રહણી થઈ ગઈ. કેમે કરતાં યે આશ્રમનો ખોરાક એને ભાવે જ નહિ. કૉફીનું એને જબ્બર વ્યસન હતું. પણ આશ્રમમાં તો કૉફી ક્યાંથી મળે? ત્યાં તો કૉફીની સખ્ત મનાઈ!

દિવસો જતાં એની તબિયત ધીમેધીમે સુધરવા લાગી હતી. રોગ હઠવા માંડ્યો હતો. રોજના નિત્યનિયમ મુજબ ગાંધીજી આવીને એની ખબરઅંતર પૂછી જતા હતા. આ બેચાર મિનિટો દરદી બિચારાને અખૂટ સંજીવની બક્ષી જતી.

માંદગીમાંથી સુધરતી જતી એ સ્થિતિ દરમિયાન પ્રામાણિકતાથી મળેલી એક કપ કૉફીની એને અજબ તાલાવેલી લાગી. એક દિવસ એ પથારીમાં પડ્યો હતો, ત્યારે જૂની સ્મૃતિ જાગી, સાબરમતી આશ્રમથી સેંકડો માઈલ દૂર આવેલા દક્ષિણ હિંદના પોતાના એક ઘરમાં એ રહેતો હતો, ત્યારે હા, કેટલી બધી કૉફી પીતો! સ્વાદિષ્ટ, મિષ્ટ, મધુર એવી એ કૉફીનાં સ્વપ્નોમાં વિદ્યાર્થી ડૂબેલો હતો, ત્યાં જ ગાંધીજીની પાવડીઓનો આવકારદાયક ખટખટ અવાજ એને કાને પડ્યો, થયું કે હમણાં બાપુ આવશે. અને એકાદ મિનિટમાં તો હરહમેશની હસમુખી ને પ્રેરક ગાંધીજીની મૂર્તિ એની સમક્ષ હાજર થઈ ગઈ.

મદ્રાસી યુવાનને એમણે પ્રેમાળ નયને નિહાળ્યો. 'હવે તો તબિયત તદ્દન સુધારા પર લાગે છે. ભૂખબૂખ પણ ઠીક ઊભરી હશે. બોલ ત્યારે શું લઈશ? હં...હં...ગરમાગરમ ઉપમા કે ઢોંસા?'

આ બંને મદ્રાસી ખાદ્ય પદાર્થો યુવાનને અત્યંત પ્રિય હતા, તે ગાંધીજી જાણતા હતા. યુવાનના મગજમાં ઝડપથી એક વિચાર ઝબકી ગયો. અત્યંત ઉતાવળે એના મુખમાંથી શબ્દો સરી પડ્યા!

'એકાદ કપ કૉફી મળી શકે ખરી?'

ખૂબ મોટેથી હાસ્ય વેરતા ગાંધીજી બોલ્યા: 'રે, પસ્તાવો નહિ કરનારા દુષ્ટ! એ જ તારે જોઈએ'.........પણ તરત જ પેલા વિદ્યાર્થીના મુખપર તરવરી રહેલો સાશંક મનોભાવ દેખી ગાંધીજીએ કહ્યું:

'બેલાશક, બેલાશક. તારી પ્રિય કૉફી તો મળશે જ. નરમ કૉફી તારા કોઠાને શાતા આપશે. પણ સાથે ખાવાનું શું લઈશ? માનું છું કે ઉપમા કે ઢોંસા બનાવતાં તો અહીં કોઈને ફાવશે નહિ. હાં...પણ કૉફી સાથે ગરમાગરમ ટોસ્ટ સરસ પડશે! હમણાં જ ટ્રે મોકલું છું હોં...'

તે પછી સ્નેહભર્યા વિદાયશબ્દો બાદ, ગાંધીજી ઓરડી છોડી ગયા.

છોકરો ઉત્સુકતાથી રાહ જોતો રહ્યો. આવું મોટું ભાગ્ય પોતાનું હોઈ શકે એમ એ માની જ ન શક્યો. સાબરમતી આશ્રમમાં કૉફી!—અબ્રહ્મણ્યમ્ અબ્રહ્મણ્યમ્ અને તે યે ખુદ ગાંધીજી જાતે જ મોકલવાના!

'વૃદ્ધ ગવર્નર' ધૂની નહોતા. પ્રેમાળ પણ ઘણા હતા એમ ઉપકારવશ ને ઉત્કંઠ પેલો છોકરો વિચારતો રહ્યો.

બીમારોની આ ઝૂંપડીઓથી ઠીકઠીક દૂર આશ્રમને પેલે છેડે ગાંધીજીની ઝૂંપડી હતી.

શું થશે એ સારી રીતે પેલો વિચારી શકતો હતો:

'બાપુજી કસ્તૂરબા પાસે રસોડામાં જશે ને...ને કૉફી ટોસ્ટ મોકલવાનું કહેશે...પણ આ તો કવખત હતો. રસોડું બંધ હશે ...કામકાજથી પરવારી બા નિરાંતે આરામ કરતાં હશે... ગાંધીજીને વિનાકારણ વધારેપડતો એ ત્રાસ નહિ તો શું?'

વીસેક મિનિટ પસાર થઈ ગઈ.

સાંભળો! સાંભળો! શેનો છે પેલો અવાજ?

પુનશ્ચ ગાંધીજીની પાવડીઓ રણકી ઊઠી છે. શા માટે ગાંધીજી પાછા આવતા હતા? પાછળથી વિચાર કરી કૉફી પડતી તો નહિ મૂકવામાં આવી હોય?

બાપડો અત્યંત હતાશ થઈ ગયો.

પણ ખુદ ગાંધીજી એ પછી તો હાજર થયા! હાથમાં સફેદ ખાદીના નેપકીનથી ઢાંકેલી ટ્રે હતી!

મોટામોટા ડોળા ફાડી છોકરો જોવા લાગ્યો. અરે, પણ ખરેખર બન્યું તું શું?

ગાંધીજી બોલ્યા: 'ભાઈ, આ રહી કૉફી ને આ તારો ટોસ્ટ. જોજે હં, કૉફી મેં જાતે જ બનાવી છે. અચ્છા, મદ્રાસીની

માફક તું મને યે સરસ કૉફી બનાવતાં આવડે છે એવું પ્રમાણ-પત્ર આપશે કે?'

'અરે, પણ બીજા કોઈ સાથે કૉફી કેમ ન મોકલી? મારે માટે આપને જાતે તસ્દી લેવી પડી એથી મને અત્યંત દુઃખ થાય છે, બાપુજી!' બોલતી વખતે શરમથી વિદ્યાર્થીનો અવાજ એકદમ ધીમો પડી ગયો હતો.

'બસ બસ હવે. કૉફી ઠંડી થઈ કે પછી એમાં ભલીવાર શો રહેવાનો? ઠંડી કૉફી તને નુકસાન કરશે. 'બા' આરામ કરતાં હતાં એટલે એમને કેવી રીતે ઉઠાડું?' અને પછી અત્યંત ઝડપથી ઓચિંતું ઉમેર્યું: 'ઠીક ત્યારે, જઈશ હવે. ટ્રે લઈ જવા તો કોઈ પણ આવી જશે.'

આમ બોલી ગાંધીજી ત્યાંથી બહાર નીકળી ગયા.

કૉફી વિશેષ કડક નહોતી—છતાં ય મધુર તો હતી જ. અમૃતના પાનની માફક પ્રેમથી પેલો મદ્રાસી કૉફીને આસ્વાદી રહ્યો હતો, પણ એનું મન અસ્વસ્થ હતું:

એનાં મનઃચક્ષુ સમક્ષ ચિત્ર ખડું થઈ ગયું.

બાપુજીએ જાતે રસોડું ખોલ્યું...એ સ્ટવ ચેતાવ્યો...રે, રે આ કૉફી બનાવી...ને ને...આ ટોસ્ટ પણ...કવેળા બીજાને ત્રાસ નહિ દેવા એ જાતે જ બધું લઈને અહીં આ...વ્યા... વિચારો એને કચડી રહ્યા હતા!

આશ્રમમાં ચા–કૉફીની બંધી તો હતી જ, છતાં યે મહેમાનો કાજે રસોડામાં થોડાં ચા–કૉફી આણીને રાખી મૂકવાનું કસ્તૂરબા ભૂલતાં નહિ. ચા જોઈએ દીનબંધુ એંડ્રૂઝને અને કૉફી મદ્રાસના રાજાજીને!

[૬]

ગાંધીજીનું દૃઢ નિશ્ચયીપણું તો સર્વને વિદિત છે. બાપુ આમ તો પ્રેમાળ પણ કડક યે ખરા. એમની નજીક જેટલા રહીએ તેટલી વધુ કડક શિસ્ત પાળવી પડે: એટલે જ કદાચ ગાંધીજી પોતાને કાજે આટલા બધા નિર્દય થઈ શકે છે. અસહિષ્ણુ તો એ મુદ્દલે ન હતા. 'કોઈ કદી યે મારો વિરોધ ન કરે' એવું કદી યે એમને લાગ્યું નથી; એટલું જ નહિ, ઊલટું વિરોધ કરનારને એ પ્રોત્સાહન આપે છે; અને છતાં લોકો વિરોધ કરતાં અચકાય છે, કારણ આવા વિરોધીઓને પોતાના કરતાં યે ગાંધીજી ઉપર વધુ વિશ્વાસ હોય છે. પણ સત્યાગ્રહ આશ્રમમાં આ નિયમનો એક જ અપવાદ હતો, એ હતી એમની અત્યંત નિકટની વ્યક્તિ–એમની સહધર્મચારિણી.

માતાના અર્થમાં, આશ્રમમાં હમેશ એમને 'બા' કહેવામાં આવતાં. સત્યાગ્રહ આશ્રમમાં બા ઠીંગણાં ને તોરી વૃદ્ધા લાગે. એવી જ હતી એમની તેજધાર આંખો, કર્કશ અવાજ ને સખ્તાઈથી બીડેલા હોઠ. થવું હોય ત્યારે બા અત્યંત પ્રેમાળ બની શકતાં, કવચિત્ સખત ને કડક પણ. ગાંધીજીની ઝૂંપડીમાં તેમ જ રસોડામાં પણ એમના અતીવ કડક રાજ્યની આણ વરતતી. પણ બિચારાંને ઘણું જ કામ રહેતું. એમના મહાન પતિ તથા પૌત્રો ઉપરાંત આશ્રમનાં આશરે ૨૦ માણસોની એમને રસોઈ કરવી પડતી ને જમાડવા પડતા. આમ તો આશ્રમમાં બસોક આદમી હશે. એમના જમવાની સગવડ જુદેજુદે રસોડે થતી. એમાંથી આટલા બાને ભાગે આવ્યા હતા.

પોતાના રસોડામાં બા માત્ર દેખરેખ જ નહોતાં રાખતાં, એ મુખ્ય રાંધનારાં પણ હતાં. હા, બીજા મદદનીશ હતા ખરા, પણ મુખ્ય કાર્ય એમને જાતે જ સંભાળવાનું રહેતું. એ દિવસો-

માં બા એટલે અખૂટ શક્તિ, ચપળતા ને ગણનાપાત્ર ગતિનો પ્રવાહ. જેમ એમની શક્તિ અદ્‌ભુત હતી, તેમ ક્વચિત્ એમનો ગુસ્સો પણ એવો જ; એટલે રસોડામાં એમના મદદનીશ તરીકે કાર્ય કરવું સહેલી વાત નહોતી. વધારેમાં વધારે એ કામ લેતાં. આળસ કે કંટાળા વિના એ જાતે પણ મિનિટે મિનિટનો સમય જાળવતાં. એમના આ ઉત્તમ દાખલા પ્રમાણે મદદનીશ કાર્યકરોને વર્તવાની ફરજ પાડતાં. કામમાં જરાક બેદરકારી યા સુસ્તી આવી કે આવી જ બન્યું સમજવું.

એક વખત ત્રાવણકોરના એક છોકરાને એમના મદદનીશ તરીકે નીમવામાં આવ્યો. રસોડાનું કાર્ય પ્રથમ તો એને ચિકાશવાળું ને એવું બધું લાગ્યું પણ પછી એણે સારી પ્રગતિ કરી, બાને ઘણો જ સંતોષ આપ્યો. રસોડામાં બા ને એ બંને આબાદ હળી ગયાં.

રસોડા વિભાગ પર ગાંધીજીની સતત બારીક નજર રહેતી. છોકરાના કાર્ય માટે અનેક વખત એમણે મુબારકબાદી આપી હતી. ભારતવર્ષના રાજકારણનો જાણનહાર રસોઈઘરનું રાજકારણ પણ આબાદ જાણતો હતો!

પણ એક જ વાતમાં બાને ગાંધીજી સાથે કોકકોક વખત અથડામણ જાગતી. એવે પ્રસંગે ગાંધીજી થોડાઘણા ગભરાતા, કારણ ન્યાય બાને પક્ષે હતો. થવાનું તો શું હતું પણ તે સમયના 'હિંદની રાજકીય રાજધાની' સમા આશ્રમમાં અણધાર્યા પુષ્કળ અતિથિઓ ઘણી વખત આવી ચઢતા. જુદાજુદા રસોડામાં એ અતિથિઓની વહેંચણી થઈ જતી, પણ બાને ભાગે વાજબી કરતાં હરહમેશ મહેમાનોનો મોટો હિસ્સો આવતો. ઓચિંતા આટલા બધા અતિથિઓ અને તે યે આગળથી કોઈ પણ જાતની વરધી આપ્યા વિનાના! બાને આવે વખત ક્વચિત્ ગુસ્સો ચઢતો–ખાનગીમાં હૈયાવરાળ એ ઠાલવતાં. એવે પ્રસંગે

ાંધીજી ઘણી જ નરમાશથી અને કળથી વર્તતા, બાની ત્યારે ામને થોડીઘણી બીક રહેતી !

એક દિવસ બપોરે જમ્યા બાદ, ધોયાકર્યા પછી બા તથા ામના મદદનીશે રસોડું બંધ કર્યું, ત્યારે આવું ફરીવાર બન્યું. ા ઘણાં જ થાકી ગયાં હતાં અને આવા રગડઓરામાં તે કોણ થાકે? સંભવ છે એમની તબિયત પણ કદાચ સારી નહિ ાય. પોતાના ખંડમાં જઈએ આડાં પડ્યાં હતાં. ગાંધીજી ડપથી રસોડે આવ્યા ને રસોડું છોડવાને તૈયાર પેલા ત્રાવણકોરી ાકરાને પાસે બોલાવ્યો. સૂતેલાં બાને ખલેલ ન પહોંચાડવા ીમે અવાજે એ બોલ્યા :

'એકાદ કલાકમાં કેટલાક માનવંતા મહેમાનો આવનાર . પંડિત મોતીલાલ નહેરુ પણ એમાં છે. એ સ માટે ોઈ જોઈએ !'

બાની ઓરડી તરફ દૃષ્ટિ નાખી, હોઠ પર આંગળી મૂકી ા બોલ્યા :

'એને ઉઠાડીશ નહિ. કુસુમને બોલાવજે. ચૂલો ચેતાવજે. ાકભાજી સમારજે. રોટલીનો લોટ બાંધજે ને જરૂર પડે ત્યારે જ ાને બોલાવજે. ને ધ્યાન રાખ, બાને રોષ ચઢે એવું કશું ચે રીશ નહિ. બા મારા પર ગુસ્સે નહિ થાય તો ઇનામને પાત્ર ણાઈશ. સમજ્યો કે?'

કોઈ નિર્દોષ કાવતરાખોરનો ભાવ ગાંધીજીના મુખ પર સી આવ્યો. અધવચ્ચે ઓચિંતાં જ બા જાગે અને મારા પર ારવિનાનો ગુસ્સો કરે તેની એમને ગભરામણ હતી.

કુસુમ અને આ યુવાન મદદનીશે અવાજ ન થાય એવી ાકથી રસોડું ખોલ્યું. ચૂલો ચેત્યો. શાકભાજી સમારાયાં. ાટલીની કણક પણ તૈયાર થઈ ગઈ. પ...ણ...રે, નસીબનું રવું ને, એવામાં જ એક થાળી જમીન પર પટકાઈ પડી.

અવાજથી બા સફાળાં જાગી ગયાં. એમને થયું રસોડામાં નક્કી આશ્રમની બિલ્લીએ ધાંધલ મચાવ્યું છે. દોડતે પગે એ અંદર આવ્યાં. ત્યાંની સર્વ તૈયારી જોઈને એ તો દિંગ જ થઈ ગયાં. આ બધું શું હતું તે જાણવા એમણે પ્રશ્ન કર્યો. અવાજમાં કઠોરતા હતી. કુસુમ અને પેલા યુવાને નમ્રતાથી વાત કહી સંભળાવી.

'પણ મને કેમ ન બોલાવી?' બાએ પૂછ્યું, 'આ વધારાની વ્યવસ્થા હું ન કરી શકું એમ તમને લાગે છે?'

'ના રે બા ના, એવું તો કંઈજ નથી.' યુવાને પુનઃ સમજણ પાડવા માંડી, 'બધું તૈયાર થયા પછી જ તમને બોલાવવાની અમારી ઇચ્છા હતી.'

બા અંગ્રેજી સારી રીતે જાણતાં નહિ ને પેલા છોકરાને ગુજરાતીનું પૂરું જ્ઞાન નહોતું. મધુર હસતાં બાએ પોતાની ભાંગીતૂટી અંગ્રેજીમાં કહ્યું:

'તું યે ઘણો જ થાકેલો. શા માટે તેં ધાર્યું–તું જ વધારે કામ કરી શકે ને હું વધારાનું નહિ?' ત્યારબાદ તો બધું બરાબર પાર ઊતર્યું.

માત્ર વિચારની સપાટી કરતાં વધુ ઊંડા ઊતરવાની બાની શક્તિ હતી. એ તરત જ સમજી ગયાં કે આ સઘળી રચના ગાંધીજીને જ આભારી છે.

રાત્રે પ્રાર્થના બાદ, બધા અતિથિઓ વિખેરાયા ત્યારે, એકદમ ઓચિંતાં જ એ બાપુ સમક્ષ હાજર થઈ ગયાં.

કેડ પર બંને હાથ ટેકવી, મસ્તીખોર આંખે બોલ્યાં:

'મારા વિના એ લોકોને જ કામ કરવાનું તમે કેમ કહ્યું વારુ? હું આળસુની પીર છું એવું શું તમને લાગ્યું?'

આંખની ચમક સાથે ગાંધીજીએ પ્રત્યુત્તર વાળ્યો:

'આવી વખતે મને તમારી બહુ જ બીક લાગે છે એની તમને નથી ખબર, બા ?'

અને બા એકદમ માનવામાં ન આવે એટલે મોટેથી ખડાટ હસી પડ્યાં—જાણે કહેતાં ન હોય શું તમે ? અને તે યે રાથી બીનારા ?

પણ ખરું પૂછો તો એ જ વાત સાચી હતી. ગાંધીજીને ાચ્ કોઈની યે ભીતિ નહિ હોય; પણ જો કોઈથી યે એ બીતા ય તો, સંભવ છે, કે માત્ર બેઠી દડીની, આ કોઈનાથી યે ન ાય એવી આ નારીથી જ, એમના પતિ થોડાઘણા યે મરાતા હતા !

[૭]

ગાંધીજી ચિદંબરમ્માં હતા. પ્રચંડ લોકસમૂહને અજબ ાહથી ત્યારે એમણે થાપ આપી અને નિયત કાર્યક્રમ માટે તે પગપાળા જ ચાલી નીકળ્યા. એક રીતે જોઈએ તો ધીજીના જીવનમાં લોકો મોટા ત્રાસ સમાન છે. ગાંધીજીને મણે કદી યે શાંતિથી જંપવા દીધા નથી. મહાત્માજી દેખાયા તુરત જનતાનો પ્રવાહ એમના તરફ એકસરખો વહ્યો જવાનો. હો સમજ પડતી નથી—આ તે ગણિતશાસ્ત્રનો કયો નિયમ કે ગુરુત્વાકર્ષણનું પરિણામ છે ? કેટલીક વાર તો ઉત્સાહી કગંગાનું આ પૂર ભયંકર સ્વરૂપ પકડે છે. એમનાં દર્શન જે, એમને અર્ધ્ય દેવા જનતા ગાંડીઘેલી બની જાય છે. પરંતુ ાવી ગિરદીના ત્રાસમાંથી યે ગાંધીજી અત્યંત સિફતથી ાબાદ નીકળી ગયા છે.

ચિદંબરમ્માંનો એ દિવસ કંઈ ખાસ સારો નહોતો.

વિદ્યાર્થીમંડળ સમક્ષ પ્રવચન કરવાને ગાંધીજી મોટરમાં

અન્નમબાઈ યુનિવર્સિટી તરફ હંકારી જતા હતા. મોટરમાં સાથે બેઠા હતા ડૉ. ટી. એસ. રાજન્.

યુનિવર્સિટીથી અડધોક માઈલ દૂર, ગામની નાનકડી ખડકીના રસ્તા પર હજારો લોકોની ઠસોઠસ ગિરદી જામી હતી. માર્ગ રુંધાયો હતો. ગાંધીજીની રાહ જોતા લોકો ઊભા હતા. મંડળના બીજા સભ્યોવાળી બીજી બે મોટરો ગાંધીજીની મોટરને અનુસરતી હતી.

—અને લોકોએ ગાંધીજીની મોટર અટકાવી.

'શેની છે બધી ધમાલ?' ગાંધીજીએ પૂછ્યું.

લોકમેદનીનો નાયક પોતાનો કેસ રજૂ કરવા બહાર આવ્યો. કહ્યું:

'ઊંચ વર્ણના બ્રાહ્મણો હરિજનો સાથે એક પંગતે બેસી જમે એવા એક ભોજન–સમારંભની મેં અને મારા મિત્રોએ યોજના કરી છે. આપની ચિદંબરમની મુલાકાતના માનમાં ગોઠવાયેલી આ મિજબાની, આને માટે જ બાંધેલા એક વિશિષ્ટ મંડપમાં અત્યારે પણ ચાલુ છે. સ્થાન અત્યંત નજીક છે. અમારી સૌને આપને અત્યંત નમ્ર વિનતિ છે કે એક ક્ષણ માટે મોટરમાંથી ઊતરો અને નજરોનજર આ પ્રસંગ નિહાળો.'

ગાંધીજી ડૉ. રાજન્ તરફ ફર્યા ને પૂછ્યું:

'યુનિવર્સિટીમાં ક્યારે પહોંચવું જોઈએ?'

'માત્ર દસ જ મિનિટ બાકી છે, બાપુ!'

'આજના દિવસના કાર્યક્રમમાં આ સહભોજનની મુલાકાત હતી કે નહિ?'

'જી ના!'

ગાંધીજીએ ડૉ. રાજન્‌ને વિનતિ કરી:

'બાકી રહેલી દસ મિનિટમાં એક કાર્યક્રમમાં ભાગ લેવાનો છે. અને આ કાર્યક્રમ તો પાછળથી વધારાનો ઉમેરાયેલો છે,

એવું લોકોને સમજાવીને કહો.'

પણ આવું કારણ જનતાએ સ્વીકાર્યું જ નહિ. અને એક મિનિટ માટે પણ મોટરમાંથી ઊતરી જવાનું એમણે દબાણ કર્યું.

બહાર ડૉ. રાજન્ લોકોને ચપળ દલીલોથી સમજાવી રહ્યા હતા. લોકમિજાજને ગાંધીજી પામી ગયા. તે દરમિયાન મોટરને બીજે બારણેથી બાપુ સરકી ગયા. યુનિવર્સિટીને માર્ગે અતીવ ઝડપથી જવા માટે એમણે આમ કર્યું હતું! શું થઈ રહ્યું હતું તેની કલ્પના સરખી યે ટોળાને આવી નહિ. પોતાનો દોષ તેઓ ડૉ. રાજન્ પર ઢોળતા હતા. ડૉ. રાજન્નો જ બધો વાંક હતો એમ એમનું માનવું હતું.

આ તક ગાંધીજીએ આબાદ ઝડપી. એકદમ તે ટોળાની બહાર નીકળી ગયા. પાછળમાંની એક મોટર તરત આગળ આવી, એમને અંદર લીધા અને યુનિવર્સિટી તરફ હંકારી ગઈ. છેક ત્યારે જ લોકોના ધ્યાનમાં આવ્યું કે શિકાર તો હાથથી છટકી ગયો હતો! એટલે 'મહાત્માજીકી જય'ના પરિચિત જયઘોષ સાથે લોકો મોટર પાછળ દોડ્યા. પરંતુ ગાંધીજીને લઈ જનારી મોટર તો ઠીકઠીક દૂર નીકળી ગઈ હતી.

ગાંધીજીએ પાછળ જોયું. અને કોઈ મોટા વિકટ પ્રસંગમાંથી મુક્ત થનાર આનંદી નિશાળિયાની માફક એ પોતાના હાથ હલાવતા હતા.

એમણે ડૉ. રાજન્ને દીઠા. અહિંસાની દૃષ્ટિથી જોઈએ તો એમના પર વીતી રહેલો આ પ્રસંગ મુદ્દલે સમાધાનકારક નહોતો. ક્રુદ્ધ માનવસમુદાય પોતાનો રોષ ડૉ. રાજન્ પર ઠાલવતો હતો. એમાંથી બચવા માટે એ પોતાની મુક્કીનો જોરદાર ઉપયોગ કરતા હતા. એ વખતે હિંસા અને અહિંસાના હક્કની માગણીનો નિવેડો લાવવાની બાપુને ફુરસદ નહોતી. ધૂળના ગોટેગોટ ઉરાડતી એમની મોટર જતી હતી.

યુનિવર્સિટી સંઘની સભામાં પહોંચતાં એમને માત્ર એક જ મિનિટનું મોડું થયું હતું. ભાષણની શરૂઆતમાં જ મોડું થયા બદલ એમણે શ્રોતાઓની માફી માગી.

ગાંધીજી અને એમના ઘડિયાળની કોઈ અભેદ્ય મૈત્રી છે. સદ્‌ગુણોમાં નિયમિતતાને બાપુ સૌથી વધુ મહત્ત્વનું સ્થાન આપે છે.

[૮]

હેરત પમાડે એટલા બધા વિવિધ જાતના માનવીઓના મહેમાન બનવાનો અનુભવ ગાંધીજીને મળ્યો છે. એ 'અર્ધનગ્ન ફકીરે' ઘણી વખત રાજાઓ, જમીનદારો, અને લાખોપતિઓની મહેમાનગતિ ચાખી છે. દિલ્હીના હરિજન કોલોનીની માફક જવલ્લે જ એમને સાધારણ કામદારો અને ગરીબ લોકોની વચ્ચે રહેવાનું ભાગ્ય સાંપડે છે. પરંતુ ભલેને ગમે ત્યાં હોય, ગાંધીજી તો એટલા જ સ્વસ્થ રહેવાના. ભભકો અને ઐશ્વર્ય વચ્ચે એ એવા અલિપ્ત ભાવથી રહે છે, કે વિચિત્ર જેવું લાગે, પણ એમની આવી પરોણાગત કરનારને એની ખબર સુદ્ધાં યે પડી શકતી નથી. એનું રહસ્ય એ છે, કે પોતાના ઉત્તમ પ્રકારના સરસ ને નિર્દોષ વિનોદના તથા મોહકતાના ઓઠા હેઠળ પોતાની અલિપ્તતા ગાંધીજી ઢાંકી દે છે.

એક વખત બંગાળના પ્રવાસ વખતે ગાંધીજી એક મોટા જમીનદારના અતિથિ બન્યા. ભવ્ય હવેલી હતી. જાણે ફલંગ મારતો હોય એવા ને મોટા અવાજમાં અપાયેલા માલિકના હુકમો પ્રમાણે, વિશિષ્ટ પોષાકમાં સજ્જ થયેલા નોકરો અહીંથી તહીં દોડધામ કરી મૂકતા હતા.

સાયંપ્રાર્થના ઉપરની અગાસીમાં થતી. આ પ્રાર્થનાઓ તો એક દરબાર ભરાયા જેવી છે. લોકોનાં ટોળેટોળાં ત્યાં ઊમટે

છે. ઘણુંખરું તો તેઓ ગાંધીજીનાં દર્શન માટે જ ત્યાં આવે છે. નિમિત્તરૂપ બનતી આ પ્રાર્થનાઓ સંતતેજથી વિભૂષિત એમના મુખારવિંદના દર્શન માટે લોકસમૂહને તક આપે છે. તે સાંજે નર ને નારીઓનો એક અતિવિશાળ સમુદાય ત્યાં એકઠો મળ્યો હતો. અગાસીને દરેક ખૂણે ને ખાંચરે જાત સંકોચીને તેઓ બેઠા હતા. લોકો જ્યારે બરાબર બેસી ગયા ત્યારે પોતાના યજમાન સાથે મહાત્માજી અગાસીમાં આવ્યા અને બંને જણા બરાબર પાછળ ઠીવાલ આવે એ રીતે દીવાલને અડતા બેઠા. પ્રાર્થના પહેલાં વીજળીદીવા ઓલવી નાખવાનો ગાંધીજીનો ચાલુ નિયમ છે.

એટલે બહુ જ નમ્રતાથી ગાંધીજીએ કહ્યું:

'લાઈટ બંધ!'

જાજમ ઉપર ભારે ને સુસ્ત શરીરે યજમાન જ્યાં બેઠો હતો, બરાબર તેના જ માથા પર વીજળીના દીવાની ચાંપ હતી. મહાત્માના હુકમને તાબે થવા શું એ પોતાની જાતને હલાવે? અલબત્ત નહિ જ! નિયમ પ્રમાણે પોતાના એક નોકરને એણે બૂમ પાડી! પણ એટલામાં એક અદ્‌ભુત વાત બની ગઈ. હળવેથી ગાંધીજી પોતાના પગે કૂદ્યા ને શું બનતું હતું તેનું આશ્ચર્યમાં ગરકાવ થયેલા જમીનદારને કંઈ ભાન થાય તે પહેલાં તો એમણે શાંતિથી વીજળીની ચાંપ બંધ કરી દીધી ને ફરીથી બેસી પણ ગયા. તે પછી પ્રાર્થના ચાલુ કરવા ગાંધીજીએ સૂચના કરી. આ નાનકડા બનાવે કેટલાયે લોકોનું ધ્યાન ખેંચ્યું.

પ્રાર્થના પૂરી થઈ. તે બાદ, આવા પ્રસંગોએ ઘણીવાર બને છે તેમ, લોકોએ ગાંધીજીને કૉંગ્રેસકાર્ય સાથે સંબંધ રાખતા સર્વ જાતના વિષયોના સવાલો પૂછવાની ઇચ્છાથી શરૂઆત કરી. કોઈએ કાંતણ ઉપર પ્રશ્ન કર્યો. ઉત્તર આપતાં ગાંધીજીએ કેળવાયેલા ને ધનિક લોકોના કોઈ પણ જાતનો શારીરિક શ્રમ

નહિ લેવાના વલણ પ્રત્યે લંબાણથી વિવેચન કર્યું. ભોજન મેળવવા માટેનો પરિશ્રમ ઉઠાવ્યા વિના જ જે ભોજન કરે છે તેને ગીતાજીમાં ચોર કહ્યો છે, એ વાતનો પણ બાપુએ ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત ઘણા યે પ્રશ્નો પુછાયા ને ઉત્તરો અપાયા.

ને ત્યારે અચંબો પમાડે એવી એક ઘટના બની. ટોળું વિખરાતું હતું ત્યારે કોકે નાનું ટેબલ ઊંધું વાળ્યું અને એના ઉપર રહેલી ચીનાઈ ફૂલદાનીના જમીન ઉપર ચૂરેચૂરા થઈ ગયા. કોઈ કુસ્તીબાજની ચાલાકીથી જમીનદાર કૂદ્યા ને નીચે પડેલા ભાંગેલા ટુકડાઓ વીણવાનું શરૂ કરી દીધું! એની પૂંઠે એના નોકરો હતા ને એમને બૂમ પાડવાનું શું એ ઓચિંતા જ ભૂલી ગયા? એમાંના બેએક નોકરો તો દોડી પણ આવ્યા...પણ ઘૂંટણીએ પડેલા એમના માલિકનું દશ્ય વ્યાકુળતાથી તેઓ જોઈ રહ્યા! પોતાના ગૌરવવંતા મહેમાનની નમ્ર ને મૂગી સૂચના યજમાને માન્ય કરી લીધી હતી! અગાસી છોડી ગયેલા ગાંધીજીએ તો આ અદ્‌ભુત ચમત્કાર જોયો નહિ. પરંતુ જાતે બત્તી બુઝાવી નાખવાનો એમણે બેસાડેલો દાખલો અને શારીરિક શ્રમની પ્રતિષ્ઠા ઉપર એમણે કહેલા થોડાક શબ્દોની સચોટ અસર થઈ હતી!

[૯]

ગાંધીજીના તામીલનાડના પ્રવાસોમાંના એક પ્રવાસની આ વાત છે. ગાંધીજીએ કહ્યું છે, કે પંજાબથી બીજે નંબરે વધારેમાં વધારે લોકો એમના પ્રત્યે તામીલનાડમાંથી આકર્ષાય છે. તામીલી પ્રજા એમને વાજબી રીતે પૂજે છે. વિરુદ્ધનગરમાં ટ્રેન દાખલ થતી હતી. દૂરદૂર મોટી માનવમેદનીથી ભરેલું સ્ટેશન બરાબર દેખાતું હતું. ત્રીજાવર્ગના ડબ્બામાં જરાક ઝોકું મારી લઈને ગાંધીજી ઊઠ્યા. જાહેર સભાઓથી ઘણીવાર ભરચક એવી મુસાફરીઓમાં દસથી પંદર મિનિટની નિદ્રા લઈ લેવાની અપ્રતિમ

કળા બાપુએ સાધ્ય કરી છે. બંને પગે એ કૂદ્યા ને પોતાની કેડની આસપાસનો નાનો ધોતિયાનો છેડો ઠીક કરવા લાગ્યા.

મંડળીના એક જણે બાપુની કેડ પરના છેડામાં ઠીકઠીક મોટું એવું એક કાણું જોયું ને ગાંધીજીને કહ્યું :

'આપણે લગભગ સ્ટેશન પર આવી પહોંચ્યા છીએ. બીજું કપડું પહેરવા માટે ભાગ્યે જ એકાદ મિનિટ જેટલો સમય છે.'

'બીજું શા માટે ?' ગાંધીજીએ પ્રશ્ન કર્યો ને ઝડપથી તે સ્નાનગૃહમાં ગયા. બીજી જ પળે તો એ પાછા આવ્યા હતા. કેડ ઉપરના એ ધોતિયામાં હવે ક્યાંય કાણું નહોતું. ધોતિયાને એમણે બીજી બાજુથી પહેરી લીધું હતું. પોતાનાં ચશ્માં, ઘડિયાળ ને બીજી અંગભૂત ચીજો જેવી એમણે ઝડપથી એકઠી કરી લીધી કે ટ્રેન પ્લેટફૉર્મ પર આવીને થંભી. ટ્રેનમાંથી ઊતરતી વખતે, મંડળીના જે ભાઈએ કહ્યું હતું તેમની તરફ હસતાહસતા બાપુ ફર્યા ને કહ્યું :

'એક વખત એવો યે હતો કે વિદ્યાર્થી તરીકે હું લંડનમાં હતો, ત્યારે મારા વાળ હોળવા માટે ખાસ્સી દસ મિનિટ હું લેતો. આજે તો મારો બધો ય શણગાર સજવા માટે ફક્ત અડધી જ મિનિટ મારે જોઈએ છે.' આમ બોલી એમણે બહાર પગ મૂક્યો ને સ્વાગત માટે પોતે તૈયાર થઈ રહ્યા !

આ જ પ્રવાસ દરમિયાન પૂરપાટ દોડતી મોટરમાં દસ ને પંદર મિનિટની ટૂંકી ઊંઘ ખેંચી કાઢવાની કળા એમણે સંપૂર્ણતયા પ્રાપ્ત કરી. મદ્રાસ ઑટોમોબાઈલ ફર્મે એમની સેવામાં 'માસ્તર બુઈક' નામની મોટરગાડી આપી હતી. તેમાં એ મુસાફરી કરતા હતા. પાછળની બેઠકમાં નાની પથારી જેવી સગવડ હતી. આના પર ગૂંચળું વળીને એ ઊંઘી જતા. હરિજનમુક્તિના પ્રશ્ન પરત્વે દિવસમાં પાંચ કે છ જાહેર સભાઓમાં એ ભાષણો કરતા.

જ્યારે મોટર એકથી બીજા જાહેર સભાસ્થાને એમને લઈ જતી હોય, ત્યારે પ્રવાસની જવાબદારી જેને માથે હતી તે ડૉ. ટી. એસ. એસ. રાજનને બાપુ પૂછતા :

'ઠીક તો રાજન્, શો છે બીજો કાર્યક્રમ, દસ મિનિટની ઊંઘ કે પંદર મિનિટની ?'

આંખમાં અનેરી ચમક સાથે કોક કોકવાર ડૉ. રાજન્ જવાબમાં કહેતા :

'નહિ, નહિ બાપુ, હવે પછીનો બીજો કાર્યક્રમ તો ઘણા લાંબા ગાળાનો છે–સાચેસાચ ખાસ્સી મઝાની ૩૦ મિનિટની ઊંઘ !'

'વાહ, શા મોટા વૈભવની વાત !' બાપુ આ પ્રમાણે બોલે ને બીજી જ ક્ષણે તો પોતે ઘસઘસાટ ઊંઘતા હોય, ત્યારે એંજિનના સ્થાયી અવાજ સાથે બુઈક ગાડી માઈલ પર માઈલ કાપતી હોય. થંભવાને બીજે સ્થળે મોટર જેવી ઊભી રહે કે તે જ મિનિટે ગાંધીજી કેવી રીતે જાગી જતા હશે એ તો એક અદ્‌ભુત આશ્ચર્ય હતું. તાજગી સાથે એ ઊઠતા ને સભા મળવાના બીજા સ્થળ ઉપરના મંચ પર સીધા જ એ પહોંચી જતા. દંતકથા તો કહે છે, કે ઘોડેસવારી કરતાંકરતાં પણ નેપોલિયન ઊંઘી શકતો. ભારતના અહિંસક યુદ્ધના નેપોલિયન તો દોડતી મોટરમાં ઊંઘી લેતા, એટલું જ નહિ પણ બે જબરદસ્ત જાહેર સભાઓ વચ્ચેના બરાબર નિયત સમયમાં પણ એ ઊંઘ પૂરી કરી શકતા. અને આ માટે જોજો ભૂલ ન કરશો, પ્રખ્યાત થઈ ગયેલી આ ટૂંકી નિદ્રાઓ વખતે આંખો મીંચી પોતાના શરીરને બાપુ માત્ર આરામ જ આપતા નહોતા; પરંતુ પેલી કહેતી પ્રમાણે–જાણે લાકડાનો કટકો ન પડ્યો હોય એ રીતે ઘસઘસાટ ઊંઘી જતા !

પોતાની આસપાસનાં સ્ત્રીપુરુષો સાથેના રોજિંદા વ્યવહારમાં ગાંધીજી વ્યવહારુપણાની ભારે ઊંડી સમજનાં દર્શન કરાવે છે.

સામાન્ય રીતે તેઓ લાંબીલાંબી દષ્ટિવાળા વિચારો ઘડતા નથી. સિદ્ધાંતો સિવાય, એમના વિચારો બનાવો અને પરિસ્થિતિના પ્રત્યાઘાતરૂપે જ આપોઆપ ઘડાતા જાય છે; અને પોતાના સિદ્ધાંતોની બાબતમાં પણ રોજિંદા અનુભવના કસોટી–પથ્થર ઉપર સતત એનો ક્યાસ એ કાઢતા જ હોય છે. અનુભવની કસોટીનો સિદ્ધાંત એરણ પર ઊભો રહી શકે એમ ન હોય, તો સિદ્ધાંત ઉપર એ ફરીથી વિચારણા ચલાવે છે; અને બુદ્ધિથી વિચાર કરતાં લાગે તો તરત જ પોતાનું મંતવ્ય એ બદલે છે. એમને મન તો વ્યવહાર અને સિદ્ધાંત હાથમાં હાથ મિલાવી ચાલવા જોઈએ. એક જ સિક્કાની એ બંને બાજુઓ છે.

સામાન્ય રીતે આપઘાત કરવો એ ભયંકર પાપ તરીકે માનવામાં આવ્યું છે. તદ્દન સાચી વાત. માનવજીવન એ તો એક અમૂલ્ય ભેટ છે અને જિંદગી પોતાની ભલે હોય તોપણ એને ફેંકી દેવાનો કોઈ માનવીને અધિકાર નથી. પરંતુ ગાંધીજીએ કહ્યું છે કે કેટલીક વખત એવા યે પ્રસંગો આવે છે, જ્યારે આપઘાત કરવો એ ટાળી ન શકાય એવી નૈતિક ફરજ બની રહે છે. ગાંધીજીના આશ્રમમાં એક વખત કરુણાની સાથોસાથ હાસ્ય ઉત્પન્ન કરે એવો એક બનાવ બન્યો.

આશ્રમના કોઈ એક સભ્યે ઓચિંતી જ શોધ કરી, કે પોતે જાતે એક ઘોર પાતકી છે. એક વખત આ સંશોધન એણે કર્યું કે પછી જાત ધિક્કારવાની એની વૃત્તિ ધીમેધીમે એટલી બધી વધી ગઈ કે એને તાવની ગરમી રહેવા લાગી. સામાન્ય

રીતે તો એ શાંત ને બીકણ સ્વભાવનો હતો; છતાં આ વાત પછી એને ચિત્તભ્રમ થયો. બાપુના આશ્રમનો અંતેવાસી ને તે આવો પાપી ! આ વિચારના ભારથી એ એટલો બધો કચડાઈ ગયો કે એણે તો માન્યું—આશ્રમમાં રહેવા માટે હવે પોતે બિલકુલ લાયક રહ્યો નથી. આ ભ્રમમાં રહેવાને તો શું, પૃથ્વી પર જીવવા માટે પણ લાયક નથી રહ્યો એમ એને લાગ્યું. છેવટે પોતાની જાતને અંતિમ શિક્ષા કરવાનું—આપઘાત કરવાનું એણે નક્કી કર્યું.

પત્ની સાથે એ સતત ઝઘડ્યા કરતો હતો. એના પર એણે વિદાયપત્ર લખ્યો ને પત્ર એવી જગ્યાએ મૂક્યો, કે પત્નીનું અવશ્ય ધ્યાન પડે ને પછી નિરાંતે સૂઈ ગયો. નસીબનું કરવું તે પેલી કમનસીબ બાઈએ તે જ રાત્રે તે પત્ર જોયો. ઘણા વખતથી એણે જાણ્યું તો હતું કે પોતાનો 'ધણી અને માલિક' થોડોક મૂર્ખા જેવો છે, પણ આ 'બેવફાઈ' ભર્યો વિચાર પોતાની અંદર જ એણે સમાવી દીધો હતો; પણ હવે તે ગભરાઈ ઊઠી. બાપુ પાસે તે દોડી ગઈ. તુરત જ ગાંધીજીએ બાઈના પતિને તેડવા માણસ મોકલ્યો. પેલો આશ્રમવાસી હુકમને તાબે થયો ને ગાંધીજી સમક્ષ હાજર થયો. ચિત્તભ્રમિત દશામાં પશ્ચાત્તાપથી એ સળગતો હતો. પોતાના પાપની હૃદયદ્રાવક વાત બાપુ સમક્ષ એણે કરી. જીવવા માટે લાયકાત રહી નહોતી એ માન્યતા પણ રજૂ કરી. ગાંધીજી એને બરાબર ઓળખતા હતા. એની મૂળભૂત નિર્બળતા ને બીકણવૃત્તિને એ બરાબર પિછાનતા હતા. અસીમ શાંતિથી એમણે એને સાંભળ્યો ને પેલાએ પાપ કર્યું હતું એ વાત સાથે તેઓ કબૂલ પણ થયા.

'પણ તેથી મરવું શા માટે?' એમણે પ્રશ્ન કર્યો. 'જીવતો રહે, પ્રાયશ્ચિત્ત કર, આત્મશુદ્ધિ કર અને છે એના કરતાં વધુ સારો માણસ બનને ?' 'નહિ, નહિ,' દુખિયારો બિચારો પોકારી

ઊઠ્યો: 'મારી જાતને હું શિક્ષા કરીશ. મેં આપનો ને બીજા ઘણાનો વિશ્વાસઘાત કર્યો છે. મારે માટે કોઈ આશા નથી, મારે મરવું જોઈએ.'

એક કે બે મિત્રો સામેલ થયા. એકે કહ્યું કે 'ગાંધીજીએ આવી મૂર્ખામીનો અંત લાવવો જોઈએ, અને આપઘાત ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ.' આ સાંભળીને 'પાપી' તો આશ્વાસન આપવા સમો પણ ન રહ્યો! બાપુ ક્ષણવાર વિચાર કરતા હોય તેમ જણાયા ને પછી કહ્યું:

'વારુ, હમણાં તો ઘેર જા. આના ઉપર ફરીથી વિચાર કરજે. ચોક્કસ રીતે હું માનું છું કે જીવનનો તારે અંત ન લાવવો જોઈએ. એના બદલામાં જાગૃતિપ્રેરક પ્રાયશ્ચિત્તનો ને સુધારણાનો કાર્યક્રમ હું તને આપી શકું. તેમ છતાંયે ઘણી જ ગંભીર વિચારણાને અંતે આવતી કાલે તું મારી પાસે આવે ને અત્યારની તારી મુરાદને જ ચુસ્તપણે વળગી રહે, તો વાત હું ફરીથી વિચારી જોઈશ.'

'રે, રે મને મરવા દો, મરવા દો મને.' પશ્ચાત્તાપ કરનાર વિલાપ કરી રહ્યો. ગાંધીજીએ ટૂંકમાં જ પતાવ્યું: 'ઠીક, હમણાં તો જા જ. મેં શું કહ્યું તે તને ખબર છે. પસંદગી કરવા માટે તું તદ્દન છૂટો છે.'

મંડળી વીખરાઈ. અત્યંત સંક્ષુબ્ધ અવસ્થામાં તે ચાલ્યો ગયો.

બીકથી ધ્રૂજતી પેલાની પત્ની તરફ બાપુ ફર્યા ને એના ભયને સાંત્વન આપ્યું:

'તારે ચિંતા કરવાનું કોઈ જ કારણ નથી. પોતાની જાતે એ નહિ મરી જાય. આજ રાતે અહીંઆં ગમે ત્યાં તું સૂઈ રહે, જેથી કરીને ઘર આગળ એના ધાંધલને કારણ આપનારું પાસે કોઈ હોઈ શકે નહિ.'

રાત પસાર થઈ. બીજી સવારે મોડા, પેલા કમનસીબ

ભાઈને ગાંધીજીની હાજરીમાં ખડા કરવામાં આવ્યા.

નમ્રતાથી હસતાં બાપુ બોલ્યા:

'હજી યે તું અમારી સાથે જ છે ત્યારે એમ ને? બહુ જ સરસ! અંદર આવીને બેસ નીચે.'

પાછળથી પોતાનાં પાપ ધોવા માટે મુશ્કેલ કાર્ય ને શિસ્તનો જે માર્ગ ગાંધીજીએ નક્કી કર્યો તેને આ ભાઈ તાબે થયા. અત્યારે તો એ આબાદીને પંથે છે ને ઉત્તમ કાર્ય બજાવી રહ્યા છે.

ગાંધીજીને ખાતરી જ હતી કે ભાઈ એટલા બધા બીકણ છે, કે કદી યે પોતાની જાતે મરી નહિ જાય; અને એ પણ ખાતરી હતી કે પેલો એટલો બધો ઉશ્કેરાયેલો હતો કે આપઘાત ન કરવા માટે એને સમજાવી શકાય તેમ નહોતું. તેમ કરવાનો એને સીધેસીધો પ્રતિબંધ કર્યો હોત, તો જાતે મરી જવાનો ચિત્તભ્રમિત દશાનો એનો મક્કમ નિર્ધાર વધુ મક્કમ બન્યો હોત. હા, ગાંધીજીએ જોખમ ખેડ્યું'તું ખરું, પણ પોતાના માણસને એ બરાબર પિછાનતા હતા!

[૧૧]

ગાંધીજી એક સારા શાળાશિક્ષક છે, જો કે એ પ્રકારના ધંધા માટે એમને પોતાને બહુ જ ઓછો સમય મળ્યો છે.

સાબરમતી આશ્રમ સાથે જોડાયલી એક શાળા હતી. આશ્રમપ્રણાલિકાની મર્યાદા અનુસાર સોટીનો ઉપયોગ કરવાની ત્યાં સદંતર બંધી હતી. પોતાના વર્ગમાં સોટી સાથે રમત ખેલવાની પણ શિક્ષકોને પરવાનગી નહોતી. અહિંસાના સિદ્ધાંત પર શાળા ચાલતી હતી. આ તો મોટો ગૌરવનો વિષય હતો; પરંતુ સપાટી ઉપરની આ શાંતિ ને આત્મસંતોષના ભીતરમાં કેટલીકવાર ખોટી વાતો બનતી. ઘણીઘણી વખત, સુધરતાં ન

હોય એવા કોક છોકરાને કે છોકરીને ઠીકઠીક ઝૂડવાનો અદમ્ય લોભ શિક્ષકોમાં જાગી ઊઠતો.

પણ આખરે તો છોકરાં તે છોકરાં જ! સહશિક્ષણના વર્ગમાં સ્વાભાવિક રીતે જ રમૂજ, ઠઠ્ઠામશ્કરી ને બાળકસહજ ઉદ્ધતાઈના બનાવો બનતા. ઉદ્ધત વિદ્યાર્થીનો હડહડતો અવિનય ગળી જઈ શકે એવા શિક્ષકની હજી તો શોધ થવી બાકી છે.

આ બધું બંધ કરવા માટે માલૂમ હતા તે બધા ય શિરસ્તા મુજબના અહિંસક દાવપેચો બાપડા શિક્ષકોએ અજમાવી જોયા. પરંતુ એ તોફાન એ રીતે શાંત પડી જ ન શક્યું; અને છતાં અહિંસાનો પરાભવ થયો છે એવો એકરાર કરવાની શિક્ષકોની ઇચ્છા નહોતી! કેટલાક બાળકોને આ રમૂજની ગંધ આવી ગઈ અને એ વાતની પુષ્કળ ઠેકડી તેઓ ઉડાવતા. અંતે કંટાળીને એક કે બે શિક્ષકોએ બધી યે હકીકત ગાંધીજી સમક્ષ રજૂ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો; કારણ કે અંતે ગાંધીજી સમક્ષ સર્વ મુશ્કેલીઓ રજૂ થતી—અરે, સામાન્ય જ્ઞાન વાપરવાથી જે સામાન્ય વાતનો તોડ આવી શકે એમ હોય તેવી સાદી વાતો પણ! પણ આ તો ખરેખર અસામાન્ય કોયડો હતો. એટલે ગાંધીજીના ખંડમાં શિક્ષકોની એક સભા યોજાઈ. આખી યે વાત બહાર નીકળી પડી. પરંતુ મસલતોનું પરિણામ સૌ કોઈને આશ્ચર્ય ઉપજાવે એવું આવ્યું. ગાંધીજીએ શિક્ષકોને સલાહ આપી, કે તેમને માટે માત્ર બે જ માર્ગ ખુલ્લા હતા. કોઈ એક ખાસ કિસ્સામાં બધી યે અહિંસક પદ્ધતિઓ દ્વારા છોકરાંને સુધારવા માટે શિક્ષક પોતાનાથી બનતું બધું યે કરી ચૂક્યો હોય પણ જો કશું ય પરિણામ ન આવ્યું હોય તો સાચા દિલથી તે શિક્ષક માનતો હોય, કે આ પ્રસંગમાં હિંસક ઉપાયો સફળ થશે, તો કોઈ પણ જાતના લાગણીવેડા વિના શિક્ષકે સોટીનો છૂટથી ઉપયોગ કરવો. એથી ઊલટું, શિક્ષકો જો એકમત થાય

કે તે સોટીના ઉપયોગથી તો માત્ર તાત્કાલિક જ સુધારો લાવી શકશે ને અંતે એ ઉપાય લાભ કરતાં હાનિ વિશેષ કરશે, તો શિક્ષકની એ ફરજ છે કે અહિંસક પદ્ધતિ દ્વારા પોતે કરી શકે તે બધુંય કરી છૂટવું. પણ આમ કરતાં જો એ નિષ્ફળ જાય તો પછી પોતાના હોદ્દા પરથી એણે રાજીનામું આપવું. એક શિક્ષકે પોતાનો મુદ્દો પકડી રાખ્યો. એણે કહ્યું કે પોતે અખૂટ ધીરજ રાખી ચૂક્યો છે ને અમુક એક ખાસ વિદ્યાર્થીના સંબંધમાં શક્ય તે સર્વ અહિંસક ઉપાયો યોજ્યા છે; પરંતુ એની કશી યે અસર થઈ નથી. એનું માનવું હતું કે સખત મારપીટને અંતે છોકરો સુધરે ખરો. એ શિક્ષકને બાપુ બરાબર ઓળખતા હતા. તુરતાતુરત જ એમણે જવાબ વાળ્યો, કે શિક્ષકને પોતાના પ્રયોગમાં આગળ વધવાની પોતે રજા આપે છે. કેટલાક આદર્શવાદીઓ તો ડઘાઈ જ ગયા! અહિંસાને ભોગે ગાંધીજીએ સમાધાન કર્યું! ન માની શકાય એવી વાત હતી; પણ શિક્ષક તો આગળ વધ્યો જ. સારો એવો સોટીનો ચમચમાટ એણે વિદ્યાર્થીને ચખાડ્યો. સત્યાગ્રહ આશ્રમમાં આ તો એક જબરદસ્ત ક્રાંતિકારી પગલું હતું! પરંતુ શિક્ષકના મત પ્રમાણે તો તે પેલો વિદ્યાર્થી સુધર્યો હતો. ગાંધીજી કંઈ જ ન બોલ્યા. પોતાના વિચાર એમણે પોતાની પાસે જ રાખ્યા.

કેટલાંક અઠવાડિયાં બાદ પેલા શિક્ષકે કબૂલ કર્યું, કે પોતે એક કરતાં વધારે વાર સોટીનો ઉપયોગ કર્યો હતો; પરંતુ તાત્કાલિક લાગતી વિદ્યાર્થીની સુધારણા ભ્રામક નીવડી હતી; અને હવે તો વધુ જડ વિદ્યાર્થી સાથે કામ લેવાનું આવી પડ્યું હતું. પણ પ્રયોગ હજી પૂરો થયો નહોતો. વધુ દૃઢ માન્યતા સાથે શિક્ષકે અહિંસક પદ્ધતિને પાછી અપનાવી. પહેલા કરતાં એને સુધારવામાં એણે વધુ દિલ રેડીને કામ કર્યું. એકે વખત સોટી અજમાવ્યા વિના પેલા વિદ્યાર્થી ઉપર એણે ખાસ

ધ્યાન આપવા માંડ્યું. પુનર્જન્મેલી આ મમતાનો વિદ્યાર્થીએ ઉમદા પડઘો પાડ્યો અને ઝડપી સુધારો બતાવ્યો. જો કે તેમ છતાં યે એવા યે થોડા શંકાશીલ વિરોધીઓ હતા, જેમણે ટીકા કરી કે પાછળથી બતાવવામાં આવેલી બધી દયા કરતાં વિદ્યાર્થીને સુધારવામાં સાચેસાચ તો સોટીના મારે જ વધુ અગત્યનો ભાગ ભજવ્યો હતો! પણ જેના કરતાં અહિંસકનો વધુ મહાન કોઈ ધર્મદૂત નથી એવા ગાંધીજી બધી યે વાત વધુ સારી રીતે જાણતા હતા!

[૧૨]

પ્રત્યેક શાંતિનિકેતનવાસીની ઉત્કંઠાનો આજે પાર નથી. શિક્ષકો ને વિદ્યાર્થીઓ, નર ને નારી, ખુદ ગુરુદેવ રવીંદ્રનાથ ટાગોર સુદ્ધાં યે અત્યંત ઉત્સુક જણાતા હતા. પંડિત જવાહરલાલ નહેરુ સાથે ગાંધીજી શાંતિનિકેતનની ત્રણ દિવસની મુલાકાતે આવતા હતા.

અતિથિગૃહ તુરતનું જ તૈયાર થયું હતું. ગાંધીજીનાં દર્શન કાજે આસપાસનાં ગામોમાંથી લોકોનાં ટોળેટોળાં ચોક્કસ ઉભરાવાનાં ને શાંતિનું નિવાસસ્થાન-શાંતિનિકેતનની શાંતિ ને સ્થૈર્યનો ભંગ થવાનો; એટલે બંદોબસ્ત ને વ્યવસ્થા કાજે એક સ્વયંસેવકદળ પણ ઊભું કરવામાં આવ્યું હતું. ગુરુદેવની સુંદર નાની કુટીર આગળ મહાત્માજી તથા પંડિતજીનું સ્વાગત થવાનું હતું. સ્વાગત બાદ, હૈયાના તાર રણઝણાવી મૂકે એવાં શાંતિનિકેતનનાં કર્ણમધુર ગીતો ગાતાં વિદ્યાર્થીઓ ને વિદ્યાર્થિનીઓ સાથે ગાંધીજીને સરઘસ આકારે અતિથિગૃહ સુધી લઈ જવાના હતા.

અતિથિગૃહમાં એક ખંડ ગાંધીજી માટે ખાસ અલાયદો રાખવામાં આવ્યો હતો. નંદલાલ બોઝના હાથ નીચે તાલીમ

પામેલા તથા શાંતિનિકેતનના સુપ્રસિદ્ધ 'કલાભવન'ના સર્વ કુશળ કળાકારોએ એ ખંડને સંસ્કાર્યો–સજાવ્યો હતો. અને શી મોહક સુંદરતા એમણે ઊભી કરી હતી! ઉપયોગમાં લીધેલી વસ્તુઓ તો સાવ સાદી હતી. તરુપલ્લવ, ફૂલ, ચીતરેલી કાદવની ફૂલદાની ને હાથે છાપેલી ખાદી; પણ એટલાથી યે આ ખંડની સુંદરતાનું પાન કરનાર પ્રેક્ષક 'વાહ!' પુકારી ઊઠે.

વહેલા પ્રભાતે ગાંધીજી આવ્યા. જવાહરલાલ, મહાદેવ દેસાઈ તથા ખાદીપ્રતિષ્ઠાનના* સતીશબાબુ પણ એમની સાથે હતા.

ગુરુદેવની કુટીર આગળનો સ્વાગત–સમારંભ ભવ્ય હતો. શાંતિનિકેતનના શિરસ્તા પ્રમાણે વૈદિક ઠાઠમાઠથી એ કરવામાં આવ્યો હતો. ખુદ ગુરુદેવે જાતે ગાંધીજીના કપાળ ઉપર ચંદન ને કુમકુમનાં અર્ચન કર્યાં અને અતિથિને ભેટ્યા. સ્ત્રીઓએ 'લુ લુ લુ લુ'નો જયઘોષ કર્યો. આ પ્રસંગની સમાપ્તિ બાદ ખુદ ગુરુદેવ મંડળીને અતિથિગૃહે દોરી ગયા. પ્રત્યેકને પોતપોતાનો અલાયદો નિવાસખંડ બતાવી દેવામાં આવ્યો.

બાપુ માટે જ અલગ તૈયાર કરેલ ખંડમાં ગુરુદેવ એમને લઈ ગયા. ઊમરામાં અંદર દાખલ થતાં જ આ અદ્‌ભુત સજાવટ પ્રતિ ગાંધીજીએ દૃષ્ટિ કરી ને તુરત તેઓ ખિલખિલાટ હસી પડ્યા.

'અરે, આ બધું શું?' એમણે કહ્યું: 'આ રંગમહેલમાં હું ક્યાંથી?' ગુરુદેવ પણ વિનોદમાં સામેલ થયા બોલ્યા:

'બાપુ, આપ એક કવિના નિવાસ–સ્થાનમાં છો એ વીસરશો નહિ.' પણ એમ કંઈ ગાંધીજી ઓછા જ મચક આપે? 'પણ આ રંગમહેલમાંની 'કન્યા' ક્યાં છે?' અદમ્ય આનંદ સાથે એમણે પ્રશ્ન કર્યો.

---

* મુખ્યત્વે ખાદી તૈયાર કરનારી તથા એકંદરે ગ્રામસેવા કાજેની કલકત્તાની એક મોટી સંસ્થા.

નારીસમાજ ત્યાં હાજર હતો. એમના મુખ પર લજ્જા ફરી વળી. પરંતુ ગુરુદેવનો ઉત્તર પણ તૈયાર જ હતો.

'સદાયની નવયૌવના–અમારા હૈયાની મહારાણી આ 'શાંતિ-નિકેતન' આપનું સ્વાગત કરે છે.'

'પણ ખરેખર દાંતવિહોણા આ અકિંચન સામે બીજીવાર જોવાની એ યૌવના દરકાર સરખી યે લેશે ખરી કે?'

'કેમ નહિ જુએ?' ગુરુદેવે પ્રત્યુત્તર વાળ્યો: 'આજે કેટલાં યે વર્ષોથી અમારી રાણીને સત્ય પર અપાર સ્નેહ છે–લાંબાંલાંબાં આ વર્ષો દરમિયાન મુક્તમને એણે સત્યની પૂજા કરી છે.'

'બરાબર,' બાપુ બોલ્યા: 'ત્યારે તો પડેલા દાંતવાળા આ બુઢ્ઢા માટે યે થોડી આશા જેવું ખરું, નહિ?'

અને આવા જ સામસામા વિનોદ બાદ ગુરુદેવે માનવંતા મહેમાનોની વિદાય લીધી. અતિથિઓએ પોતપોતાના સરસામાનની વ્યવસ્થા કરવા માંડી.

બીજે દિવસે વહેલે પરોઢિયે અતિથિઓનાં સુખ–સવલત સચવાયાં છે કે નહિ તે જોવા માટે યજમાનસહજ કાળજી લઈ, ગુરુદેવ અતિથિગૃહ તરફ ગયા. એમના મહેમાનો તો ક્યારના યે જાગી ગયા હતા. સવારના સાડાચારે ગાંધીજી અને એમની મંડળીએ શિરસ્તા પ્રમાણેની પ્રાર્થના પૂરી કરી હતી. એટલે ગુરુદેવ ત્યાં પહોંચ્યા ત્યારે દરેક નિજનિજના કાર્યમાં તલ્લીન બની ગયું હતું. હાથપીંજણથી રૂ પીંજવાની કળા સતીશબાબુ વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને પ્રત્યક્ષ કરી બતાવતા હતા. હાથપીંજણનો અવાજ ગુરુદેવને સુમધુર વાદ્ય સમો કર્ણપ્રિય લાગ્યો.

એટલે જ સતીશબાબુને એમણે પ્રશ્ન કર્યો: 'આશ્રમબાળાને ને સિતારને શરમાવવાનો બેત રચ્યો છે કે શું?'

બીજું એક ટોળું મહાદેવ દેસાઈને વીંટળાઈ વળ્યું હતું. આ યુવાનોને મહાદેવભાઈ સૂતર કાંતવાનું શીખવતા હતા.

નિરીક્ષણ કરતાકરતા ગુરુદેવ મહાત્માજીના ખંડ આગળ આવી પહોંચ્યા. રે, રે, પણ એમણે શું જોયું ? સજાવટનો સઘળો શણગાર અસ્તવ્યસ્ત વેરાયેલો પડ્યો હતો. ગાંધીજી હમેશ ખુલ્લામાં જ સૂતા હોવાથી બહાર અગાશીમાં ખુલ્લા આકાશતળે એમના પલંગને લઈ જવામાં આવ્યો હતો. માટીની ફૂલદાની ને પલ્લવો સર્વ કંઈ ખૂણામાં ધકેલી દેવામાં આવ્યું હતું. એને બદલે તે સ્થાને ચરખા ને ફાઈલોનો ઢગલો પડ્યો હતો.

હવે મશ્કરી કરવાની તક ગુરુદેવને મળી.

ઢોંગ કરતા ગભરાયેલા સ્વરે એ બોલ્યા :

'હરે રામ! હરે રામ! અહીંનો રંગમહેલ તે ગયો ક્યાં? વરરાજા તો જાણે અહીં દેખાય છે-પણ વહુરાણી બિચારાં કંઈ ભાગી ગયાં કે શું?'

ગુરુદેવના સત્કાર કાજે ઊભા થતા ગાંધીજીએ ખડખડાટ હસતાં મજાકનો ઉત્તર વાળ્યો :

'મેં પહેલાં જ તમને ચેતવણી નહોતી આપી, કે આ કન્યા મારા જેવા દાંતવિહોણા બુઢ્ઢા સામે જોવાની દરકારેય નહિ કરે?'

આવા જ સ્તુત્ય વિનોદના સામસામા ઉત્તર ને પ્રત્યુત્તર થતા રહ્યા. આપણને એમ લાગે જાણે દેવો જાતે જ સંતાઈને સાંભળતા નહીં હોય!

ગાંધીજી વિરુદ્ધનગરથી આવતા હતા. તે સાંજે નમતે પહોરે મદુરા શહેરમાં તેઓ સુબ્બરાયનને ઘેર ઊતરનાર હતા. યજમાનના ઘર આગળના માર્ગમાં જનતાની ભીડ જામી હતી. મહાત્માજીના તામીલનાડના હરિજનપ્રવાસનો એ પ્રસંગ હતો. મદુરામાં એક દિવસ રોકાયા બાદ દેવકોટા જવાનો એમનો કાર્યક્રમ હતો. નિયત સમય કરતાં પોતાની મંડળી સાથે ગાંધીજી ઘણા જ મોડા આવ્યા. રસ્તામાં મોટર બગડી હતી એટલે આમ થયું હતું; અને અંતે જ્યારે એ પધાર્યા ત્યારે ઘેલી બનેલી જનતાએ હર્ષનાદથી એમને વધાવી લીધા. પણ ગાંધીજી અત્યંત થાકી ગયા હતા. તુરત જ વિશ્રામ લેવાની એમને ઇચ્છા થઈ આવી; છતાં રિવાજ મુજબ વળતા દિવસનો કાર્યક્રમ એમણે જોવા માગ્યો. કાર્યક્રમ ઉપર એ નજર નાખતા હતા ને દેવકોટાના શ્રી. રંગસ્વામી આયંગરના આગમનના સમાચાર આવ્યા. દેવકોટાના હરિજનસેવક સંઘના એ પ્રમુખ હતા. મદુરાના એક દિવસના રોકાણ પછી ગાંધીજી દેવકોટા તો જનાર જ હતા; પરંતુ દેવકોટાના કાર્યક્રમની વિગતોથી મહાત્માજીને વાકેફ કરી તુરત એ પાછા ફરનાર હતા. શ્રી. આયંગરને એકદમ ગાંધીજી સમક્ષ લઈ જવામાં આવ્યા. હરિજનોદ્ધાર ફંડમાં ખુદ આયંગરે જ રૂ. ૧૦૦૦નું દાન કર્યું હતું.

આ વાતથી ગાંધીજી ખૂબખૂબ રાજી થયા ને હસતાંહસતાં ટકોર કરી: 'ત્યારે તો તમારા પોતાના દાનને યોગ્ય જ દેવકોટાની તમારી થેલી ભરચક હશે!' ને પછી આરામ કરવા જતાંજતાં જ કહ્યું:

'મદુરામાં બીજા એક વધુ દિવસની વિશ્રાંતિ મળે એવી મારી ઇચ્છા છે. આ પ્રવાસે તો મને ગજબનો થકવી નાખ્યો!'

આ સાંભળીને શ્રી. આયંગરમાં ઉદારવૃત્તિ જન્મી. ક્ષતિ પ્રતિ મોટું દિલ રાખવાની એમની રીતિથી એ ઘણા જ જાણીતા હતા; અને થાકેલા ગાંધીજીને જોતાં જ એમને ઘણો સંતાપ થયો. કહ્યું:

'બાપુજી, મદુરાનો કાર્યક્રમ પતાવી મહેરબાની કરી વધુ એક દિવસની વિશ્રાંતિ આપ લો જ. આપણે એક દિવસ કાર્યક્રમ મોકૂફ રાખીશું.'

આશ્ચર્યચકિત થતા ગાંધીજી બોલ્યા: 'શું સાચે જ તમે એ કરી શકશો? સારા યે દિવસની તમારી યોજના એથી ભાંગી તો નહિ પડે ને? મારી તકલીફનો તમે ખ્યાલ ન કરશો. સાચી વાત છે, હું થાકયો છું પણ તેમ છતાં યે મદુરા પતાવી તમારે કામે તુરત જ હું હાજર થઈશ.' ને પછી ખંધું હસતાંહસતાં ઉમેર્યું: 'અને જુઓ, મારા જેવાને કામવગરનો બેસાડી રાખવો ઠીક નહિ હં!'

પરંતુ શ્રી. આયંગરે બાપુને ખાતરી આપી, કે એક દિવસ મોડું થવાથી કંઈ ઝાઝી ઊથલપાથલ થઈ જવાની નથી; અને અત્યંત જરૂરી એવી વિશ્રાંતિ લેવા માટે એમણે ગાંધીજીને દબાણ કર્યું.

આભાર સહિત એમની માગણી ગાંધીજીએ વધાવી લીધી ને પોતે વિશ્રાંતિ માટે ગયા. શ્રી. રંગસ્વામી જલદીથી દેવકોટા પાછા ફર્યા.

બીજે દિવસે સવારે ગાંધીજી નાસ્તાને ન્યાય આપતા હતા, ત્યારે રોષે ભરાયેલા લોકોનું એક નાનું સરખું પ્રતિનિધિમંડળ એમની સમક્ષ હાજર થયું. તળ દેવકોટાના એ સર્વે નાગરિકો હતા. એ સૌ ગાંધીજીને ભારપૂર્વક જણાવવા માગતા હતા, કે 'દેવકોટા માટેનો નક્કી કરેલો કાર્યક્રમ આમ પાછો ઠેલી શકાય નહિ. એમ થશે તો ગામસમસ્તના નગરજનોને ઘણી જ અગવડ વેઠવી પડશે.'

ગાંધીજીના મુખ પર રમૂજની રેખા ચમકી રહી. એમણે કહ્યું : 'પણ ક્યાં છે તમારા ભલા પ્રમુખસાહેબ ? એમણે જ તો મને એક દિવસની છૂટી આપી છે !' ને પછી ઉમેર્યું: 'પણ આ માટે તમે એમને ફાંસીએ ચઢાવ્યા કે નહિ ?'

આ નર્મથી મોટેથી હસાહસ થઈ રહી.

'એક દિવસની છૂટી માટે મેં માગણી કરી નહોતી.' ગાંધીજી બોલ્યા: 'પણ તમારા પ્રમુખસાહેબે જોયું, કે હું ઘણો જ થાકેલો લાગતો હતો; એટલે એક દિવસની એમણે મને વિશ્રાંતિ આપી ! એમની આ ઉદારતાનો લાભ ઉઠાવવો યોગ્ય નહોતો એ હું જાણતો હતો. તમે લોકોએ જરા ઓછા ઉદાર ને વધુ મક્કમ પ્રમુખને મોકલ્યા હોત, તો આ ભૂલ બનવા પામત નહિ.'

ચારે બાજુ વધુ હસાહસ થઈ રહી.

દેવકોટાના મૂળ કાર્યક્રમને જ ગાંધીજી વળગી રહ્યા. બિલકુલ સમયસર ગાંધીજી જાહેર પ્રવચન કાજે હાજર રહ્યા. હરિજન ફંડ માટે એક બહુ મોટી થેલી એમને અર્પણ કરવામાં આવી.

લોકોનો વળતો આભાર માનતી વખતે એમણે મદુરાના પ્રસંગનો ઇશારો કર્યો: 'આપની આ ઉદાર રકમની તુલના એકમાત્ર તમારા પ્રમુખની ઉદારતા સાથે જ સરખાવી શકાય. આપને યાદ હશે કે એમણે જ મને એક દિવસની છૂટી આપી હતી. પ્રતિનિધિમંડળે આવીને મારી આ રજા ભંગાવી નાખી, એનો બદલો તો આ થેલીમાં ભારોભાર ભર્યો છે ને ?'

નર્મયુક્ત આ વિનોદના જવાબરૂપે માનવમેદિનીએ ખડખડાટ હાસ્યના પડઘા પાડ્યા. અને દરેકના આનંદમાં ગાંધીજી પણ ભળી ગયા હતા !

[૧૪]

ઈ. સ. ૧૯૨૫ના ગાળામાં એક ચીની વિદ્યાર્થી હિંદમાં આવ્યો. ટાગોર તથા ગાંધીજી વિષે એણે સાંભળ્યું હતું. જાતે એ કવિ હતો ને વળી પ્રતિભાશાળી લેખક પણ હતો. ટાગોરના શાંતિનિકેતનના વિશ્વભારતીમાં દાખલ થયા પછી થોડા જ સમયમાં એ સૌને પ્રિય થઈ પડ્યો. વાતાવરણ આમ પ્રોત્સાહજનક હતું, ત્યાં એને માટે એક મોટી વિપત્તિ આવી પડી. આ વિદ્યાર્થી જાસૂસ છે, એમ ત્યાંના લોકોને સંશય પડ્યો. એના પર ચાંપતી દેખરેખ રખાઈ, પણ એથી તો એ એટલો બધો અસ્વસ્થ થઈ ગયો, કે શાંતિનિકેતન છોડી જવાનો એણે નિર્ધાર કર્યો. પણ આવી અણજાણ ભોંમમાં એ જાય પણ ક્યાં? ગાંધીજીને એક સવિસ્તર પત્ર લખી મોકલી પોતાની સઘળી વ્યથા અને દુઃખ એણે ઠાલવ્યાં.

દેશબંધુ ચિત્તરંજન દાસના સ્મારક ફંડના ફાળા માટે ગાંધીજી તે દિવસોમાં કલકત્તા આવ્યા હતા. દસ લાખ રૂપિયા ભેગા કરવાનો બોલ એમણે દેશ સમક્ષ નાખ્યો હતો; અને એ માંગ પૂરી પણ થતી હતી. જવાબમાં ગાંધીજીના મંત્રી સ્વ. મહાદેવ દેસાઈએ આ યુવાન ચીનવાસીને કલકત્તા આવી, ગાંધીજીને મળી જવા જણાવ્યું. લગીરે સમય ગુમાવ્યા વિના ગાંધીજી સમક્ષ આવી એ ઊભો રહ્યો.

બાપુએ સીધેસીધું આંખમાં આંખ પરોવી એનું નિરીક્ષણ કર્યું, ને પછી પ્રેમાળ સ્વરે એમણે પૂછ્યું:

'એમ કેમ થયું ભાઈ? શાંતિનિકેતનવાસીઓ તો મારા ખાસ મિત્રો છે. પરરાષ્ટ્રના અતિથિઓનો સદા યે એ લોકો સારો આદરસત્કાર કરે છે. શા માટે તારા પર શંકા લાવ્યા? ખરેખર

શું તું જાસૂસ છે ?'

છાપ પડે એવી સ્પષ્ટતાથી ચીની યુવાને ઉત્તર વાળ્યો :

'ત્યાંના લોકો તો ખરેખર સજ્જન છે. શાંતિનિકેતનમાં મને સરસ ગોઠી ગયું. પણ મારે વિષે કોઈએ એમના કાનમાં ઝેર રેડયું હશે. પરંતુ એમની આ શંકાભરી વર્તણૂકથી મને અત્યંત દુઃખ થયું છે. જાસૂસ તો હું નથી જ. કેવળ હિંદ વિષે અભ્યાસ કરનારો હું તો એક જિજ્ઞાસુ વિદ્યાર્થી છું.'

'તારા શબ્દ પર મને વિશ્વાસ છે.' બાપુજી બોલ્યા : 'તારો જામીન બનીને પુનઃ તને શાંતિનિકેતન મોકલી આપું ? તારી પ્રામાણિકતા વિષેના મારા કથનને તેઓ જરૂર માન આપશે'

યુવાનનું પારખું એમણે કરી લીધું હતું. ગાંધીજીનું મન એણે હરી લીધું હતું. ચીની યુવાન પર આની ભારે અસર થઈ. આંખમાંથી દડદડ આંસુ પડ્યાં.

'મહેરબાની કરી આપની પાસે મને રાખો,' કાકલૂદી કરતો એ બોલ્યો : 'આપના સહવાસનો લાભ મળે એટલા માટે આશ્રમમાં દાખલ થવાની મને રજા આપો.'

હરહમેશના સ્મિત સાથે ગાંધીજી બોલ્યા :

'જો ભાઈ, શાંતિનિકેતન કરતાં યે મારા આશ્રમની શિસ્ત વધુ કડક છે. અભ્યાસની સાથે તારે અમારે ત્યાં ભારે શારીરિક શ્રમ પણ ઉઠાવવો પડશે.'

પણ તુરત જ જવાબ આવ્યો :

'ચીની લોકોને સતત કામ કરવાનો મહાવરો હોય છે. એનો મને ભય નથી, બાપુ !' ગાંધીજીએ ત્યારે એને સંમતિ આપી. પરંતુ એના ચીની નામનો ઉચ્ચાર થઈ શકતો ન હોવાથી આશ્રમના ઉપયોગ માટે બે હિંદી નામમાંથી એક

પસંદ કરવાનું ગાંધીજીએ એને કહ્યું. એણે નામ અપનાવ્યું 'શાંતિ'. ભારતવર્ષની સઘળી એ મુસાફરી દરમિયાન પોતાનું નામ એણે 'શાંતિ' જ રાખ્યું.

સાબરમતી આશ્રમમાં શાંતિ દાખલ થયો. અગાઉ શાંતિનિકેતનમાં એ સૌનો પ્રિય થઈ પડ્યો હતો તેમ અહીં પણ દરેકનું એ પ્રિયપાત્ર બની રહ્યો. હૃદય એનું બાળકનું હતું. ગમ્મતનો જાણે સાગર હતો. વિશેષ કરીને નાના બાળકોને એનું ઘેલું લાગ્યું. નાનીનાની નજીવી ચીજોમાંથી હજાર જાતનાં રમકડાં એ તૈયાર કરી શકતો.

રસોઇઘરનું પાણી ભરવાનું ને કપડાં ધોવાનું કાર્ય શાંતિને સોંપવામાં આવ્યું હતું; અને સાચે જ કાંતવાનું તો સાવ નજીવા સમયમાં જ તે શીખી ગયો. હાથકૌશલ્યમાં ચીની પ્રજા અત્યંત પ્રવીણ હોય છે.

મહિનાઓ પસાર થતા ગયા તેમ તેમ શાંતિમાં સૂક્ષ્મ પરિવર્તન થતું ગયું. વધુ ને વધુ સખત કાર્ય એ કરતો ગયો. એકે કામ એવું નહોતું જે એ કરતો ન હોય. અરે, ખુદ ભંગીકાર્યની ટુકડીમાં પણ એ દાખલ થયો. ગાંધીજીનાં સર્વ લખાણોનો પણ એણે કાળજીપૂર્વક અભ્યાસ કર્યો ને એક દિવસ એ પણ લખવા બેસી ગયો. પાનાંનાં પાનાં એ ભરતો ગયો, ને ધીમેધીમે એની સમીપમાં પાનાંનો એક ગંજાવર ઢગલો ખડકાઈ ગયો.

રાત ને દિવસ સખત મહેનત કરી કાગળ પર શેના અક્ષરો એ માંડી રહ્યો હતો? લાંબે ગાળે, અંતે એ કાર્ય એણે પૂરું કર્યું. સુઘડતાથી કાગળો સરખા ગોઠવ્યા, ટાંકણી મારી ને ગયો એ બાપુજીના ખંડમાં. પરિણામે ગાંધીજીને જે કંઈ કહ્યું તે આ રહ્યું :

'બાપુજી, ટૂંકમાં આ પાનાંઓ પર મારી જિંદગીને મેં જીવતી કરી છે. હિંદમાં આવી પહોંચ્યો તે અગાઉ હું સિંગાપુર

હતો. સેંકડો ચીની યુવકોની માફક હું પણ ત્યાં દુષ્ટ ને જંગલી જીવન ગાળતો હતો. આપની સમક્ષ મોકળેમને હૈયું ખોલવાની મને અદમ્ય પ્રેરણા જાગી છે. કૃપા કરી આખી યે પ્રત વાંચી જાઓ: અંતઃશુદ્ધિ અર્થે દસ દિવસના ઉપવાસ કરવાની મને પરવાનગી આપો; અને ઉપવાસને અંતે આપની સમક્ષ મારે કેટલીક પ્રતિજ્ઞાઓ પણ લેવી છે.'

ગાંધીજીને ભારે આશ્ચર્ય થયું. એક જ ઝબકારે એ જાણી ગયા કે શાંતિ આધ્યાત્મિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હતો.

બાપુએ કહ્યું :

'હું જોઈ શકું છું, કે તારું ચરિત્રલેખન તો છે ઘણું જ મોટું; છતાં સમય મેળવી વાંચી જઈશ. તેં જે લખ્યું છે તેનો હું અભ્યાસ ન કરી લઉં, ત્યાં સુધી ઉપવાસ તારે ન કરવા. ઉપવાસ તો માનવીનું એક ગંભીર શસ્ત્ર છે. એને કાજે યોગ્ય પાત્રતા મેળવવી પડે. તારે શેની જરૂર છે તે મારે પહેલાં શોધી કાઢવું પડશે.'

હસ્તપ્રત વાંચવા માટે ગાંધીજીએ સમય ફાજલ પાડ્યો. ખુલ્લે દિલે લખેલી ચીની યુવાનની આ કબૂલાતથી એમનું મન દ્રવી ઊઠ્યું. આશ્રમના જીવને એનામાં આત્મનિરીક્ષણ, પશ્ચાત્તાપ ને જાતસુધારણાની વૃત્તિ જગાડી હતી.

શાંતિને એમણે બોલાવી મંગાવ્યો. ઊંડી સમજ, સદ્ભાવ ને દયાથી એમણે શાંતિ સાથે વાતો કરી, ને ઉપવાસની પરવાનગી આપી. દસ દિવસ સુધી શાંતિ માત્ર પાણી ઉપર જ ટકી રહ્યો. આ પગલું ચીનવાસી માટે એક ભયંકર કસોટી સમાન હતું; કારણ ચીનાઓ મૂળ સ્વભાવથી જ ભોજનપ્રિય હોય છે; છતાં શાંતિ હિંમતપૂર્વક ટકી રહ્યો. ઉપવાસના દિવસોમાં નિત્ય

ગાંધીજી એની મુલાકાતે જતા, ને એની સાથે પંદરથી વીસ મિનિટ સુધી બેસતા, વાતો કરતા. રોજિંદા આ વાર્તાલાપમાં શું શું બન્યું હશે એની કોઈને જાણ નથી, પણ શાંતિ અત્યંત સુખી જણાતો. સદાચારનો સાચો અર્થ ને એનું મૂલ્ય તથા પ્રતિજ્ઞાની પવિત્રતા વિશે ગાંધીજીએ જરૂર એને ઉપદેશ આપ્યો હશે. હૃદયની સાચી ને સહજ આત્મપ્રતીતિ વિના કોઈ પણ પ્રતિજ્ઞા ન કરવી જોઈએ એમ હમેશાં ગાંધીજી માનતા આવ્યા છે. ભાવાવેશની પળોમાં સહેજસહેજમાં લીધેલી પ્રતિજ્ઞાઓ સાવ નકામી ને નિરુપયોગી બની રહે છે. દસ દિવસના ઉપવાસને અંતે શાંતિએ કેટલીક પ્રતિજ્ઞાઓ લીધી. હવે એની દૃષ્ટિ ખૂલી ગઈ હતી.

પ્રતિજ્ઞાઓ પળાઈ. એની બે નકલો થઈ. બંને પર શાંતિએ સહી કરી. સાક્ષી તરીકે ગાંધીજીએ પણ સહી કરી. ગાંધીજીએ એક નકલ પોતાની પાસે રાખી, બીજી નકલ શાંતિ સાથે લઈ ગયો.

આ પ્રસંગ પછી શાંતિ સદા યે કહેતો :

'શિર પરનો જબરદસ્ત બોજ જાણે પાછળ મૂકીને આવ્યો હોઉં, એવી દશામાં મેં એ સ્થાન છોડયું હતું!'

થોડા દિવસો બાદ શાંતિ સ્વદેશ પાછો ફર્યો. એણે ત્યાં એક વર્તમાનપત્ર ચલાવ્યું. તંત્રી તરીકે હમેશ એ 'શાંતિ' તરીકે જ સહી કરતો. ગાંધીજીને ચીની પ્રજા સમક્ષ રજૂ કરવાના એને કોડ હતા.

[૧૫]

સેવાગ્રામના અતિથિગૃહને ઓટલે અમે હતા ને એ ભાઈ આવ્યા. ઓટલાનો એ ખૂણો અમ આશ્રમવાસીઓને અત્યંત પ્રિય છે. ઘણી વખત ત્યાં બેસી અમારી ગંભીર ધર્મસભામાં અમે જગતના સહેલાઈથી ન વિચારી શકાય એવા કેટલા યે પ્રશ્નોની વિચારણા કરી છે.

આવો જ એક પ્રસંગ હતો ત્યારે એ ભાઈ આવ્યા. કોઈ એક પ્રાંતમાંથી એ આવ્યા હતા અને સારી એવી ખ્યાતિ પણ પામ્યા હતા.

અમારી વચમાં એ બેઠા ન બેઠા કે તરત જ એમના વિશિષ્ટ જુસ્સાથી વાર્તાપ્રવાહમાં પોતે ઝંપલાવ્યું:

'અમે તો ભાઈ, અમારા પ્રાંતમાં ગાંધીજીને દેવ તરીકે પૂજતા નથી. નહિ, નહિ, કદી યે નહિ.'

પ્રભાવ પડે એ રીતે એ બોલ્યા.

'હા, અમે એમને નેતા તરીકે માનીએ છીએ ખરા; પરંતુ અત્યારની એમની નેતાગીરીથી તો જાણે સંપૂર્ણ રીતે અસંતુષ્ટ જ છીએ!'

આ ઉપરાંત એમને તો ઘણુંઘણું કહેવાનું હતું અને બધી યે વાતો એમણે ઉચ્ચારી ખરી—કેમ જાણે એનો સાક્ષાત્કાર ન થયો હોય! વાતોની ઊંડી અસર પડી હતી એ રીતે મુખભાવ જણાવ્યા વિના અમારાથી બીજું થઈ પણ શું શકે એમ હતું?

બાપુ સાથે ખુલ્લા દિલની વાતો માટે ને ઘણાઘણા પ્રશ્નોની ચર્ચા કાજે એ આવ્યા હતા, એમ એમણે જણાવ્યું. આથી તો અમારા ઉપર ભારે અસર થઈ હોય એમ જણાયું; અને એમના મુખ ઉપર આનંદઆનંદ છવાઈ રહ્યો હતો.

'અમારી બાજુ અમારા પ્રાંતમાં અમે બધા લોકો ક્રાંતિકારી જ છીએ.' આ વચનો કાઢતી વખતે એમના સ્વરમાં પણ જાણે પડકાર હતો: 'અને સત્તા ઝૂંટવી લેવા અમે ઉત્સુક છીએ.'

સંબંધ ઉપરથી વચનોનો અર્થ તો દીવા જેવો સાવ સ્પષ્ટ હતો. એમની દૃષ્ટિએ ગાંધીજી યોગ્ય પ્રમાણમાં ક્રાંતિકારી નહોતા–ભારતની સ્વતંત્રતા કાજે બાપુ અત્યંત ધીમી ગતિએ પ્રયાણ કરી રહ્યા હતા!

બાપુ સાથે એમની મુલાકાત માટે નમતા પહોરનો સમય નક્કી કર્યો હતો. મુલાકાતનો સમય જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ એ કેટલા મોટા પ્રમાણમાં દોડધામ કરતા હતા તે અમે રમૂજથી નિહાળી રહ્યા હતા. ક્રાંતિની પ્રખર જ્વાળા સમા ગણાવાનો દાવો કરતા આ ભાઈ સેવાગ્રામમાં ગાંધીજીની માટીની નાની ઝૂંપડીમાં દાખલ થતાં પણ બીતા હતા!

કલાકેક એ ગાંધીજી સાથે રહ્યા.

તે જ મોડી સાંજે, અમારા અસલ ખૂણા આગળ ફરીવાર એ મળ્યા. મહાત્માજીની સાયંપ્રાર્થનામાં એમણે હાજરી આપી, તુરત જ એ અમારી પાસે આવ્યા. પણ એમનામાં કેટલું બધું જબ્બર પરિવર્તન આવી ગયું હતું! એમનો એ તોર ને આત્મ-પ્રતિપાદનની મોટીમોટી બૂમો–સર્વ કંઈ સાવ શાંત પડી ગયું હતું. અમારી સાથે એ શાંતિથી બેઠા. પડેલા ફરક વિશે અમારે પૂછવાનું થયું:

'કેમ શું થયું બાપુ સાથે?' અમારામાંના એકે પ્રશ્ન કર્યો: 'તમારા પ્રાંતમાં એમનું વર્ચસ્વ ઓસરતું જાય છે, એ વાત તમે એમને જણાવી કે નહિ?'

આશ્ચર્યકારક રીતે ક્ષમાયાચનાની સ્થિતિમાં એ હતા.

'આપણે કેટલા મૂર્ખ થઈ શકીએ છીએ એ તો તમે જાણો છો.' એમણે કહ્યું. અમને ભારોભાર આશ્ચર્ય થતું હતું.

'વાત શી છે?' અમારામાંના એકે પૂછવાની હિંમત કરી.

બાપુજીની નાની ઝૂંપડીની દિશામાં જોવા માટે એ ફર્યા. મંદમંદ નાનકડો દીવો બળી રહ્યો હતો. એના પ્રકાશમાં ફાઈલોના અધ્યયનમાં એ નાજુક સંતમૂર્તિ પરોવાઈ ગઈ હતી.

'બીજું કાંઈ નહિ પણ,' એમણે જવાબ વાળ્યો: 'આપણા દેશમાં પેલી નાની વ્યક્તિ જ સાચામાં સાચી ક્રાંતિકારી છે. વાદવિવાદ ને બૂમબરાડામમાં આપણે સમય ગુમાવીએ છીએ, જ્યારે એ વાતોને આચરણમાં મૂકે છે. શાંતિથી બોલાયેલા કેટલા જૂજ શબ્દોથી એમણે મને વાસ્તવિક જગતની નક્કરતા પર આણી દીધો! એ જ છે આપણા ઉત્તમોત્તમ વાસ્તવવાદી!'

ઉશ્કેરાયેલી હાલતમાં એ જણાયા. અમે પણ જાણે એ જ સ્થિતિમાં હોઈએ એવો દેખાવ કર્યો. મૂછમાં અમે હસી રહ્યા હતા.

પણ તે પછી તો એ ભાઈ ઝાઝું બોલ્યા નહિ. અમારે જે કંઈ કહેવા-કરવાનું હોય, તે સઘળું મૂંગેમોઢે સાંભળ્યા કર્યું. વિચાર-સંક્રમણમાંથી એ પસાર થઈ રહ્યા હતા, એ સ્પષ્ટ હતું. 'ખરેખર શુભ પરિણામની એ નિશાની છે,' એમ વિચારતા સૂવા માટે અમે અંદર દાખલ થયા.

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

શ્રીમત્ શંકરાચાર્યના ગ્રંથો :

વિવેકચૂડામણિ–સરળ ભાષાંતર સાથે ...	૧૬૦	૦–૧૨	૦–૨
મોહમુદ્‌ગર ને બીજાં દશ રત્નો– ...	૧૬૮	૧–૦	૦–૨
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો– ...	૨૦૦	૦–૧૨	૦–૨
સ્તોત્ર–સંગ્રહ–ભક્તિ ને વેદાંત–સ્તોત્રો ...	૨૨૦	૦–૧૦	૦–૨
સર્વવેદાંત–સિદ્ધાંત–સારસંગ્રહ ...	૨૨૪	૧–૪	૦–૩
ઉપનિષદો–૧૧૨–નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં			
એકાદશ ઉપનિષદ	૪૫૨	૨–૮	૦–૫
બૃહદારણ્યક ઉપનિષદ	૨૪૮	૧–૮	૦–૩
સો ઉપનિષદો–પહેલાં ૨૩ ઉપનિષદો મંત્રો સાથે-પછીનાં ૭૭નું માત્ર ભાષાંતર–સારરૂપે	૭૪૪	૪–૦	૦–૭
પંચીકરણ–મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ–ટીકા સાથે	૨૬૪	૨–૦	૦–૪
સૂર્યકાન્ત–અધ્યાત્મમાર્ગના સાધકને અત્યંત ઉપયોગી પુસ્તક	૨૫૨	૨–૦	૦–૪
જીવન્મુક્તિવિવેક–મુમુક્ષુઓ માટે પ્રાચીન ગ્રંથ ...	૨૨૦	૧–૪	૦–૨
મહાવાક્ય–રત્નાવલિ	૧૮૪	૦–૧૨	૦–૨
અષ્ટાવક્રગીતા–મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦–૮	૦–૧
વિદુરનીતિ–સરલાર્થ સાથે	૧૬૮	૦–૧૨	૦–૨
મનુસ્મૃતિ– ,, ,, ...	૬૪૦	૩–૦	૦–૬

આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો ...	૨૦૮	૦–૮	૦–૨
વૈદિક વિનય–૩૬૦ વેદમંત્રો વિસ્તૃત સમજૂતી સાથે	૮૪૦	૩–૧૨	૦–૮
બળવાન બનો !–કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ	૧૧૨	૦–૮	૦–૨
એકાદશ સ્કંધ–શ્રીમદ્ ભાગવતનો	૪૭૨	૧–૪	૦–૫
વિષ્ણુસહસ્રનામ–સરળ અર્થ સાથે	૧૨૮	૦–૪	૦–૧
ધમ્મપદ–સંપાદક : પં૦ બેચરદાસ દોશી: ...	૧૯૨	૧–૦	૦–૩
શાંતિપર્વ–મહાભારતનું–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ, જેમાં ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય ધર્મો વગેરે	૮૫૬	૭–૮	૦–૧૪

મહાભારત–દળદાર ૭ ગ્રંથોમાં રૂા. ૪૫)

'જેણે મહાભારત વાંચ્યું નથી, તેનું ભારતવાસી હોવું વ્યર્થ છે....'

- ૧–આદિ ને સભાપર્વ
- ૨–વન ને વિરાટપર્વ
- ૩–ઉદ્યોગ ને ભીષ્મપર્વ
- ૪–દ્રોણપર્વ
- ૫–કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
- ૬–શાંતિપર્વ
- ૭–અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રાસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ

કદ ૭॥×૧૦ : કુલ પાન ૫૨૦૮
પાકાં પૂઠાં : ૨૭ ચિત્રો સાથે

ટપાલ ખર્ચ રૂા. ૬)

આવા મોટા અક્ષરો

યોગવાસિષ્ઠ મહારામાયણ–વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ–આ છ પ્રકરણો–ચાર દળદાર ગ્રંથોમાં	૧૫૦૮	૧૨–૦	૨–૧
લઘુયોગવાસિષ્ઠ–બૃહદ્ યોગવાસિષ્ઠના સારરૂપ	૫૫૪	૨–૮	૦–૫
વિચારસાગર–(આ. બીજી)વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાન	૪૦૦	૩–૦	૦–૫
શ્રીમદ્ ભાગવત–બે ગ્રંથમાં ભાષાંતર,નવી ૧૧મી આ.	૧૨૪૦	૮–૦	૧–૬
ભગવતી(દેવી)ભાગવત–સરળ ભાષાંતર,મોટા અક્ષરો	૯૨૮	૬–૦	૦–૧૫

રામાયણ

ગિરધરકૃત રામાયણ—કર્તાની હસ્તપ્રત ઉપરથી ...	૭૬૨	૪–૮	૦–૧૦
તુલસીકૃત રામાયણ—(બે ભાગ) ૩૨ ચિત્રો	૧૨૦૦	૮–૦	૧–૫
વાલ્મીકિ રામાયણ—નવી આવૃત્તિ છપાશે.			

પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો

સ્વર્ગનું વિમાન—ભક્તિનો મહિમા સમજાવતા ૩૨૫ દા.	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગની કૂંચી—સદ્વર્તન રાખતાં શીખવનારો બોધ	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગનો ખજાનો—ભક્તિમાર્ગ સમજાવતા ૧૨૫ દા.	૩૧૨	૨–૦	૦–૪
સ્વર્ગનો પ્રકાશ—જ્ઞાન અને પરમાર્થની વાતો ...	૩૩૬	૨–૦	૦–૪
સ્વર્ગનો આનંદ—ભક્તિ ને તેના પ્રકારોની સમજ	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સીડી—મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનાં ૧૨ પગથિયાં	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સડક—સ્વર્ગના ટૂંકા ને સરળ રસ્તાનું સૂચન	૪૬૮	૨–૦	૦–૫
સંસારમાં સ્વર્ગ—સંસારને સ્વર્ગ બનાવતું પુસ્તક	૩૪૮	૨–૦	૦–૪
સાચું સ્વર્ગ—ભક્તિ ને જ્ઞાન વિષયક સાદી વાતો ...	૪૯૨	૨–૦	૦–૫

ભગવદ્ગીતાઓ

પુરુષાર્થબોધિની ગીતા—(બે ગ્રંથોમાં) મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને **પંડિત સાતવલેકરજીની** વિસ્તૃત ટીકા સાથે	૧૦૬૮	૧૦–૦	૧–૨
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા—જ્ઞાનેશ્વર મહારાજે રચેલી '**ભાવાર્થદીપિકા**' નામની, દૃષ્ટાંતોથી ભરપૂર, ભાવવાહી ટીકા, સરળ અર્થ સાથે ...	૭૯૨	૪–૦	૦–૮
જ્ઞાનસત્ર ગીતા—ગીતાના મૂળ શ્લોકો, પદચ્છેદ ને શબ્દાર્થ	૩૬૮	૧–૪	૦–૪
,, ,, —ગુજરાતી લિપિમાં, ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે	૩૬૮	૧–૪	૦–૪
શ્રીમદ્ ભગવદ્ગીતા—મોટા સુવાચ્ય અક્ષરો, સરલાર્થ સહિત ...	૨૪૮	૦–૧૨	૦–૩

શ્રીમદ્ ભગવદ્ગીતા–(આ. ૨૨મી) સરળ ભાષાંતર સાથે ગુટકો કદ ૩।।×૫।।	૩૫૨	૦–૮	૦–૨
(સંસ્કૃત પાઠ કરનારાઓ માટે ખાસ ઉપયોગી)			
भगवद्गीता मूळ मूळ–મોટા અક્ષર	૨૧૨	૦–૧૦	૦–૨
,, ,, –મધ્યમ અક્ષર	૨૦૦	૦–૭	૦–૧
पंचरत्न भगवद्गीता मूळ मूळ–મોટા અક્ષર	૩૬૮	૦–૧૪	૦–૨
,, ,, ,, –મધ્યમ અક્ષર	૨૦૦	૦–૮	૦–૨

જીવનચરિત્રો

કૈલાસપતિ હંસ મહારાજ–વેદાંત જેવા ગહન વિષયને દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે. ...	૨૮૦	૨–૮	૦–૫
સ્વામી આત્માનંદ સરસ્વતી-ઉપદેશો સાથે ...	૧૯૨	૧–૮	૦–૩
ભિક્ષુ અખંડાનંદ–પ્રેરણાદાયી વિસ્તૃત ચરિત્ર	૪૬૮	૩–૦	૦–૬
મહર્ષિ દયાનંદ–વિસ્તૃત ચરિત્ર	૧૫૨	૧–૮	૦–૨
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્ભુત ચરિત્ર	૬૦૮	૨–૮	૦–૫
સ્વામી વિવેકાનંદ–જીવનના પ્રસંગો આલેખતું ચરિત્ર	૭૮૪	૩–૦	૦–૭
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર તથા વેદાંતના ઉપદેશો	૬૭૨	૩–૦	૦–૭
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથો, વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૬–૮	૦–૧૫
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ–બે ચરિત્રો	૫૦૪	૨–૮	૦–૫
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર	૬૪૮	૨–૮	૦–૬
સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદનાં ચરિત્રો ...	૪૨૪	૧–૬	૦–૪
શ્રીરામચંદ્ર દત્ત ને નાગ મહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦	૦–૩
મ૦ સરયૂદાસજી, ભૂધરભક્ત ને જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦	૦–૩
ભક્તચરિત્ર–ભક્તમાળમાં નહિ આવેલાં ચરિત્રો ...	૫૨૮	૨–૮	૦–૫
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૨જો–૭૦ ટૂંકાં ચરિત્રો	૬૨૪	૨–૮	૦–૭
ભારતના વીર પુરુષો–૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪	૦–૪
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો–મારવાડના રજપૂત યુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત	૩૦૪	૧–૦	૦–૩

સંત-વાણી

સંતની વાતો– ધર્મ, નીતિ વગેરેનાં દૃષ્ટાંતો સાથે ૨૬૪ ૧-૮ ૦-૪

પરિચિત પદસંગ્રહ–૧૧૨ ભક્તોનાં ૬૬૭ ભજનો ૪૦૦ ૧-૧૨ ૦-૪

મીરાં અને નરસિંહ–(સં૦ ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ
દિવેટિયા)પસંદ કરેલાં ૧૬૩ ભજનો ને પદો ૧૦૪ ૦-૧૨ ૦ ૨

અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ સાથે ... ૫૦૪ ૩-૦ ૦-૬

દીવાને સાગર–સંત સાગર કૃત ૪૮૦ ૪-૮ ૦-૫

શ્રીભજનસંગ્રહ–જુદાજુદા સંતોનાં ૩૩૬
ભજનોનો સંગ્રહ ૨૪૦ ૧-૦ ૦-૩

પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના
ઇત્યાદિનો સંગ્રહ ૫૬૦ ૨-૮ ૦-૪

કર્મગાથા–કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ ૨૪૦ ૧-૦ ૦-૩

तुकाम्हणे–પસંદ કરેલા અભંગો, મરાઠીમાં ... ૧૨૦ ૦-૫ ૦-૨

સ્ત્રી તથા બાળોપયોગી ગ્રંથો

પાકશાસ્ત્ર–સ્વાદિષ્ટ વાનીઓ બનાવવાની રીત ... ૨૬૪ ૨-૮ ૦-૪

નળાખ્યાન–મહાકવિ શ્રી પ્રેમાનંદકૃત ... ૧૩૬ ૧-૦ ૦-૩

ઓખાહરણ–મહાકવિ શ્રી પ્રેમાનંદકૃત-મોટા
અક્ષરોમાં-અઘરા શબ્દોના અર્થ સાથે ... ૧૧૨ ૦-૮ ૦-૨

શ્રીશારદામણિદેવી–(ચરિત્ર) લે૦ આનંદ ચૈતન્ય: ૧૦૪ ૦-૮ ૦-૨

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન,
વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર,
શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ ઇ૦ અનેક વિષયો ૨૬૪ ૧-૮ ૦-૪

ટૂંકી વાર્તાઓ–ગ્રં.૧લો–સામાજિક નિર્દોષ ૬૬ વાર્તાઓ ૫૮૮ ૨-૮ ૦-૬

,, ,, –ગ્રંથ ૨જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાર્તાઓ ૫૭૬ ૨-૮ ૦-૪

,, ,, –ગ્રંથ ૫મો–સ્ત્રી-પુરુષો માટે જરૂરી ૫૬ વાર્તાઓ ૪૦૮ ૨-૮ ૦-૪

,, ,, –ગ્રંથ ૬ઠ્ઠો–સર્વ માટે ઉપકારક ૮૬ વાર્તાઓ ૭૨૦ ૨-૯ ૦-૬

ભારતની દેવીઓ–ગ્રંથ ૧લો-પ્રાચીન યુગની ૧૩૩ સતીઓ	૭૩૨	૩–૦	૦–૬
,, ,, –ગ્રંથ ૨જો–મધ્યયુગનાં ઐતિહાસિક ૨૪૯ ચરિત્રો	૭૩૨	૩–૦	૦–૭
,, ,, –ગ્રંથ ૩જો–મધ્યયુગ ને અર્વાચીન ૧૬૬ ચરિત્રો	૮૦૪	૩–૦	૦–૮
બાલભારત–(સચિત્ર) સંક્ષિપ્ત મહાભારત ...	૨૮૮	૧–૮	૦–૪
બિરબલ અને **બીજા**–લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે : બાદશાહ			
અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ	૨૮૦	૧–૮	૦–૩
બાળસદ્બોધ–(સચિત્ર) વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૮	૦–૮	૦–૨
ગુલિસ્તાઁ–સુબોધપુષ્પવાટિકા–મહાત્મા શેખસાદીકૃત	૧૩૬	૦–૫	૦–૨
સદ્ગુણી બાળકો–(સચિત્ર)૬૯ ખરા બનાવોનો સંગ્રહ	૧૩૬	૦–૮	૦–૨
બાળકોની વાતો–ભાગ ૧લો–બોધપ્રદ ૨૧ વાતો	૮૪	૦–૬	૦–૨
,, ,, –ભાગ ૨જો–બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ	૨૬૪	૦–૮	૦–૪
આદર્શ દૃષ્ટાંતમાળા–(૧) બોધક ૪૨૪ ટૂંકાં દૃષ્ટાંતો	૪૩૨	૨–૦	૦–૪
,, ,, –(૨) ,, ૪૨૫ ,, ,,	૪૫૬	૨–૦	૦–૫

પ્રકીર્ણ સાહિત્ય

•**ખેતીનાં મૂળ તત્ત્વો**–ભાગ ૧લો–			
(જમીન, પાણી ને ઓજાર)	૧૧૬	૧–૦	૦–૨
* ,, ,, ,, –ભાગ ૨જો–(ખેડ, ખાતર ને બીજ)	૧૧૨	૧–૦	૦–૨
× ,, ,, –ભાગ ૩જો–(કીટક, રોગ અને પશુ)	૧૬૮	૧–૮	૦–૨
જીવનસંગ્રામ–નંદલાલ શાહ :	૮૦	૦–૮	૦–૨
ભારતીય સંસ્કૃતિ–લે. કનૈયાલાલ મા. મુનશી : ...	૧૩૨	૦–૧૨	૦–૨
સુવર્ણયુગ–લે૦ કનૈયાલાલ મા૦ મુનશી : ...	૫૨	૦–૮	૦–૨
સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો–૮૫ બોધદાયક પત્રો	૨૪૮	૧–૪	૦–૨
આત્મનિરીક્ષણ અને **સંકલ્પ**–લે૦ રમણલાલ વ૦ દેસાઈ :			
સ્વસુધારણાની પ્રેરણા આપતું પુસ્તક (બીજી આવૃત્તિ)	૧૬૮	૧–૦	૦–૨
સાહિત્યપ્રારંભિકા–લે. હિંમતલાલ ગણેશજી અંજારિયા:	૧૪૪	૧–૦	૦–૨
ગુજરાતની ગઝલો–દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત			
જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ...	૧૮૦	૧–૦	૦–૨

• આ બંને પુસ્તકો પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર થયાં છે.
× ઈતર વાંચન માટે મંજૂર થયું છે.

કચ્છની લોકવાર્તા—શ્રી. ડુંગરશી ધરમશી સંપટકૃત
રજપૂતયુગની કચ્છ દેશની ઐતિહાસિક ઘટનાઓ ૩૫૪ ૨–૦ ૦–૪

ચેતના અને પ્રેરણા

અંતરની વ્યથા—લે૦ 'સોપાન' : ૫ આત્મકથાઓ ૧૯૨ ૧–૪ ૦–૩
સુબોધકથાસાગર—બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪૬૪ ૨–૦ ૦–૫
આગળ ધસો—('પુશિંગ ટુ ધી ફ્રન્ટ'નું ભાષાંતરઃ આ. ૩જી) ૪૧૮ ૨–૮ ૦–૫
સુખી જીવનનાં સાધન—આનંદી જીવન માટે ઉત્સાહપ્રેરક ૩૧૨ ૧–૮ ૦–૪
કતલખાનું—શ્રમજીવીઓનાં દુઃખ તથા ધનિકોની નિર્દયતા
દર્શાવતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ... ૬૯૬ ૩–૦ ૦–૬
શુભસંગ્રહ—(ભા. ૨) દવાઓ ને ઉપયોગી માહિતી, ૧૪૮ લેખો ૫૪૪ ૨–૮ ૦–૫
" —(ભા. ૯) " " " ૧૬૫ લેખો ૭૩૬ ૨–૮ ૦–૬

આરોગ્ય અને વૈદક

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—અનેક
વનસ્પતિઓના ગુણદોષ ને ઉપયોગ તેમ જ રોગો,
તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૮૩૨ ૬–૦ ૦–૧૩
ખોરાકના ગુણદોષ—લેખકઃ ડૉ. રસિકલાલ જે. પરીખઃ આયુ-
ર્વેદ પદ્ધતિથી આપણા રોજના ખોરાક માટે માર્ગદર્શન
આપતું પુસ્તક—સુધારાવધારા સાથે નવી આવૃત્તિ ૧૦૦ ૦–૧૦ ૦–૨
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન—લે૦ મ૦ ગાંધીજી :
શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં,
પાણીના તથા માટીના ઉપચાર, ગર્ભવેળા સ્ત્રી-
પુરુષનું કર્તવ્ય વગેરે બાબતો ૧૨૮ ૦–૧૦ ૦–૨
વૈદક સંબંધી વિચારો—ભાગ ૨જો : ઉપયોગી ૧૨૮ લેખો ૪૩૨ ૧–૧૨ ૦–૫

આયુર્વેદ નિબંધમાળા-ભાગ-૧,૨ (વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત) આયુર્વેદ ચિકિત્સાપદ્ધતિએ અનેક રોગ, તેમનાં લક્ષણ, કારણ ને સચોટ ઉપચારો સમજાવતા ગ્રંથો ૧૧૫૨ ૪-૪ ૦-૧૦

અન્ય પ્રકાશનો

કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા-લે૦ જયકૃષ્ણ ઈંદ્રજી ઠાકર: ૫૬૬ ૧૦-૦ ૧-૫

માણિક્યસ્મૃતિ-લે. માણેકલાલ જમનાદાસ મ્હેલારજી: ૫૫૨ ૨-૦ ૦-૪

શ્રીજ્ઞાનસૂર્યોદય-પૂર્વાર્ધ ભાગ ૩, ,, ૧૪૪ ૧-૦ ૦-૨

શ્રીજ્ઞાનસૂર્યોદય-ઉત્તરાર્ધ ભાગ ૩, ,, ૧૧૦ ૦-૧૦ ૦-૨

શ્રીજ્ઞાનસૂર્યોદય-ઉત્તરાર્ધ પ્રથમ ભાગ (જ્ઞાનયોગ),, ૨૧૪ ૨-૦ ૦-૩

જ્ઞાનસૂર્યોદયાખ્ય-મહાગ્રંથપ્રવચન ૨૭૨ ૧-૮ ૦-૪

બ્રહ્મમીમાંસાજયોતિ-બ્રહ્મસૂત્ર શારીરિક ભાષ્ય સહિત ૫૯૨ ૫-૦ ૦-૮

ઉપનિષદ જ્યોતિ ભા. ૧લો } મુખ્ય મુખ્ય પંદર ઉપનિષદોનું ભાષાંતર
,, ,, ભા. ૨જો } વિસ્તૃત ટીકા સાથે ૭૮૮ ૮-૦ ૦-૧૨

ભગવદ્ગીતા જ્યોતિ-ગીતાનું ભાષાંતર ટીકા સહિત-જેમાં પુસ્તકની છેવટે મૂળ ભગવદ્ગીતા આપી છે. ૨૮૫ ૩-૦ ૦-૫

ચિત્રો ઇત્યાદિ

જ્ઞાનપટ, સોપાનપટ, જ્ઞાનબાજી ૧૮×૨૪ ૦-૧ ૦-૧

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦-**અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે **મુંબઈ-૨**